'લબન્ધુ'ની ૬-૭ વર્સ (સં. ૧૯૭૦-૭૧)ની ભેટ.

ગોપકાવ્યો.

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા.
અને
ચુનીલાલ રામચંદ્ર શેલત.

પાટીદારયુવકમંડળ.

કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય સમસ્ત પાટી કોમની નિસ્વાર્થે સેવા બજાવવાને સાત વરસથી આ મંડ સ્થાપના કરવામા આવી છે અને તેણે "પટેલબન્ધુ," "પા બોર્ડિંગહાઉસ,' અને "પાટીદાર પરિષ્દ" દ્વારા પોતાની નિષ્ઠા અને સેવાપરાયણતા સિદ્ધ કરી બતાવી છે

સભાસદનુ વાર્ષિક લવાજમ ત્રણ રૂપિઆ છે, અને તે "પટેલબન્ધુ" માસિક તથા મંડળ તરફથી પ્રકટ થતા પુસ્તક િ મૂલ્યે પહોચાડવામા આવેછે આજ સુધીમાં જુદા જુદા વિભાગોમાં ૧૨૫ જ્ઞાતિબધુઓ તેમા જોડાયા છે

આ મંડળમા દાખલ થઈ જ્ઞાતિસેવાના સત્કાર્યમા મદદ ક સર્વ જ્ઞાતિબધુઓને વિનતિ છે

પાટીદારયુવકમંડળની ઑફીસ, સુરત } ચંદુલાલ બહેચરલાલ પટેલ ઑનરરી પ્રેસિડેન્ટ "પા યુ મડ"

યુવકમંડળપાટીદારબોર્ડિંગહાઉસ–સૂરત.

દાનનું ઉત્તમ ક્ષેત્ર

ત્રણજ વરસમા આ સંસ્થાએ પોતાની ઉપયોગિતા બતાવી આ છે તેના મકાન ફંડમા અઢીસો અઢીસો રૂપીઆની ૫ દર કોટડી નોંધ ગઇ છે કોટડી બધાવનારનુ નામ આરસની તકતીપર કોતરાવી કો ૫૨ તથા ૫૧ રૂપિઆ અને તેથી વધુ ભરનારના નામની ત લાયબ્રેરી હૉલમાં ચોઢવામાં આવશે બે કે ત્રણ જણ મળીને કોટડી બધાવી શકાય છે સારે માઠે પ્રસગે કઈ પણ દાન તો આ સસ્થાને એક પાઇ પણ મોકલવા વિનતિ છે

સુરત. } મત્રી, પા યુ. મંડળ

પાટીદારયુવકમંડળગ્રંથમાળા, મણકો, ૫.

ગોપકાવ્યો.

(માર્ગદર્શક ટીકા તથા શ્રીયુત રણજીતરામ વાવાભાઇ મહેતા, બી. એ., એમની પ્રસ્તાવના સાથે.)

સંગ્રહકર્તા,

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા,

'બાલ-પ્રાર્થના'ના સગ્રહ કરનાર.

ઑન. સુપ્રિન્ટેન્ડન્ટ-'પાટીદારબોર્ડિંગહાઉસ' સૈયદપરા, સુરત.

અને

ચુનીલાલ રામચંદ્ર શેલત,

'કાવ્યોદ્યાન'ના કર્તા.

મુ ઉમરેઠ, હાલ-સૈયદપરા, સુરત.

પ્રકાશક,

કુંવરજી વિઠ્ઠલભાઈ મહેતા,

તંત્રીઃ-'પટેલબન્ધુ,' પારસીશેરી, સુરત.

પહેલી આવૃત્તિ.

સંવત, ૧૯૭૦. સને, ૧૯૧૪.

કિંમત આઠ આના.

Mine be a cot beside the hill;
A bee-hive's hum shall soothe my ear;
A willowy brook that turns a mill,
With many a fall shall linger near.

The swallow, oft, beneath my thatch
Shall twitter from her clay-built nest;
Oft shall the pilgrim lift the latch,
And share my meal, a welcome guest.

S. Rogers.

છાપનાર--મટુભાઈ ભાઇદાસ.
છાપવાનું ઠેકાણું--ખુ અ. ના ધી સુરત જૈન
પ્રિન્ટીગ પ્રેસ-ખપાટીઆ ચકલા, સુરત.
પ્રસિદ્ધકર્તા--કુંવરજી વિઠ્ઠલભાઈ મહેતા.
પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણું, 'પટેલબન્ધુ' ઑફીસ, પારસીશેરી, સુરત.

અર્પણપત્રિકા.

વિદ્વદ્વર્ય શ્રીમાન્ વિઠ્ઠલદાસ ધનજીભાઈ પટેલ,

નડિઆદ.

પૂજ્યશ્રી,

આપ એક સુપ્રસિદ્ધ વિદ્વાન્ છો, ઇતિહાસાદિ વિષયના પ્રવીણ શોધક અને સમર્થ લેખક છો, વૃદ્ધ છતાં પૂર્ણ પ્રેમથી અવિરત સાહિત્યપ્રવૃત્તિ કરી રહ્યા છો, અમારા "પાટીદાર યુવક-મંડળ," અને તેની સત્પ્રવૃત્તિઓ તરફ મમતા ભરી મીઠી નજરથી જુઓ છો, અને તેની ઉન્નતિ થતી જોવા ઉત્કંઠિત છો, તેમજ વિશેષમાં જે સાદુ, સરળ, પવિત્ર, અને પરમાર્થી જીવન આ કાવ્યસંગ્રહમાં આલેખાયું છે, તેને અનુરૂપ જીવન આપ ગુજારો છો, તેથી આકર્ષાઈ આ 'ગોપકાવ્યો'નો સંગ્રહ આપનેજ સવિનય અર્પી કૃતાર્થ થાઉં છું.

આપનો નમ્ર સેવક,

કુંવરજી વિઠ્ઠલભાઈ મહેતા,

તંત્રી, 'પટેલબન્ધુ.'

સંગ્રહકર્ત્તાના બે બોલ.

છેલ્લા દશકાથી રસિક વિદ્વાનોએ વિવિધરંગી કાવ્યકુસુમોની કલગીઓ ગૂંથવાની પ્રવૃત્તિ આદરી છે, તેઓની વચમાં આ એકરંગી પુષ્પોની છાબ ગુજરાતના રસિકવર્ગ સમક્ષ મૂકવામાં આવે છે, તે બિનજરૂરી નહિજ ગણાય જેમ વિવિધ કલાકૌશલ્ય યુક્ત અન્ય જ્ઞાતિઓની સાથે ઉભા રહેવાનો સાદા, ભોળા, ઉદ્યોગી ખેડુતને હક છે, તેમ કોઈ પણ દેશની કવિતામાં ગ્રામ્યજીવન ગુજારનાર કૃષિવલો, ગોવાળીઆઓ, અને એવા બીજા સરળ, નિર્દોષ, અને પવિત્ર આત્માઓના જીવનની કવિતાને પણ સ્થાન હોવું જોઇએ તેમનુ પ્રકૃતિની સાથે તન્મયતા કરી રહેલુ સાત્વિક, મધુર જીવનજ કવિત્વમય છે, તો તદ્વિષયક કવિતાનુ તો પૂછવુ જ શું?

અંગ્રેજી કાવ્યસાહિત્યમાં ગોપકાવ્યો (Pastorals) માટે ચોક્કસ સ્થાન છે અમુક અંગ્રેજકવિઓની કાવ્યધારા એજ દિશાએ વહન કરી રહેલી છે. ગુજરાતી સાહિત્યમાં છેક તેમ નથી, છતાં ગ્રામ્યજીવનના સુંદર ચિત્રો કેટલાક કવિઓએ અંકિત કર્યાં છે, તેમનો અહી સંગ્રહ કરવામા આવ્યો છે. ગ્રામ્યજીવન ગાળનાર માનવબંધુઓમા બીજ રૂપે રહેલા સત્ સંસ્કારો અધિક પોષાય, અને તેની સચોટ સ્થાયી છાપ તેમના હૃદયપટ પર પડી તેમને ઉચ્ચ-ગામી થવા પ્રોત્સાહિત કરે, તેમજ શહેરો અને નગરોમાં વસનાર રસિક હૃદયોને ગામડાંની કુદરતી, સરળ જિંદગીની પ્રતીતિ થાય, અને તેને પરિણામે નગર અને ગ્રામવાસી માનવબંધુઓ વચ્ચેના

ભેદના પડદા ચિરાય, ને તેઓ એકમેકના જીવનમાં રસ લેતા થઇ પ્રગતિ સાધે, એ આ સગ્રહ કરવાનો હેતુ છે સંગ્રાહકોની આ નેમ કેટલે અંશે પાર પડી છે, તે જોવાનુ કામ વિચારશીલ વાચકોને સોંપીએ છીએ

આવી જાતના સગ્રહનો આ પ્રથમ પ્રયાસ હોવાથી બની શકે તેટલી તપાસ કરવા છતાં, અને પરિશિષ્ટમા પાછળથી ઉપલબ્ધ થયેલાં કાવ્યો ઉમેરવા છતા, કેટલાંક સારા કાવ્યો રહી જવા પામ્યાં હશે. આ પ્રયાસ આદર પામશે, અને એના ભાગ્યમાં દ્વિતીય સસ્કરણ લખાયુ હશે, તો તે પ્રસગે રહેલી ત્રુટી પૂરવા પ્રયત્ન થશે. વિદ્વાન્ વાચકો તે દરમિઆન તે સબધે યોગ્ય સુચનાઓ કરી ઉપકૃત કરશે, એવી આશા છે

આ સગ્રહને ઉપયુક્ત સામગ્રી 'સુન્દરીસુબોધ' અને 'પટેલ બધુ'માથી સારી મળી છે; તે સિવાય જે જે માસિકો, સગ્રહો, પુસ્તકો, અને લેખકોની ખાનગી નોધપોથી વગેરેમાથી ઉપયોગી સામગ્રી મળી શકી છે, તે બદલ તેમના તત્રીઓ અને લેખકોનો ઉપકાર થયો છે

આ પુસ્તકનો મોટો ભાગ 'પટેલબન્ધુ'ના ગ્રાહકોને ભેટ તરીકે આપવાનો હોવાથી તે વર્ગને સમજ પડે એવી સરળ જોડણી કરવા માટે મૂળ લેખકની જોડણીમાં કેટલાક ફેરફાર કરવાની છૂટ લીધી છે, તે ક્ષંતવ્ય ગણાશે

કાવ્યોની પસંદગીથી માંડીને ટીકા લખવાના અને પ્રુફ સુધારવાના કંટાળા ભર્યા કામમાં પણ વારવાર મદદ કરવા બદલ ભાઇ

નર્મદાશંકર બાલાશંકર પંડયાનો, પુસ્તક છપાયા પહેલાં બધું લખાણ તપાસી જઈ આવશ્યક સુધારો વધારો કરવાની સૂચના બદલ 'સુન્દરીસુબોધ'ના તંત્રી ભાઈશ્રી રામમોહનરાય જશવંતરાય દેસાઈનો તેમજ ભાઈ ચંદુલાલ બહેચરલાલ પટેલનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. પ્રસ્તાવના લખી આ સંગ્રહની પિછાન વાચકોને સુંદર રીતે કરાવવા બદલ ભાઈશ્રી રણજીતરામ વાવાભાઈ મહેતા, બી. એ., એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો જ છે

સુરત, પાટીદારબોર્ડિંગહાઉસ,
દીપોત્સવી, વિ. સં. ૧૯૭૦.

સંગ્રહકર્ત્તાઓ.

પ્રસ્તાવના.

આપણા ગુજરાતના ઉદયની ઉષા ઝળઝળવા માંડી છે. નવુ ચેતન, નવો તનમનાટ, નવો ઉત્સાહ, નવો આગ્રહ સ્થળે સ્થળે પ્રવર્તતાં જાય છે.

વ્યક્તિઓ અને વ્યક્તિઓના સમૂહ પોતપોતાની ઉન્નતિ સાધવા અને એ રીતે દેશની અને દેશનિવાસી લોકોની ઉન્નતિ સાધવા નાના પ્રકારના પ્રયત્નો કરે છે.

આવા પ્રયત્નોના પ્રેરક તથા ફલરૂપે વિવિધ કોટિના આદર્શ આપણા દેશના વાતાવરણમાં તરવરી રહ્યા છે.

વ્યક્તિની ઉન્નતિ વ્યક્તિ માટેજ નથી, તરેહ તરેહના સબધ-વાળા વ્યક્તિઓના સમૂહ માટે જ નથી, પણ દેશ સમગ્રની ઉન્નતિ અર્થેજ છે. તેમ 'દેશ' સંજ્ઞા સાર્થક કરતી પ્રત્યેક વ્યક્તિની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ પણ નથી

આ યુગના બે મ્હોટા મત્ર છે, દેશભક્તિ અને લોકાધિપત્ય. જે દેશમાં જન્મ થયો હોય તેની સસ્કૃતિ ખીલવવા, તેની સુખ સમૃદ્ધિ વધારવા પ્રેરનાર બળ તે દેશભક્તિ. જેમનાથી દેશ અસ્તિ-ત્વમા આવે છે તે પ્રત્યેક વ્યક્તિ આ બળથી પ્રજ્વલિત હોય, અને દેશની સાચેસાચી ઉન્નતિ આણવા એ બળ વાપરવું હોય, તો પ્રયત્ન માત્રની પ્રેરણા હૃદયે હૃદયે જન્મવી જોઈએ, અને તેનો નિર્વાહ સર્વેએ એકલાં અને સાથે મળી કરવો જોઈએ. પોતાનું અને સર્વનુ ભાગ્ય ઘડવાનું આમ પોતાના તેમજ સર્વમાં સમાયલા પોતાના હાથમાં આવવું એ લોકાધિપત્ય. ભાગ્ય ઘડવાની સત્તા

સર્વેના હાથમાં છે; જન્મ, લક્ષ્મી, સંસ્કારિતા કે પદવીથી મળેલી શક્તિનાજ હાથમા નથી એ શક્તિ મેળવવાનો, પોતાની અને પોતાના દેશની ઉન્નતિ સાધવા એ શક્તિનો ઉપયોગ કરવાનો સર્વે દેશજનને આજન્મ પ્રાપ્ત હક છે, હક છે એટલુંજ નહિ પણ ધર્મ પણ છે.

ધર્મ અને હક હોવાથી સત્તા એકદમ પ્રત્યેકના હાથમાં આવી જતી નથી. એને પ્રયાસથી, આહુતિથી, યોગ્યતાથી મેળવવી પડે છે.

ધર્મ અને હકનુ વાસ્તવિક ભાન થવા, તેમના પરિપાલનં માટે પ્રયાસ કરવાની વૃત્તિ થવા, એ પ્રયાસોને આગ્રહથી પાર ઉતારવા, જરૂર પડે પોતાની વાસનાઓની આહુતિ આપવા,-અને આ સર્વમા (ઓતપ્રોત) અમાનુષી સત્તા મેળવવા જ્ઞાનસપન્ન થવુ ઘટે છે.

શિક્ષણ વિના જ્ઞાનની પ્રાપ્તિ નથી શિક્ષણ મેળવવાની અનુકૂળતા જેમ જેમ અને જેટલી જેટલી વધતી જાય તેમ તેમ ઉન્નતિનાં પગલાં વ્હેલા ઉપડવાનાં આપણી હાલની પરિસ્થિતિમાં એ અનુકૂળતા ભિન્ન ભિન્ન માર્ગે મેળવી શકાય છે

દીર્ઘદર્શી, ઉદાર, ઉન્નતિપ્રિય અંગ્રેજ સરકારે દેશમાં ઠેર ઠેર શિક્ષણમદિરો સ્થાપી એક માર્ગ અનુકૂળ કરી આપ્યો છે જેઓ આ અનુકૂળતાનો લાભ લેવા નાનાવિધની અડચણોથી અસમર્થ હોય તેમને યોગ્ય મદદ આપી સમર્થ કરવા નિર્દિષ્ટ પ્રયાસોમાંના કેટલાક મથે છે

શિક્ષણ લીધેલા અથવા લેતા જનોનો, એ વિષયપરત્વે અને જે લક્ષ્યનું સાધન શિક્ષણ છે તેપરત્વે, રસ ઉત્તેજિત રાખવા, તેનો પ્રવાહ વિપુલ ફલદ્રુપ કરવા વાચનસામગ્રીની લ્હાણી નિરન્તર કરી

શકાય છે. શિક્ષણવિમુખ જનો પણ એ લ્હાણીનો લાભ થઈ શકે છે. આંખ જે લ્હાવો માણવા અશક્તિમાન હોય છે તે કાન માણી શકે છે.

કવિતા ઉક્ત સામગ્રીનો એક પ્રકાર છે વાચન અને ગાયનથી તે સર્વત્ર પ્રસરી શકે છે, તેના ભોક્તાઓના હૃદયને સ્પર્શી તેમનું અને તેમના વંશજોનુ જીવન સંસ્કારી કરી શકે છે

ગુજરાતના ખેડુતોની ઉન્નતિ કરવા જે મંડળે સુરતમાં ખેડુ વિદ્યાર્થીઓ માટે છાત્રનિવાસ સ્થાપ્યો છે તે મંડળ, વિદ્યાર્થીજીવન-માંથી ઉત્તીર્ણ થએલા અને વિદ્યા પ્રાપ્ત કરવાના ભાગ્યથી હીન જનોમાં પોતાનો આદર્શ વિશેપ પરિચય મેળવે એવા ઉદ્દેશથી 'પટેલબન્ધુ' નામનું માસિક પ્રગટ કરે છે એ પત્રદ્વારા પ્રગટ થતા આદર્શને અર્કરૂપે અને સંગ્રહિત સ્વરૂપમાં સર્વને સુલભ કરવા ગુજરાતી સાહિત્યની ફુલવાડીમાંથી કેટલાક ફુલો તોડી રા રા. કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા અને રા રા. ચુનીલાલ રામચંદ્ર શેલતે ગુચ્છ ગુંથ્યો છે. આ પુષ્પોને મકરંદ, પરિમલ, રંગ, રૂપ આદિથી પ્રકૃતિએ વિભૂષિત કર્યા છે. છતાં પ્રકૃતિએ અર્પેલી સંપત્તિનો પરિચય કરાવવાનુ કાર્ય મને સોંપવામા આવ્યુ છે. જે વર્ગને એ પરિચય કરાવવો છે, તેમનો મને ખાસ અનુભવ નથી. એમના માનસવ્યાપાર, વાતાવરણ આદિથી હુ તદ્દન અજ્ઞાત છું, તોપણ ગુજરાતના વતનીઓમાથી કોઈ પણ સમૂહની ઉદયગામી પ્રવૃત્તિમા યથાશક્તિ સાહાય્ય કરવાનો ગુજરાતી તરીકે મ્હારો મનુ-ષ્યધર્મ હોવાથી મને સોંપાયલી સેવા સ્વીકારી છે.

દેશમાં વ્યાપતા ચેતનની જે રૂપરેખા પ્રારંભમાં આંકી છે તે

ચેતનના અંશ રૂપે જે ભાવના આ સંગ્રહમાં વસેલી છે તેની ટુંકી મીમાંસા કરીશું.

ખેડુતનુ જીવન કેવા પ્રકારનુ છે? કયા લક્ષણોથી એ ઉજ્જવલ છે? કાવ્યાંક ૨૯, ૩૯, ૪૦, ૪૪, ૬૦, ૬૨, ૬૭, વગેરે જોવાથી સ્પષ્ટ થશે કે સાદાઈ, ઉદારતા, પરોપકાર, દીલની મ્હોટાઈ, આત્મવિલોપન, સંતોષ, દયા, આત્માવલંબન, આરોગ્ય આદિથી ખેડુતનું જીવન 'સ્વર્ગસુન્દર' છે એના સ્વર્ગમા બે દાનવો છે, રાજપુરુષો તરફથી વેઠવી પડતી હાડમારી અને કુદરત તરફથી ખમવા પડતા કેર આમ આસુરી સંપતથી હેરાન હેરાન થવા છતા તેનુ દેવત્વ સ્હેજ પણ ઝાંખુ થતુ નથી, પ્રકૃતિમાતા રૌદ્ર રૂપ ધારણ કરી ખેડુતને પાયમાલ કરે છે તેમ સૌમ્ય રૂપે ન્યાલ પણ કરે છે. રાજપુરુષો રાજભાગ માટે એને કનડે છે, તો એની નાનાવિધની આપત્તિઓના પ્રતીકાર પણ તેઓજ શોધે છે–એના સુખની યોજનાઓ તેઓજ ઘડે છે. પ્રકૃતિ રૂઠે છે ત્યારે રાજપુરુષો એની વ્હારે આવી પ્રકૃતિના કોપની અસર નકામી કરી નાખે છે. પ્રકૃતિની શક્તિઓને વશ કરી, રાજપુરુષો એવી એવી યોજનાઓ ખેડુત માટે કરે છે કે પ્રકૃતિના ચંચલ પ્રસાદ પર ખેડુતની આબાદીને આધાર રાખવો પડતો નથી.

આવા સંજોગોમા પ્રકૃતિના નિરન્તર સહવાસમાં તે પોતાનું જીવન ગાળે છે. પ્રકૃતિ પ્રભુનું મહામન્દિર છે. આ મહામન્દિરમાં એ જીવન ઉચ્ચ લક્ષણોથી પ્રકાશિત રહે છે એ સ્વાભાવિક છે.

ખેડુ જીવનને આ સંગ્રહમાં **સાદાજીવન**ના વિશેષણથી અનુ-

લક્ષિત કરવામાં આવ્યું છે. સાદાઈનું પ્રકીર્ત્તન અન્વય વ્યક્તિરેકથી કરવામાં આવ્યું છે. ખેડુનો નિવાસ પ્રાય ગામડાંઓમાં હોવાથી એના ગ્રામ્યજીવનને નગરજીવનથી સરસું બતાવવામાં આવ્યું છે.

"આ નારી ન્હોતી નગરવાસી ફિક્કી પાણ્ડુ વર્ણની,
મજબૂત શરીરે ગામડાની લોહી ભરી મહિલા હતી;
સહવાસ જેનો જીવન અર્પે, જીવન ઉત્સાહે ભરે,
મુખચન્દ્ર જેનો પ્રકટ થઈ, ગ્લાનિતિમિરને સંહરે.

*　　　*　　　*

કો નગરગૃહ વિશાલ પણ જ્યાં સૂર્ય વાયુ ન સંચરે,
માનવ તણી જ્યા કુશલતા, સુફીજ દૃષ્ટિએ પડે;
આ સ્થળ કદી પકવાન ખાઓ, ને મશાલા જો તમે,
પણ તે સહુ આ રોટલા ને દૂધ આગળ તુચ્છ છે" પૃ ૨૦

" જોયાં બહુ ધનિક શ્હેર મહી કુટુમ્બો:
નિશ્ચિત એ સુખવિલાસ અનેક મ્હાણે;
સંતોષ તોય નજરે ન પડ્યો જ તેમાં,
એ આજ સર્વ શીખવ્યુ અહી ડોશી માએ" પૃ ૪૧

"શ્હેરો ને શ્હેરી રોગો ને કતાયેલાં શ્હેરી તન,
ટુંકાં જીવન, નિર્બળ કલુષિત શિથિલ બિચારાં શ્હેરી મન.
શ્હેરી ગરીબી, શ્હેરી સુસ્તી, વ્યર્થ શ્હેરી તણી જંજાળ;
શ્હેરી પાપો, શ્હેરી જૂઠાણાં, શ્હેર તણા કલહો કંગાળ." પૃ. ૪૬.

"તાજી, સુખદ, ચોખ્ખી હવા શી ! મગજ–તન વિકસાવતી,
રે ! ભોગવે ખેડુત તે છે ધન્ય ! જીવન સર્વથી." પૃ. ૫૨.

જશમા કહે છે "રાજા કામ કરી ખાવું ગમે રે,
મુજને બેસી રહેતાં વાધે અંગે રોગ,
મારા નવરા દહાડા બેઠે નવ નીઠે કદી રે.

* * *

નગરે અંધારી શેરી ને ઉંચી મેડીઓ રે, પૃ. ૫૭.

* * *

રાજા મેલાં મન માણુસના મેલાં શ્હેરનાં રે,
મેલી ગલીઓમાં બહુ મારે છે દુર્ગંધ,
મેલા ઝેર તણા જીવો તે જીવે ઝેરમાં રે." પૃ. ૫૮.

"શી સુન્દર ને સુખકાર અમારી પર્ણકુટી
થઈ રહે સ્વર્ગ સંસાર, મલિનતા દૂર બધી,–

* * *

આયુર્વર્ધક મીઠો વાયુ, સૂર્ય કરે છે સ્વચ્છ પ્રવેશી પર્ણકુટી–

* * *

શાન્તિ અનુપમ મળતી અહિંયાં, મન રહે છે સંતુષ્ટ રે,
પ્રેમ વસે છે સહુને અન્તર, દેવકૃપાથી પૂર અમારી પર્ણકુટી–
કપટ અને કો દુર્બુદ્ધિનો નહિ અહિયાં સત્કાર રે
પાપ તણો નહિ પ્રવેશ કિંચિત્ એવી પરમ પવિત્ર અમારી પર્ણકુટી."
પૃ. ૭૫, ૭૬.

"શહેર કરતાં તો ઘણું, રમણીય લાગે વંન;
ત્યાં વસવા ઉજમાળ છે, એ સખિ ! મારૂં મન.
શુદ્ધ ભાવથી વન વસી, જપીએ પ્રભુનો જાપ;
તો ભવબંધન છુટીએ, કપાય પાપ અમાપ." પૃ. ૭૭

"થોડેક કોસ દૂર ગામડુ એક નાનુ,
સૌન્દર્ય રંગ મહી ઝૂકતું એ મઝાનું;
તે માંહિ છે ધનપતિ પ્રિય કાન્ત મારા,
રાખે કૃપા અમ ગૃહે પ્રભુ દુઃખહારા.

પ્રભાતે ઉઠુ છું, સ્તવન કરૂ છુ દાન દઉં છું,
સમારૂં છુ ને હું તુલસી, અતિશે મગ્ન રહુ છું;
બપોરે પોઢાડું પતિ મધુર ગીતો વિલસીને,
મીઠો ઢોળુ વાયુ, વિરલ વર પામી ય છું હું એ.

વિનોદે વિલાસી નિશ પડી અને વાળુ પીરસું,
પડોશીની સાથે મધુર મધુરી ગોઠડી કરૂં;
સુખે સુઉ છું એ, મુજ ગૃહ કૃપા છે પ્રભુ તણી,
દુઃખી કાં હો મારૂં જીવન ? નકી છું હુ સુખી ઘણી " પૃ ૮૬,૮૭

સાદાજીવનને પૃથક્કૃત કરી એમાં સમાએલા અંશોનું નિરૂપણ કરવા કરતાં આ વિસ્તીર્ણ ઉતારાઓ સંગ્રહકારોની ભાવનાનો અચ્છો ખ્યાલ આપે છે. આ રસિક પદ્યાવલિની છાપ આબેહુબ પડશે.

સંગ્રહકારોએ **સાદું જીવન** ફક્ત ખેડુતોને માટેજ ઉપદેશ્યું નથી. એમનો પેગામ મનુષ્ય માત્રને માટે છે. કાવ્યાંક ૧૦, ૧૧, ૧૨, ૪૨, ૫૧, ૫૨, ૫૮, ૬૬, ૬૭, ૬૮, ૬૯ વગેરે વાચતાં એ પ્રતીત થશે. ત્યાગ, ઔદાસીન્ય, સત્યનિષ્ઠા, વૈભવશૂન્યતા, પારદર્શિતા, સંતોષ, સંસારના ધર્મપરત્વે વૈરાગ્ય, સંસારની આધિવ્યાધિના ત્રાસ માંથી મોક્ષ, શાંતિ, નિર્લોભત્વ, નિર્દોષતા, મીઠાશ, મનની ઉત્તમતા, જનહિતપરતા, ઉદ્યમશીલતા, નિશ્ચિંતતા, શ્રદ્ધા, હેતાળપણું, શુદ્ધિ, આનંદ, નિષ્કપટતા, નિષ્પાપત્વ, સહનશીલતા, વાંછનાઓની અલ્પતા, આરોગ્ય, બલ, નિયમિતતા, સુખ, નિરાંત, આદર, અનૃણીતા, સ્વતંત્રતા, નીડરતા, ઉદારતા, નીતિ, પરમાર્થ, પુરાણપ્રિયતા, રસ, પુણ્ય, પ્રભુપરાયણતા, આદિ સર્વે સુલક્ષણોનો **સાદાજીવનની** અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સર્વે લક્ષણોની શાસ્ત્રીય મીમાંસા કરી **સાદાજીવનની** ભાવના નીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અધ્યાત્મવિદ્યાની દૃષ્ટિએ આલેખવા કરતાં કવિત્વમય સ્વરૂપમાજ એનુ આસ્વાદન થવા દઈ, એ ભાવનાના નિરુપણમાં પ્રવેશ પામેલા કેટલાક દોષોનું દિગ્દર્શન કરાવશું.

સ્નેહજ્યોતિ પ્રણીત '**ખેડુતની ડાશી**' નામના કાવ્યમાં ખેડુતને ભણવાની જરૂર નથી એવો ઉપદેશ અપાયો છે.

> "ખેડુતનું ભણવું ખેતરમાં જ સાચું,
> વાંચ્યે લખ્યે નહિ શીખે હળ જોડવાનું;
> એ રોટલો જ સુખનો દિવસે કમાઇ,
> સાંજે ઘરે કરી નિરાંત ભજે પ્રભુને."

આ અને એની પૂર્વેની પંક્તિઓ સત્કાર પામે તો દેશને કેવડી મોટી હાનિ થાય તેનો લેખકને લગીર પણ ખ્યાલ નહીં રહ્યો હોય. હાલનું ભણતર અમુક કારણોથી નિષ્ફળ નીવડ્યું હશે, ખેડુતના દીકરાઓને પોતાના ધંધા માટે નાલાયક બનાવી શક્યું હશે, માટે વિદ્યા આવશ્યકજ નથી એવો ઉપદેશ કરવો એ મોટું પાતક છે. ખેતરમાં હળ ફેરવ્યું અને દાણા વાવવાથીજ ખેડુતનો જન્મારો સફળ નથી થઈ જતો. ભાભારામની બડાશના દિવસો વહી ગયા છે. જમીન પાસેથી મળે એટલો બધો રસ મેળવવાનો છે. વરસાદ ન પડે અથવા બહુ પડે, જીવાત પડે, હીમ પડે વગેરે આફતોથી પોતાના પાકનું રક્ષણ કરવાનું છે. પોતાના દેશના લોકોને અનાજ પુરૂં પાડવા ઉપરાંત દેશના હુન્નર ઉદ્યોગ માટે જોઇતો 'કાચો માલ' સારામાં સારો પકવવાનો છે, દેશના દેશજન તરીકે દેશના રાષ્ટ્રીય અને રાજદ્વારી જીવનમાં પોતાનું યોગ્ય સ્થાન જાળવી દેશ અને લોકના હિતના પ્રશ્નોની ઉકેલમાં મદદ કરવાની છે. પોતાનો સંસાર ઉન્નત કરી દેશની સંસ્કારિતા ઝીલવાની છે. બધા કુટુમ્બીઓને પોષવા ખેતી અસમર્થ હોય તો દેશમાં ધીકતા અનેક ધંધા રોજગાર અને અમલદારી માટે અથવા પરદેશ જઈ અણખેડાયલી જમીન મેળવી ખેડવાનું સાહસ વ્હોરે એવા લાયક બનાવવાના છે, ત્યાં સ્નેહજ્યોતિનો ઉપદેશ કેટલો બધો નિપાતજનક છે? અમારે તો અમારા ખેડુતો વિદ્યાસંપન્ન જોઇએ છીએ. પુરાણા કાળનાં હળ રગસીઆપણાથી જમીનમાં ઘસડતા અને બળદનાં પૂછડાં આમળતા ખેડુતને વીજળીથી અને વરાળથી અને સૂર્યતાપથી વીંધાંના વીંધાં જમીન ખેડતાં અને

પૃથ્વીના ઉદરમાં સમાયલી સમૃદ્ધિમાત્ર મનુષ્યના ઉપયોગ માટે બ્હાર આણુતાં જોવા અમે તો ઉત્કંઠિત છીએ અમારા ખેડુતો પટાવાળા કે સિપાઇથી ડરે એવા નહી પણ લોકલબોર્ડ, મ્યુનિસિપાલિટિ અને ધારાસભામા વિરાજી પોતાનો દેશધર્મ બજાવે એવા અમારે જોઈએ છીએ. પૃથ્વીનો પટ વિશાળ છે સાહસ, બુદ્ધિ અને મહેનત માટે સર્વને અવકાશ છે અમારા ખેડુતો એમના ગામડામાજ ભરાઈ ન રહેતા પૃથ્વીપટે પ્રસરે અને ગુજરાતનું દૂધ દીપાવે તોજ એમના સાદા પરોપકારી જીવનની મહત્તા

વિદ્યા અમારો શ્વાસ અને પ્રાણ છે એ વિના અમારૂં મૃત્યુ છે

સંતોષ, વૈરાગ્ય, વૈભવશૂન્યતાના લ્હાવા ઘણા વર્ષ લીધા. હવે તો લોહીના ટીપે ટીપે અસંતોષ ઉછળવો જોઇએ, ઉંચુ સ્થાન લેવાની પ્રબળ આકાંક્ષાથી પળેપળ જીંદગી ઉત્તેજિત થવી જોઈએ. ઉદ્ધાર, પ્રગતિ આ વિના શકય નથી મૃત્યુના મુખમાંથી આપણો મોક્ષ બીજી કોઈ રીતે નથી

નગર ગામ કરતા ગંદાં વિશેષ હશે નગરમાં ગામડા જેવી ચોકૂખી હવા નહી આવતી હોય પણ નગર અને ગામડાઓ [illegible] ટાળી દે એવા ઉદ્યાનનગર (garden-city) વાડીઓવાળાં શહેર નથી [illegible] હવા [illegible] ગામડાઓમાં [illegible] અને મલીનતા [illegible] તાવ [illegible] નથી કરતો [illegible] પોતાના [illegible] હોત તો નગરની ઉત્પત્તિ થાતજ નહી. [illegible] પાકની

વ્યવસ્થા કરવા જતાં વેપાર અને ઉદ્યોગ જન્મ્યા અને એમનાં સ્થાન તરીકે નગર થયાં.

આ સુખશાંતિના જમાનામાં ખેડુતનું કુટુમ્બ વધતું જાય અને વંશપરપરાની જમીન સર્વનું પોષણ કરવા અસમર્થ નીવડે ત્યારે નગર સિવાય બીજો આશરો છે એને ?

પ્રજાની મહત્તા જેના વડે છે તે સંસ્કૃતિ નગરમાજ ખીલે. એ સસ્કૃતિ પરત્વે અભિમાન પ્રત્યેક દેશજનમા હોવુ જોઇએ

વિશ્વની ઘટનામાં જેમ ગામને સ્થાન છે તેમ નગરને પણ છે.

"ખેડુતોની મહેનત બીજાથી ના થાય"–આ શુ સાચુ છે ? ખાણો ખોદનારા, વરાળ અને વીજળીથી ચાલતા કારખાના ચલાવનારા મજૂરો શુ ઓછી મહેનત કરતા હશે ?

"કણબી તો નવ કરશે આશ, માગશે નહિ તમારી પાસ" ભાભારામનુ આ અભિમાન, આ આત્માવલબન હવે ટકી રહ્યુ છે ? શાહુકારના હાથમા વહી જતી જમીન ખેડુતના કબજામા રાખવા સરકારને કાયદા ઘડવા પડે છે, શાહુકારનુ કરજ કરી પાયમાલ થવા કરતા કરકસર થઈ શકે, આટ વધી શકે, ઓછે વ્યાજે નાણા મળી શકે માટે પતંઢીઓની સ્થાપના સરકારના ઉત્તેજન અને બાહેધરીથી થાય છે ને? સારા બી, સારા ઢોર ખેડુને મળે એવી જોગવાઇઓ થાય છે, વરસાદ ન આવે ત્યારે પાણી વિના હેરાન ન થાય માટે નહેરો, કુવા, વાવ, તળાવ સરકાર બાધે છે, ખેતરમાં પાકેલા માલનો જલ્દી ઉપાડ થાય અને જયાં એનો ખપ હોય ત્યા પ્હોચી ખેડુતને એની મહેનતનો બદલો મળી શકે માટે રેલ્વે અને સ્ટીમરોનો બદોબસ્ત કરવામા આવે છે, એના અને એના ઢોરોના

આરોગ્ય માટે, ચેપી રોગનો ફેલાવો અટકાવવા માટે દાક્તરી મદદ આપવામાં આવે છે, એના ધંધાનું શિક્ષણ આપવાની અને એ ધંધો ખીલવવા કરવા જોઈતા પ્રયોગો કરી તેનું પરિણામ બતાવનારાં ખેતરો સ્થાપવાની વ્યવસ્થા કરવામાં આવે છે વગેરે વગેરે. એ હવે નર્યો પરોપકાર કરતો નથી, પણ જે આપે છે તેના બદલામાં પોતાની જરૂરિયાતો મેળવવાનો અધિકારી થયો છે.

આશા છે કે અમારા કહેવાનો અવળો અર્થ નહિ થાય. સાદા જીવન પર અમને ય પક્ષપાત છે. પણ સાદા જીવનમાં કેટલાક અંશ-જેમની પરિગણના આ સંગ્રહમા નથી તે અમે આવશ્યક ગણીએ છીએ. 'રસયમુનાને ઘાટ'

"દૂધલડાં દ્હોશું, પીશું ને પાશું,
મટુકી ભરી લઈશું જગને માટ."

અમારે સુખી થવુ છે, અને બીજાને કરવા છે અમારા દેશની કીર્તિ ઝળકાવવી છે, અમારા લોકોને સુખી, સમૃદ્ધ અને સસ્કારી કરવા છે, પ્રભુની વાંસળીમાં આના અનહદ નાદ વાગે છે. એ નાદ સાભળી અમારા હૈડાં ઢળકવાં જોઈએ એ નાદના ભેદો સુણી સમજી આચારમાં મૂકવાના છે.

ઢાલની બીજી બાજુ બતાવ્યા છતાં સગ્રહકારોનો ઉદ્દેશ જરા વિશેષ સ્પષ્ટ કરવામાં આવે તો એમને ન્યાય થશે અને સંગ્રહનું ધારેલું ફળ નીપજશે.

ઉન્નતિ અર્થે જે જે પ્રયાસો થાય તે તે પ્રયાસોમાં તલ્લીન થઈ તેમની સિદ્ધિ લાવવા સાદાં જીવન ગાળવાં જોઈએ. વૈભવ

મોઝ, અયેશઆરામ, ફૂલની વાસનાઓનું બલિદાન આપવું જોઇએ. ઉન્નતિ માટે પ્રચલિત સ્થિતિપરત્વે અસંતોષ આવશ્યક છે તેમ અસંતોષ દુઃખી ન કરે માટે સંતોષ પણ જરૂરને છે. વિચાર પ્રમાણે આચાર હોય, જીવન આખું નિર્મળ અને પારદર્શક હોય તોજ સુખ અને ઉન્નતિ છે.

જીવનમાં જાત જાતના વમળો ઉપજાવી ક્ષોભ પમાડતી પ્રવૃત્તિઓથી ખેડુતનું જીવન દૂર છે તો જે શાંતિમાં, જે કાર્યપરાયણતામાં એ જીવન ગાળે છે તે વધારે બળથી, વધારે શ્રદ્ધાથી ગાળે, એથી રૂડું શું ?

ખેડુતો માટે યોજાયલા અને સાદા જીવનને ઉપદેશ કરતા સંગ્રહને "**ગોપકાવ્યો**"નુ નામ શા માટે આપવામાં આવ્યું હશે ?

ખેડુતની જીંદગીને લગતાં નર્યાં કાવ્યોથી આપણી ભાષા સમૃદ્ધ નથી ખેડુજીવન જેવું જ ગોપજીવન ગ્રામ્ય, સરલ, સુખી હોવાથી ગોપજીવન કવતી કવિતા ખેડુતોના જીવનમાં રસ સિંચી શકે છે. શ્રીકૃષ્ણની ભક્તિને લીધે ગોપજીવનને લગતી નાના પ્રકારની કવિતાથી આપણા સાહિત્યનું તોશાખાનું ચકચકિત છે. એ તોશાખાનામાંથી રત્નો લઈ આ સંગ્રહ ગૂંથવામાં આવ્યો છે. ગોપજીવન અને ખેડુતજીવનનો પ્રધાન સૂર એકજ હોવાથી "**ગોપકાવ્યો**"નું મનોહર અભિધાન સાર્થક અપાયુ છે.

આ સંગ્રહમાં બે પ્રકારનાં **ગોપ**કાવ્યો છેઃ પ્રાચીન કાવ્યોમાં નૈવેદ્યની દૃષ્ટિથી ગામડાના સાદા ખોરાકની યાદી આપવામાં આવી છે અને તે દ્વારા ભકતોની સાદી, બાલક જેવી સાદી ભક્તિ પ્રગટ કરવામાં આવી છે. અર્વાચીન જીવન એવું સાદું નથી રહ્યું. આ-

લક મટી જુવાન થયું છે. એની મહેચ્છાઓ વધારે વિશાળ અને ગંભીર થઈ છે. નવી મહેચ્છાઓનો પટ અર્વાચીન ગોપકાવ્યો પર બેઠો છે. જેમ બાહ્ય રૂપમાં એ કાવ્યો વિશેષ શોભિતાં, મનોહર અને સુઘટિત થયાં છે તેમ અંતરમાં ભરેલા વિચારો પણ ઉચ્ચ અને સાત્ત્વિક થયા છે. ગાય દ્હોવા, ઢેબરાં ખાવા, વાંસલડી વાવા જ ગોપશ્રેષ્ઠને નિમંત્રણ નથી પણ જગને માટે દૂધ દ્હોઈ મટુકી ભરવા માટે, 'સાગરના શબ્દ'થી મોરલી ગજાવવા, નીતિની નાજુક વેલે હીંચવા, જીવનમાં જગજીવનનો સાથ મેળવવા માટે ગોપશ્રેષ્ઠને અને ગોપમાત્રને નિમંત્રણ છે. એકાંતમાં મળવાનો અભિલાષ નથી પણ 'રસયમુના'ને ઘાટ સર્વની સમક્ષ વિશ્વના કલ્યાણ માટે મળવાની ઉત્કટ વાંછના છે.

ગોપજીવન અને ખેડુજીવન પ્રકૃતિમાતાના ખોળામાં વિહરે છે એટલે પ્રકૃતિવર્ણનવાળાં કાવ્યો આ સંગ્રહમાં સ્થાન પામ્યાં છે. કુદરતનો અને મનુષ્યનો સંબંધ આપણા દેશમાં નરનારાયણ જેવો છે. વૈદિક આરાધનમાં, બૌદ્ધસ્થવિરોના અર્હત્પદ પ્રાપ્તિના અનુભવમાં, મહાભારત રામાયણમાં વર્ણવેલા નવેરસના પ્રસંગોમાં, કાલિદાસ ભવભૂતિની કવિતામાં, ઇશ્વરનાં મંદિરો બાંધવાનાં સ્થળોમાં સર્વત્ર એ સંબંધ જાજ્વલ્યમાન છે સાદા જીવનનો નિર્વાહ પણ એજ સંબંધદ્વારા થાય એ પણ વિશ્વઘટનાનું સુંદર રહસ્ય છે.

પણ પ્રકૃતિ ચેતનમયી દેવી જેવી જીવનમાં વિરાજતી હોય એવો અનુભવ આ સંગ્રહનાં કાવ્ય નથી કરાવતાં. પ્રકૃતિ મનુષ્યજીવનવ્યહારની ભૂમિકા હોય, પશ્ચાદ્ ભૂમિ હોય એવું લાગે છે.

પ્રકૃતિ અને મનુષ્યજીવન બન્ને પ્રભુનાં નિવાસસ્થાન—મહામ-

ન્દિર છે. તેમનો આદર્શ પણ ભક્તિનો એક અગત્યનો પ્રકાર છે.

ગુજરાત પર પ્રભુની કૃપા છે કે પ્રકૃતિના દારૂણ આઘાત વારંવાર એને સહેવા નથી પડતા: સંગૃહિત કાવ્યોમાં એ આઘાતોને બહુ સ્થાન નથી મળ્યું એ ઉક્ત કૃપા બતાવી આપે છે.

મનુષ્ય જીવનમાં રસ રેડનાર સ્ત્રી અને બાળકોને લઈ કાન્ત અને પિતાના સંબંધોનાં વિવિધ સ્વરૂપ વર્ણવતાં કાવ્યો આપણી ભાષામાં નહીં હોય એટલેજ આ સંગ્રહ એટલો અધુરો રહ્યો હશે.

પ્રારંભના કાવ્યમાં જસોદામૈયાએ પૂછેલા પ્રશ્નોમાં રહેલી મહેચ્છાઓ સિદ્ધ કરવા ગુર્જરમૈયા ખેડુતોને ઉદ્બોધન કરે છે; ભૂમિનો ભાર ઉપાડતાં, દેશનું વડપણ સ્વીકારી, સર્વે બુડતાંની બાંહ્યડી કોણ સ્વીકારશે ?

આ સંગ્રહ એવી ઉત્કટ મહેચ્છાઓથી, ખેડુતોનું સાદું જીવન રસી દેશે એમના સહજ ગુણોનો વિકાસ કરશે, એમના દોષોનો પ્રતીકાર કરશે, એમને જાતે સુખી અને સંસ્કારી થવા પ્રેરશે અને દેશઋણ તથા લોકઋણ અદા કરવા ઉત્તેજશે એવી પરમ આશા અને શ્રદ્ધા છે.

પુણા,
૩–૧૦–૧૪,
માણેકઠારી પુનેમ.

રણજીતરામ વાવાભાઈ.

અનુક્રમણિકા.

ગોપ કાવ્યો.

૧.

રાગ, પ્રભાત.

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીઆ, તુજ વિના ધેનમાં કોણ જાશે ?
ત્રણસેંને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળીઓ કોણ થાશે ?–

દહીં તણાં દૈથરાં ઘી તણા ઘેબરાં, કઢિયલ દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથીઓ, કાળિનાગ નાથીઓ ભૂમિનો ભાર તે કોણ લેશે ?

જમુનાને તીરે, ગૌધણ ચરવતા, મધુરી શી મોરલી કોણ વાશે ?–
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝીયે, બુડતાં બાંહ્યડી કોણ સ્હાશે ?–

નરસિંહ મહેતો.

૨.

આમન્ત્રણ.

આવજો—આવજો, યમુનાઘાટ, ત્યાં મળશુ
આવજો—આવજો, ગાયો લાવજો, ત્યા ચરાવજો,
આવજો યમુનાઘાટ, ત્યા મળશુ—ધ્રુવ.

એક મીટ બીડુ ત્યા તો બીજી મીટ ઉઘડે.
વ્હાલાંની જોઉ છુ જલતીર વાટ,
યમુનાઘાટ, ત્યા મળશુ

આસુડા ન નીતરે, ન ઘેન મારા ઉતરે
વિશમે ન આંખના ઉચાટ,
યમુનાઘાટ, ત્યા મળશુ.

પધારો, પધારો, એક તરશ દરસની
પ્રાણ કેરા માડી મેલ્યા પાટ,
યમુનાઘાટ, ત્યા મળશુ.

દૂધલડા દ્હોશુ, પીશુ ને પાશુ
મટુકી ભરી લઈશુ જગને માટ,
યમુનાઘાટ, ત્યા મળશુ

ઘેરી ઘેરી મોરલીમા સાગરના શબ્દ વાજો
લખજો બ્રહ્મલેખ મારે લલાટ,
યમુનાઘાટ, ત્યાં મળશું.

આવજો--આવજો, યમુના ઘાટ, ત્યાં મળશું:
આવજો—આવજો, હઈડાં લાવજો, ત્યાં ચરાવજો,
રસયમુનાને ઘાટ, ત્યા મળશું.

(કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો.) **ના. દ. કવિ.**

૩.

(**મુખડાની માયા લાગી...** એ ભગવતી **મીરાના પદની ધૂનમાં**)

ખેતરમાં વ્હેલો વળજેરે, **કા**'નુડા તુ તો......

ઉનો ઉનો પોંખ પાડી, ફુંકી ફુંકી ખાશુ, અલ્યા!
દેબરૂ ભાવે તો, વ્હેલો આવજે! **કા**'નુડા તુ તો ..

લીમડાની ડાળે બેશી, હોંશથી હીચીશુ હોંકે,
રાગડા લાબેથી લલકારશુ, **કા**'નુડા તુ તો ..

ગોધીયુ પલાણી વ્હાલા! બેસો પાવા આપણુ જાશુ,
ન્હાશુ ન્હવાડશું તલાવડીમા સૌને હા **કા**'નુડા તુ તો ...

સ્વર્ગના સબંધી મારા! નિત્યના સગાથી વ્હાલા!
મોરલી મધુરી રખે ભૂલતો! **કા**'નુડા તુ તો ..

(સુંદરીસુબોધ) **કૃષ્ણસખા.**

૪

તું હાલને મારે છેતર, રે હો *કરહણિયા; ટેક.
કરહણિયા મને દરહણ દેજે, હું તો ચ્યારની રહીસું તાચી,
તારે ને મારે હગપણ હાચું, એતો જાણે જહોદા કાચી; રેહો ક૦

જાહક ઝીમાં મે તો છીસડોરે રાંધ્યો, મઠ ચોળો મહી નાછયો,
આપણ બે ભેળાં બેહીને જમહું, છોરૂ ઉડાડહે માંછયો; રેહો ક૦

નવારે ધઉ નો મેં તો પુંખજ પાડયો, ને માળા હેઠળ મુચ્યો;
તારે માટે અલ્યા કરહણિયારે, મે તો હળવે રહીને પુચ્યો, રેહો ક૦

હામેરે હેરડે બોરડી પાચી, તેના તે મેઠાં બોરાં,
આપણ બે જણ બોરાંરે વેણહું, છોરૂ તે ચારહે ઢોરાં, રેહો ક૦

મારા છેતરમા કારગડી પાચી, તેની તે લાંબી લાંબી લુમો,
મારા છેતરમાં છાનોમાનો આવજે, રછેરે પાડતો બુમો. રેહો ક૦

કરહણિયા રે મને હેત રાછીને, દાડી દાડી દરહણ દેજે;
નરસૈયાંના સ્વામી વ્હેલો પધારી, જોઈએ તે માજી લેજે. રેહો. ક૦

નરસિંહ મહેતો.

* કૃષ્ણ.

૫.

મારે ઘેર આવજો માવા, ભાવે તો ઢેબરૂં ખાવા,
બાજરીનાં બે ઢેબરાં કીધાં, તળીઆં ઝાઝાં તેલ;
કકડો પાપડ કાચલી ઉપર, દહીનું દડબું મેલ-મારે૦

જસોદાના માવા આવોને વાંસલડી વાવા;
ઉનો ઉનો પોંખ પાડું તે ખોબલે ખોબલે ખાવા-મારે૦

મારા છેતરમાં લીંબડી પાચી ને આવી ફુમતડે;
કારીગડીનું શાક જોઇએ તો, એ પેલે વેલે-મારે૦

બાજરીના બે ઢેબરાં કીધાં ને, ઘીએ મેલ્યાં વહી;
રામકૃષ્ણ પ્રભુ રકનેરે, સાચી છે સગાઇ-મારે૦

રામકૃષ્ણ.

૬

મારે ઘેર આવજો માવા, મઠાં ને કોદરી ખાવા; ટેક.
કઢીમાં તો કર બોળીને, સૈડકા સૈડા સૈડ;
મુખડું મીઠું થાયરે માવા, પ્રીતે પાપડ ફેડ-મારે ઘેર૦

આંબલીની તો કઢી કરી છે, માહી મઠાંની દાળ;
છાંટો નાંખું શામળા, તું તો ભાણા સામું ભાળ-મારે ઘેર૦

ભાવના ભૂખ્યા છો ભૂધરજી, ગુણ મને લાધ્યા;
સસેક પેલા સુદામાના, તાંદુલ તમે ખાધા.-મારે ઘેર૦

૬

કાંગ માટે કહાનજી તમે, વિપ્રને કીધો રાજી,
કરમા બાઈનો કૂર ખાધો, ખાધી વિદુરની ભાજી.–મારે ઘેર૦

શરમાવો તો શામળા, તમને મારા સમ,
એકાંતે આવો એકલા, કોઈ નથી બીજું અન્ય –મારે ઘેર૦

ભૈડકાનો તો ભાવ થયો છે, ભૈડકુ ઝીણુ ભૈડ,
મોળી છાશમાં માવજી રે તુ, નાનુ કેળુ કેડ.–મારે ઘેર૦

પાચ કણીની પૂરી કીધી, પાશેર મેલ્યું દૂધ,
નાનાના સ્વામી જમી ઉઠીને, કરજો કૂદાકૂદ–મારે ઘેર૦

નાનો ભક્ત

૭.

ગાવડી દોવાને ગોવાલીડા, તુ આવજે મારે ઘેર,
તુ ને હેળવી ગાવડી રે, મુને દોવા દે કઈ પેર–ગાવડી

શાને હેળવી મારી ગાવડી રે, ધોળીને ધુમેર,
આજ વલોણા વાર છે, જરા ઝાલવી પડશે શેર–ગાવડી

વહેલો આવજે વ્હાલમા રે, ન પડે કરવી તેડાતેડ;
વાટકડામા દોજે રે, મે વાટી છે સાકેર–ગાવડી.

કામ પડે ત્યાં તેડશુ, તેમાં શુ કરશે આહેર,
નભૂ સખીના નાથજી રે, તમે આવે લીલા લ્હેર–ગાવડી.

નભૂવાણી.

૮.

ગરબી

એક આંબો મ્હોરે મારે આંગણે રે લોલ,
ઘેર ગમ્ભીર તેની ઘટા ઢળી રે લોલ,
મ્હેનાં ! આવો, રસાળ એની છાંયડીરે લોલ.

*　　*　　*

એક આસોપાલવ મારી વાડીમાં રે લોલ,
ઘેર ગમ્ભીર તેની ઘટા ઢળી રે લોલ,
મ્હેનાં ! આવો હેતાળ એની છાંયડી રે લોલ

*　　*　　*

એક વડલો ઉભો વન ચોકમાં રે લોલ,
ઘેર ગમ્ભીર તેની જટા ઢળી રે લોલ,
મ્હેના ! આવો, વિશાળ એની છાંયડી રે લોલ.

*　　*　　*

(ઈન્દુકુમાર)　　　　નાનાલાલ દલપતરામ કવિ.

૯

મઢૂલી.

મઢલી મઝાની પેલે તીર, સતો વ્હાલા !
અનેરી અમારી એ લગીર.

વૃક્ષો વેલડીઓ વાળા, કુમળાં ફળ ફૂલ રસાળા,
લઇ જાવ લ્હાણું એ લગીર-સંતો૦

મનની કંઈ મોજ મજાઓ, રસિયાં ઉરનો કંઇ લ્હાવો,
લેવાને આવજો લગીર–સંતો૦

સ્હામે સંસારી વિલસે, વચ્ચે જીવન સરિતા વ્હે,
રેલવિયે ત્યાં રસરંગ લગીર–સંતો૦

ઉડવાય સફર સૈયારી, સુખદુઃખની કંથા ધારી,
આનંદ ઓર એ લગીર–સંતો૦

લગની સ્હેવા સ્હાવાની, વિભુનાં ગીતડાં ગાવાની,
લાગે તો આવજો લગીર–સંતો૦

(લલિત-કાવ્યો) લલિત.

૧૦.

સ્વાગત.

મોંઘેરાં મહેમાન, પધારો મોંઘેરાં મહેમાન!
લૂખાં સૂકા માન. પધારો મોંઘેરાં મહેમાન!

ગરીબ તણાં ઘર પાવન કરીઆં, આજ અહો ભાગ્યજ ઉઘડીઆં;
સ્વચ્છ કરી પાથરી ગોદડી આ, ગરીબ તણાં સન્માન—પધારો.

શ્રમ હરવા ગંગાજળ લાવું, તૂટેલ ખાટે સેજ બીછાવું;
પગ ચંપી, પંખેથી ઢોળું, વાયુ મળે વિશ્રાન્ત—પધારો.

ઉની ઉની ભાખરી જમાડું, છાશ મીઠી ને માખણ આપું;
ભાવ તણાં ભોજનીઆં મારાં, આરોગો પ્રિય ભ્રાત—પધારો.

લૂખાં સૂકાં માન અમારાં, પણ પ્રેમે ભરપૂર અનેરાં;
તન મન ધન અર્પણ કરનારાં, દેશુ હૃદયમાં સ્થાન—પધારો.

(સુંદરી સુબોધ) 'સુહૃદ.'

૧૧.

ગઝલ.

પ્રભુને પ્રાણથી પ્યારા! પધારો આ મઢૂલીમાં;
પધારો આ મઢૂલીમા! થઇને સ્નેહની ગલીમાં.

હૃદયની કામના મીઠી, પ્રભુની મૂર્તિઓ દીઠી;
સર્વ છો રત્નની વીંટી, ધારવા યોગ્ય અંગુલિમાં.

કરૂ આતિથ્ય હરખીને, નહિ પકવાન્ન પીરસીને;
હૃદયનો ભાવ નીરખીને, થજો સહુ રાજી થૂલીમાં.

ન પાત્રો ચાંદી સોનાનાં, કંઈ પ્રસાદ દેવાનાં;
હૃદયના થઈ સહુ દાના, સ્વીકારી લો દડૂલીમાં.

નથી તકીયા અને ગાદી, નથી આરસ તણી લાદી;
મળે જાજમ ન પણ સાદી, રીઝાજો બેસી ધૂલિમાં.

પીવાને પાણી, મુજ વ્હાલા, નથી રમણીય કંઈ પ્યાલા;
ભાવને નીરખવા વાળા, પીજો માટીની ઘડૂલીમાં.

તમારે યોગ્ય તો કાંઈ, કદી આતિથ્ય થયુ નાહિ;
તથાપિ પ્રેમથી ભાઈ, ચરૂ માને ધડૂલીમાં

હૃદય ઔદાર્ય દર્શાવી, સ્નેહનું નીર વર્ષાવી,
સ્વલ્પમાં પૂર્ણતા લાવી, સ્વીકારો સિંધુ અંજલિમાં

(સુંદરી સુબોધ) શ્રીમદ્ ઉપેન્દ્ર.

૧૨

આવી મારી ઝુંપડીમાં આજ મારા સ્વામિ!
પાવન કીજે આ દીન દાસ,
કોણ જાણે મારી આપ વિના દાઝ મારા સ્વામિ!
કરશો મને ના નિરાશ,

નથી આસન રૂડું પ્રભુ બેસાડવા,
નથી ષડ્રસ ભોજન જમાડવા,
મારો સ્વીકારો રોટલો ને છાશ, મારા સ્વામિ!

મારી પાસે ન દિવ્ય વસ્ત્ર નાથ આપવા,
નથી પુષ્પહાર આપ કંઠ આરોપવા,
માનો પુષ્પહાર અર્પું તુચ્છ ઘાસ, મારા સ્વામિ!

હું છું દુર્બળ ન ચરણમાં કાંઈ મૂકવા,
મૂકું માથું પદે રીઝો પ્રભુ સ્વીકારવા,
જોજો ભાવ, જોશો સામગ્રી ન ખાસ, મારા સ્વામિ!

છોટાલાલ જીવનલાલ.

૧૩

પ્રેમસરોવર.

ભરચ્છક સરવર ઝુલતુ રે,
રમવાને ત્યાં રૂડુ ચાલ મારા વ્હાલમા !

કાંઠે વિરલ ફૂલ ઉગીયાં રે,
તેની ગૂથીશુ વરમાળ મારા વ્હાલમા !

રૂડાં ફૂલ રૂડલુ સરોવર રે,
રૂડલા અતિશય આપ મારા વ્હાલમા !

કુંજના તરુને છાંયડેરે,
ભૂલશું જગતપરિતાપ મારા વ્હાલમ !

નીતિ શી નાજુક વેલના રે,
હીચશું હિંડોળે, ચાલ મારા વ્હાલમા !

સત્કર્મોનાં બીજ રોપશુ રે,
ફુટશે સદ્‌ભાવ કેરા ફાલ મારા વ્હાલમા !

પ્રેમી જનો તે પોષશે રે,
પાશે પ્રેમનુ નીર મારા વ્હાલમા !

પ્રીતમ ! શાં પરિમલ પલ્લવે રે,
વિનય વિલાસ કેરાં ચીર મારા વ્હાલમા !

તેને જઈ પ્રિય ! રોપીએ રે,
 રોપતાં પ્રિય ! વાધે છે વ્હાલ મારા વ્હાલમા !
ઉઠ ઉઠ પ્રીતમ ! ઉઠને રે,
 પ્રેમસરોવર ચાલ મારા વ્હાલમા !

(કેટલાંક કાવ્યો.) નાનાલાલ દલપતરામ કવિ.

૧૪.

ગોપિકા.

વસંતતિલકા.

દોહી રૂપાળી મધુરી મુજ ગાવડીયુ,
ને દૂધડાં મીઠલડાં ભરી તામડીયું;
ચારો નીરી, ધણ મહીં મૂકી ઘેન ચાલી,
જાશું રૂડાં જળ હવે જમનાજી આલી !

સાહેલી સાથ સરખો ઠીક જોડ જામી,
આનંદ ગોઠડી મીઠી પનઘાટ પામી;
માંજ્યાં સુનેરી દીપતાં શિર બેડલાં આ,
ને પાણીડાં ભરી વળ્યાં ઘર સર્વ જાવા.

રાંધ્યું ઉનું ઉનું થયું પકવાન ભાણે,
ઠાકોર થાળ પીરસી; મનમોજ માણે,—
ખાધાં પીધાં, શયન સેજ લીધાં થઈ ત્યાં,-
જાવાની વેળ લઈ ગોરસ વેચવાનાં.

ઝુલે ખીલી નવલી સુંદર મંજરીયુ,
ડોલે પરાગ ઝરતી ફુલ પાંદડીયું;
વૃંદાવને ઝઝુમતી નદી તીર કુંજે,
ક્યાંથી મધુર સૂર?–શો વન-ભેદી ગુંજ્યો?

કોયેલ ગીતડું સમ્યુ મનવેગ કંપ્યા,
ગાયો અને હરણિયાં ભર લ્હેર શંભ્યાં;
વાયે રસીલી રમી રેલતી વાંસળી જ્યાં,
ગોપાલ બાલ, ઉર આ સરી જાતુ ત્યાં ત્યાં.

(સંસાર-ઉપવનમાં ગૃહકુંજ શોભે,
કર્તવ્ય ધેનુ પય અમૃત શું મધુ દે;
પ્રીતિ પનોતું શુભ સ્નેહી-કુટુંબ રાજે,—
ત્યાયે સદા સતીહૃદે પતિવેણુ ગાજે.)

ખેલ્યાં બધાં વિવિધ રાસલીલા અનેરી,
ચન્દા ઢળી: સખીરી! વેળ વીતી ઘણેરી;
હઇડું ન ત્હોય બનતું થીર, સૂર પેલો,
ઘુમ્યાં કરે જીવન ડોલતી વાંસળીનો!

સુમન્ત.

૧૫

ગરબી.

મારી મટુકીમાં હો મહારાજ! મહિડાં છલકે રે !
તારી વાસલડી સુણી આજ, હઇડાં ઢળકે રે !—
મારી ગાવડિયોનાં શુદ્ધ ગોરસ મીઠડાં રે,
તારી બંસરીએ લૂટી બુદ્ધ, પડતાં દીઠડાં રે !

સાખી—ડાળે ડાળે મંજરી હાલે ઝલી પૂર.
બોલે બોલે બંસરી સુણતાં ડોલે મારૂં ઉર—
હઇડાં ઢળકે રે !

મારી મટુકીમાં હો મહારાજ મહિડા છલકે રે !
આછી આછી ઉષાની રેલ જગમાં ધસતી રે,
મોંઘા મધુવનમા કરે ખેલ હસતી લસતી રે
એવી વેળ ભર્યાં મુજ એહ ગોરસ મીઠડા રે,
તારી વાસલડી સુણી તેહ પડતાં દીઠડાં રે !

સાખી—કિલકિલ કરતિ કોકિલા પળપળ દે પ્રતિસ્વર;
જળથળ ઝૂમે કોડિલા, સુણતા ધમે મારૂં ઉર—
હઇડા ઢળકે રે !
મારી મટુકીમા હો મહારાજ ! મહિડા છલકે રે !

ધીમે ધીમે પડે ઘણુ સંગ, રવિના પગલા રે,
ફૂલે ફૂલે ફૂટે નવરંગ, ભરતા ડગલાં રે,

ચાલી લઈને હું તો ઘર બ્હાર ગોરસ મોંઠડાં રે,
તારી બંસરીને સ્વરધાર, પડતાં દીંઠડાં રે!

સાખી—ચારો ચરતી ગાવડી થોભે ઘડીભર દૂર:
અનહદ લોલે આવડી, સુણતાં ડોલે મારૂં ઉર—હઈડાં ટળકે રે!
મારી મટુકીમાં હો મહારાજ ! મહિડાં છલકે રે !

ઉભો રહી શું વગાડે એમ, બંસરી ઝરતી રે !
હાવા ધગધગતી ઝટ તેમ, બળશે ધરતી રે·
ઓ રે ઝીલ ! ઢોળાઈ જાય ગોરસ મોંઠડાં રે,
મારો પાલવડો ભીંજાય, પડતા દીંઠડા રે !

સાખી—હું ગુણહીણી ગોપિકા, તું ગુણસાગર શૂર
મહિડાં મારા ઝીલી લે, પાછી આ ખીલે મારૂ ઉર—હઈડા ટળકે રે!
મારી મટુકીમા હો મહારાજ ! મહિડા છલકે રે !

(પ્રકાશિકા) અરદેશર ફરામજી બરદાર.

૧૬

હારે કોઈ માધવ લ્યો, માધવ લ્યો, વેચતી વ્રજનારી રે-હાં રે.

માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલી રે. હાં રે.
હાંરે ગોપી ઘેલું શું બોલતી જાય, મટુકીમાં ન સમાય રે હા રે.

નવ માનો તો જુઓ ઉતારી, માંહી જુએ તો કુંજબિહારી હાઃ રે.
વૃંદાવનમા જાતા દહાડી, વ્હાલો સૌ ચારે છે ગિરધારી રે. હાં રે.

ગોપી ચાલી વૃંદાવન વાટે, સૌ વ્રજની ગોપીઓ સાથે રે. હાં રે.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, જેના ચરણ કમળ સુખસાગર રે. હાં રે.

૧૭.

ગોપ–બાળા.

ગુલછડી સમોવડી
એક સુંદર બાલિકા હતી.
ભરેલાં ખેતરોની પગથીઓમાં,
સરોવર તટના વન કુસુમોમાં,
પુષ્પમતી પલ્લવકુંજોમાં,
તે ગાતી ગાતી આનન્દતી.

સવારની ઉજળી વિમલતામાં,
સાંઝની મીઠડી શીતલતામાં
પંખી જેવી તે બાલા
પાંખ પ્રસારી ઉડતી.

સામી તરુમાલાની પાછળ
ઉઘાડા આકાશ નીચે
તેના પિતા કોસ હાંકતા,
ગન્ધવતીને જલ પાતા,
ત્યાં તે જતી આવતી,
અને વનદેવી જેવી
ઉગતા પાકને આશિષ દેતી.

(વસન્તોત્સવ.)

ના. દ. કવિ.

૧૮.

ગોરસ.

અંજની ગીત.

મહીનાં ગોરસ મીઠાં લાગેઃ
ગોપ મળી ફોડે ને ભાગેઃ
પીચકારીનાં કેસુ જેવાં—
એ ગોરસ કેવાં ?

વ્હાલ ભરી વાંસલડી વાગેઃ
અંતરમાં કંઈ ઓરજ જાગે·
મીટમીટ મળતાં મલકાતી—
ગોપિકા કેવી ?

ગોરસનાં મહી ગોપી વલોવે,
ક્હાનો ઘેલાંતૂર બનાવે;
"મા,મા" કહીને માખણ માગે—
ગોવાળાં ચાખે !

ગોરસનાં ઓજસૂ એ કેવાં ?
ગોરસ એ કેવાં ?

(સુંદરીસુબોધ.) કૃષ્ણसखा,

૧૯

મારાં ગોરસનાં ગોવાસી ! મોંઘેરાં મૂલ·
મારી મટુકીમાં મ્હેકે મંજુ મોરલી રે,
મીઠી મોરલી રે, મંજુ મોરલી રે. મારાં

કસુમ્બલ ચુંદડી કોરી સજી મેં, કુમકુમ રંગી પીર,
હૈયા સરસી સાહી અમૃતની ગોરસી, હેલ્યાં હૈયાનાં હીર
ગોવાસી ! રે ! મારાં ગોરસનાં મોંઘેરા મૂલ
મારી મટુકીમા—૦

ગગને ચડી મે ચંદ્રમા સાર્યો, નીરે છાટયાં જગતનાં ચીર,
હૈયા ઝોલે હસ્યા નાથજી મારા, ડોલ્યાં સાગરનાં ક્ષીર
ગોવાસી ! રે ! મારાં ગોરસનાં મોંઘેરાં મૂલ,
મારી મટુકીમાં—૦

મંગલ કણિકા મે મેરૂની વેરી, ભૂ સાર્યાં સૂર્યોદક શુદ્ધ,
ડોલ્યા ડોલ્યા ચૌદ લોકના સ્વામી, મારાં ડગમગ ડોલે રે દૂધ
ગોવાસી ! રે ! મારાં ગોરસના મોંઘેરાં મૂલ,
મારી મટુકીમાં—

('નિજકુંજ.)

મૂળજી દુર્લભ વેદ.

૨૦.

પીઓ પીઓ ગોરસ બહુ મીઠડાં,
થાય કાળજાં ઠંડકથી શીતડાં !
બહુ મીઠડાંરે સ્વાદિષ્ટડાંરે,
હાશ મીઠી છાસ—પીઓ.

કરો ઉજાણી મહી માખણ ખાઇ,
ધરો આનન્દ ગુણ ક્હાનાના ગાઈ,
ટાણું ન ! આવે ફરી આવું ભાઈ,
મારો હબડાકા ને પીઓ ધરાઇ.
હાશ મીઠી છાસ—પીઓ.

(શ્રીકૃષ્ણ—સુદામા.) રણછોડદાસ ભાઇચંદ.

૨૧

ગામડામાં દૂધને રોટલો.

હરિગીત,

નાના લીલા કઇ લીમડેથી અનિલ આવે નાચતો,
મુજ તપ્ત ગ્લાનિગ્રસ્ત મનમાં શાન્તિ મિઠ્ઠી રેડતો;
શાં સૂર્ય કેરાં કનક રંગે કિરણ આછાં શોભતાં,
મુજ મન શરીરને જગવીને ચૈતન્ય નૂતન અર્પતાં.

પાંખો પ્રસારી પક્ષીઓ હુંફ સૂર્યથી લેતાં હતા,
મીઠા ગભીર સ્વરે પ્રભુની પ્રભાત આરતિ ગજવતા;

આવી રહેલાં વૃક્ષ લીલાં દૂર ભૂરા વ્યોમમાં,
મુજ નયન ઠારી, હૃદય વળી અતિ હર્ષથી ભરતાં હતાં.

તે સમય મુજ ઉર લલિત લલના લાવી દૂધ ને રોટલો,
"લ્યો ખાઓ વ્હાલા ભાવશે ખોરાક અમ આ ગરીબનો"
આ વચન વદતાં સ્મિત સલૂણું સુન્દરીએ જે કર્યું,
નહિ કુશલ કો કવિ ચિત્રકાર સમર્થ જાણે ચિતરવું.

આ નારી ન્હોતી નગરવાસી ફિક્કી પાણ્ડુ વર્ણની,
મજબૂત શરીરે ગામડાની લોહી ભરી મહિલા હતી;
સહવાસ જેનો જીવન અર્પે, જીવન ઉત્સાહે ભરે,
મુખ ચન્દ્ર જેનો પ્રકટ થઈ, ગ્લાનિતિમિરને સહરે.

"લાવો પ્રિયા," કહી મેં ઉમંગે તે લીધાં આનંદથી,
તે વલ્લભાના વદન હસતા પાસ બેઠો પ્રેમથી;
કડકો હું ખાઉં રોટલો, શો સ્વાદ મધુરો લાગતો,
ઘુંટડો પીઉં હું દૂધનો જાણેજ હોયે અમિ તણો.

કો નગરગૃહ વિશાલ પણ જ્યાં સૂર્ય વાયુ ન સંચરે,
માનવ તણી જ્યાં કુશલતા, સુક્કીજ દૃષ્ટિએ પડે;
આ સ્થળ કદી પકવાન ખાઓ, ને મશાલા જો તમે,
પણ તે સહુ આ રોટલા ને દૂધ આગળ તુચ્છ છે.

ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ.
(બન્ધુસમાજ.)

૨૨.

ધણ.

ઝરણી.

ઊગ્યો સૂરજ જો લીલૂડા વનમાં રે,
ઊગ્યો ઊગ્યો સરવર–ગિરિવરને તટે;
જાગ્યાં ઘોર ઘટામાંનાં પંખેરૂ રે,
જાગ્યાં જાગ્યાં મેના, પોપટ, મોરલા.

ધણ લઇને ચાલ્યા વન બાલ ગોવાલો રે,
ગાયો લઇ જાશે રે આઘી સીમમાં.
ફૂરતો ફાલ્યો આંબલિયાનો ફાલ રે,
શીળો રે સરવરિયા પરનો વાયરો.

ધણ ચરશે લીલમડું ઘાસલવિંગ રે;
સરવરનીર પીશે ને તેમાં ધૂમશે.
ધાડાં જામ્યાં જાંબૂડીનાં ઝાડો રે,
તેને શીળે ધણ વેરાતું ઢળી જશે.

દૂરના સરવર ભરતા ઝરણાં જેવો રે,
ગીતડાં ગાતાં નાદ રાયકો રેલશે.
આંબાની મંજરીઓ ખાતી કોયલ રે,
વસન્તની વાંસલડી સરિખી બોલશે.

–માં છેડીશ તું આજે તારી વેણુ રે,
પ્રભુનાં ગીત વનવનથી વહી તને વધાવશે.—
ચીલામાં ચળકન્તા ઝરવા વીણી રે,
છાંયે બેઠા રાયકો ભાત આરોગશે

વૈશાખે વંટોળ ઉનાધખ વાશે રે,
ધૂળના વાદળ રચશે વનના વાયરા.
બળતા કિરણોના વરસાદ વરસશે રે,
બળશે ધરતી, બળશે પ્રાણી, પાંદડા.

વિયોગ શો કંઇ ધોમ ધખે આકાશે રે,
સૂકવશે સૃષ્ટિ, રસ આંબે સિંચશે,
ચરતાં પંખી ડાળે ભેળાં થાશે રે,
વિસામે વિરમશે જગના પન્થીઓ.

કડવી લીમડીઓની મીઠી છાયે રે,
રૂમાલના ઓશીકે રાયકો પોઢશે.
કિલકિલ કરતાં વ્હાલપડાં પંખેરૂ રે,
વ્હાલા ગોવાળ હાલરડે ઊંઘાડશે.

લળી લળી નમતી ફૂલવતી નીચી ડાળો રે,
પોઢયા ગોવાળ ઉપરથી માખ ઉડાડશે.
લીલમછમ પલ્લવમાં ઠરતો વાયુ રે,
થાકેલા ગોવાળનો થાક ઉતારશે.

–સ કોરી લે પાલવ તારો ઉડતો રે,
વસન્તના પાલવની લીઝૂંત જો ! ઘડી–
નમતો પ્હોર થશે ને સૂરજ નમશે રે,
વાદળિયા સરવરમાં લ્હેરો આવશે.

તટના ઘાસ વિશે મધમાખ ગગણુશે રે,
પાળોને શણગારશે બગની વેલડી.
તરુવર કરતા વાધી તેમની છાયા રે,
પશુ પખી પણ લાગ્યાં મદભર ડોલવા.

પોઢયા રાયકા આળસ મરડી ઉઠયા રે,
ઉઠીને વગાડી ચતરંગ વાંસળી.
આઘી આઘી ખોમાં વળતી ગાયો રે,
વાંસલડી સાંભળશે, ટપ ત્યા ઊભશે.

જળજળનિર્મળ કમળો દૂદતી ભેંસો રે,
વાંસલડી સુણુશે ને જલને ત્યાગશે
–જો ! જો ! ઘેરા ભવયમુનાતટ રમતા રે,
અનહદ રે વગાડે ગોવિન્દ વાંસળી

સુણુ, સમજ, આચર એ ગીતના ભેદો રે,
પશુથી એ પામર શુ આપણુ માનવી ?–
સાંઝ પડી, આ તડકા કુમળા થાય રે,
સૂરજ પણુ ધરતીના ઉરમાં ઢળી પડયો.

ક્યાં છે ધણ? એ ક્યાં છે બાલ ગોવાળ રે,
ક્યાં છે વાંસલડી એ વનવન વીધતી ?
માત્ર સરોવરજલમાં રમતા ભાળું રે,
દોડતી વાદળીઓનાં ભૂખરાં લ્હેરિયાં.

—આછા ઘુંઘટ ઉઘાડ, વદન વિકસાવ રે,
વાદળિયોને વેર, પ્રકટ મુખ ચાંદની.
પ્રિયતમપ્રિય જોઈ લોકડિયાં લજ્જાશે રે,
વસન્ત તો પાંખડિયે પ્રેમ વધાવશે.

ધન્ય નયન ! શું હાસ્ય સરલ ! હું પામ્યો રે,
આશિર્વાદ હૃદયમાં ઉભરાતા ઝીલ્યા
ભાલકમલ સૌભાગ્યસુધા મેં પીધી રે,
ધણમાં નવ એ દૂધડિયાં લાધ્યાં મને.

(કેટલાંક કાવ્યો.) નાનાલાલ દલપતરામ કવિ.

૨૩

વંશીનાદ.

વાઈ વાંસળી, મીઠડા અમી ભર્યાં, સુરો અહા! શું સર્યાં?
કુંજ કુંજ મચાવી ધ્વનિ મધુરી, વૃન્દાવને વિસ્તર્યાં;
રેલાયું રવપૂર, લે'લીન અબોલા શી શમી કોકિલા !
ને થંભ્યાં ધણ, ગોપ મુગ્ધ બનીયા, ઘેલી થઇ ગોપિકા,

વૃન્દાવન ફૂલવાડી સુહાય,
યૌવનમાં મ્હાલે ઋતુરાય;
પવન સુગન્ધી, મનહર તીર,
નચવતો યમુનાનાં નીર:
તરુવર મ્હોર લચ્યાં મલકાય,
કુમળાં ગીતલડાં કંઈ ગાય;
સિંચે શીતલ ઉષા પ્રકાશ;
સુરરવમાં રમતુ આકાશ.

પગની આંટી ઘાલીને, કર ધરી બંશી રસાળ,
તરુ ડાળે ટેકવી ઉભો, એકલડો કો બાળ.

ગિરિવર ગોવર્ધન શિર આજ,
ધ્યાન તજે ઋષિ મુનિવર રાજ;
નન્દગામ સુણી સુર મધુર,
ઘર તજી ધર્યો આવ્યુ જનપૂર:
પશુ, પંખી, માછલડાં લીન,
દિવ્ય ગાનમય છે જગદીન;
પ્રણય હૃદય સહુમાં ઉભરાય,
ગીતલહર દસદિશ છલકાય.

મુખે હાસ્ય મીઠું રમે ને આંખ અવનવાં તાન;
મુરલી અધર લગાવીને બાલ લવે પ્રિય ગાન.

ગોપબાલ છે વર્ણે શ્યામ,
વર્ષ બાર અંદર અભિરામ,
ભુરકી તોયે એનું રૂપ,
નાંખે મોહિની જાળ અનૂપ:

જોતાં લોચનમય મન થાય,
જીવન વિશ્વ બધું વિસરાય,
મન્દ હાસ ઉપજાવે વ્હાલ,
તન્મય સહુને કરતો બાલ

વહી આ માધુરી, હૃદય રવની દિવ્ય નદી જ્યાં,
ડુબ્યાં સૌ એ ચિન્તો, રસબસ થઈ સૃષ્ટિ પળમાં,
ઉંડો, ધીરો, મિઠ્ઠો, લલિત મૃદુ ટૌકાર સુણતાં,
સર્યાં સૌનાં ચિન્તો, વિવશ થયલાં બાલપદમાં.

રમ્ય રુડેરા રાસ રમાય,
ગોપ ગોપીનાં નૃત્ય સુહાય,
રંગરાગની રમઝટ માંહ્ય,
નવ દાંડીઆ રસ રેલાય

વ્રજ સઘળું ચ્હડી સુરહિન્દોલ,
ઝુલે હીચકા કંઈ અણમોલ,
તનમનનયન લચે રસલોલ,
વનલહરે જ્યમ જળકલ્લોલ.

અભિનવ પાંદડીમાં ખીલે, પ્રતિપળ ઉર–અરવિન્દ;
બસરી કંઠ સુધા ઝરે, જયહો બાલ ગોવિન્દ.

કુદરત મોહિની મદ ઝીલન્ત,
ધરતી અનુપમ રૂપ અનન્ત;
કુંજ અનિલ સુર સંગે સરે,
સરિતાજળલહરી પર તરે.

વનતરુવૃન્દ ઘટામા રમે,
ઘન ગિરિવરમાળે શો ભમે,
સુન્દર કિરણાવલિ ગુંથન્ત,
ઉછરે ઉરરવ રંગ અનન્ત,

નન્દન સુન્દર નન્દનો, વાયે રસિલી વેણુ;
અન્તર ઝીલી અમૃત ભર્યાં રેલાયે પ્રીતિફ્હેણુ.

મનસદને રસવેલી ખિલેલ,
પ્રીતિપરિમલ લસતી સુખરેલ,
ઉજળાં આત્મકુસુમ મલકાય,
શાન્તિ શીળી સુરઝરણુ સુહાયઃ

મનુપંખી ઉલ્લાસ ભરેલ,
પ્રભુતા, પાવનતા, જ્યાં રહેલ;
જ્ઞાન તપોવન શ્રદ્ધા સન્ત,
જીવન્ ઉજાળે મંગલ મન્ત્ર,

ઉંડી, ઘેરી, મનધનગુહાનાં ઉંડાણે વહન્તો,
કૂળાં, મીઠાં, અમિ નિગળતાં, પ્રેમ વ્હેણો ઝરન્તો;
ભક્તિ ભીંજ્યાં મનુહૃદય કલ્યાણ કુંજે ધરન્તો,
મોંઘો ટૌકો પ્રભુ મુરલીમાં, ધર્મનો શો રમન્તો!

'સુમન્ત.'

૨૪

ગોપાંગનાનાં દાન.

મારા ઘરમાં ગોકુળિયાં જાગે રે,
ગગને ગાજે ગોપાલની બંસરી:
બાજે ગેબી ગોપાલની બંસરી.
થેઇ થેઈ થન્ના રે, રાસ રચે નભ પૂર્ણિમા.

ગગને-૦ મારા ઘરમાં—૦.

પ્રાતઃ ભયો, મારા ઘરનો ગોવાળિયો ગવરી
ગાયોનાં ધણ ચારે રે;
બંસરી બાજે, ને ઠમકે નાચે, ગોરસના રસ રાજે,
વાજે રે ગેબી ગોપાલની બંસરી—મારા૦-

ગોપાલના મંત્રો ગોવાળ ઝીલે, બાલગોપાલ ગોવાટે;
ગાવડીઓનાં ગોરસ દોતાં મારે આંગણીએ વૃંદાવન જાગે:
વાજે રે ગેબી ગોપાલની બંસરી—મારા૦-

ગોવાળણુનાં રે ધન્ય જીવન, મારો જીવન જગજીવનનો સાથી રે:
ગૃહે ગૃહે ગોવાળિયા જાગો, ગગનનાં ગોરસ ચાખો:
બાઈ! તારો ચૂડો રે, રૂડો રે,
અમર ગોપાળજી રાખો;
થેઈ થેઈ થના રે, રાસ રચે નભ પૂર્ણિમા:
ગગને—૦ મારા ઘરમાં—૦

(નિજકુંજ.) મુળજી દુર્લભ વેદ.

૨૫.

સાદાં જીવન.

હાં રે અમે જીવીએ નિત્યે સાદાં જીવન! ટેક૦
બાવટાનો રોટલો ને કેરીનો ગોટલો,
દહીં અને છાશ તણી છે છનાછન! અમે૦

રૂએલ ગોદડાંનાં રડીએ ન રોદડાં,
ઘાસનાં બિછાને કરીએ શયન! અમે૦

માટીનાં ભીંતડાંનાં નાનાં શાં ઝુંપડાં,
આરસી જેવાં કૈં ચોકખા તદ્દન! અમે૦

ઢોરાં ચરાવીએ, ગોરસ ઉપજાવીએ,
ગોકુળના ગોપ શાં જીવન પાવન! અમે૦

બોલવાનું કૈંક અને ચાલવાનું કૈંક,
કરીએ એ નીતિને દૂરથી નમન! અમે૦

પિંડને આ પાડીએ પણ જગને જીવાડીએ,
પરમાર્થ એજ પ્રાણ કેરાં ચિંતન! અમે૦

ખેતી પુરાણો ધંધો મજાનો
ચઢતી કરો પ્રભુ તેની દિન દિન! અમે૦

(પટેલબન્ધુ) કૃષ્ણાનુચર.

૨૬

દિવ્ય ગોપજીવન.*

હરિગીત.

ગોકુળમા ઉત્પાત ને ભારે અરિષ્ટો આવતા,
ગોપો થઈ એકત્ર વૃદ્ધની સંમતિથી વિચારતા,
તૃણ ઋદ્ધિ સિદ્ધિથી ભરેલા રમ્ય વૃંદાવન મહી,
અનુભવી વિચારે એકમત વસવા ઠરાવ્યુ ત્યાં જઈ

મંદાક્રાંતા.

એ ઉત્સાહે તરત ઉછળ્યુ ગામ ત્યાં ઉછરંગે,
ને તૈયારી સરવ કરવા લાગતા એક સંગે,
અંગે અંગે નવલ નવલો રંગ આનંદ દેતો,
એ આનંદે શુભ ભવિષ્યનું સૂચવી એક રે'તો

*શ્રી ભાગવતના દશમ પૂર્વાર્ધ ઉપરથી.

હરિગીત.

ગૌધન સહુ આગળ કર્યું શોભાવીને શણગારથી,
ગાડાં ભર્યાં સાદા છતા ઉપયોગી સરસામાનથી;
સૈ બાળ સ્ત્રીઓ વૃદ્ધને સગવડ કરી બેસારતા,
લઈ ધનુષ્ય આદિ શસ્ત્ર સાદાં યુવક પાછળ ચાલતા

મંદાક્રાંતા.

સંભાળી સૈ સુખદ કરતા માર્ગ રંગે રસેલો,
જાતા જાતાં સરિત ઝરણે ખેલતાં કૈંક ખેલો,
ચોક્ખે સાદે નવલ વસને ને અલંકાર સાદે,
શોભાવે છે મધુર સુરથી સુંદરી કાંતિ ગાડે.

ગાતી ગોપી ગરજતી જતી ગીત ગોવિંદનાથી,
ઉત્સાહી ને નવીન રણકે ગાજતી ગાય જાતી,
બાળો માટે મરી પડતી મા રોહિણી ને યશોદા,
બાળો સંગે વિવિધ કરતાં બાળના ખેલ બેઠાં.

હરિગીત.

વૃંદાવને પ્હોંચી સુરમ્ય વનસ્પતિ જ્યાં નવનવી,
વ્રજવાસ કીધો અર્ધ ચંદ્રાકાર ગાડાં ગોઠવી;
સહુ ગોપ ગોપી ગાયને સુખ સર્વ કાળે આપતું,
વ્રજપુણ્ય યમુનાપુલિન ગોવર્ધનથી નિત્ય નવું થતું.

એ દિવ્ય ગિરિ દિવ્ય કુંજો દિવ્ય તૃણુ વિટપ–લતા,
કુદરત ઝઝુમી રગરગે કુદરત તણી જ્યાં સમીપતા;
એ દિવ્યતા ને સમીપતાથી ઇશ્વિરી સૌ થઇ રહ્યું,
કુદરતી જીવન સાદું જીવન સ્વર્ગ–જીવન બની ગયું.

સ્હાયે ભયંકર વિવિધ બારે મેઘ હારે ઉલટયા,
ગાયો સહુ જ્યાં ગોપગોપી એક ઓથે ઉગર્યાં.
જે સ્હાય એ ગિરિવર સમી કુદરતી કૃતિ કરતી હતી,
તે માનુષી કારીગરી કોટિ કરી શકતી નથી.

વિહારી.

૨૭

ખેડૂત.

ભાઈ! મેં તો મહા દિક્ષા ધારી,
પૃથ્વીભંડારનો હું ભંડારી.
અખૂટ ભંડાર એ હું ઉઘાડું,
દેશપતિ દેશજનને જમાડું.

દેશની દોલતને હું સરજું,
પણ જનમોજનમનો હું ગરજું.

ઝરણું ધનનું ફુટે આરે ધાસે,
દઈ તાળી તે તો વહી જાએ.

પંખી ઉડે તેમાં શું સપાડું ?
ધરતી ખોળે હું તો ઘર માંડું.

હું તો ધરતીમાતાનો પૂત,
મારૂં નામ પૂછો તો ખેડૂત.

૨૮.

શેળાવૃ-ત.

રે ખેડૂત તું ખરે જગતનો તાત ગણાયો;
આ સઘળો સંસાર પાળતો તું જ જણાયો.

કપાસ, ફળ, ફૂલ, ઘાસ, ધાન્યને તું નીપજાવે;
અન્ન ખાય સહુ જીવ, ધરે જન વસ્ત્રો ભાવે.

સહે તાપ વરસાદ વળી બહુ મે'નત કરતો;
રહે શરીરે લઠ્ઠ, સદા સંતોષે ફરતો.

ઉત્તમ ખેતી ખરે, વળી તે પર ઉપકારી,
ખરી ખંતથી દીએ, જગતને શીખ તું સારી.

(વાચનમાળા, બીજી ચોપડી.)

૨૯

હરિગીત.

નીજ-બળ અને બલિવર્દ-બળથી સર્વદા જે ઘૂમતો;
ને એક અધિપતિ મેઘ જેનો જલદ-બળથી ઘૂમતો:
પ્રતિક્ષણ પ્રીતિ ઉદ્યોગમાં વિશ્વાસ વિભુમાં છે સદા;
જગ કાજ ઝુમતો સર્વદા પરવા ન નીજ કરે કદા.

શીત, તાપ, વર્ષા સર્વ સ્હીને રાતદિન વેઠી વળી;
હે વીર આ શું આદર્યું? મમ હૃદય નવ શકતું કળી:
મોંઘા મૂલા કણ, દૂધ, ઘી ને રૂ અધિક તુ આપતો;
પણ રોટલા ને છાશથી શાબાશ તું તો રાચતો.

લક્ષાધિપતિ લાખો વળી રાજા, અધિકારી દીઠા;
ઔદાર્ય અતિશય તુજમાં મેં તવસમા કો નવ દીઠા:
તુજ કાર્ય ને વ્યવહાર હું ઉપકારમય દેખુ અરે;
ઉત્કર્ષ દેશ તણો બધો તુજ પર રહ્યો માનુ ખરે

વ્યાપારી ને વિદ્વાન, રાજા તુજ બળથી ઘૂમતા;
નીજ દેશરક્ષા કાજ વીર તુજ ધાન્ય ખાઈ ઝઝૂમતા:
તુજ નામ ને તુજ કામથી સ્હેલાણી કંઇ શરમાય છે;
સૂગ આવતી તે મૂર્ખને ભ્રમથી ખરે ભરમાય છે.

(પટેલબન્ધુ.) મણિલાલ મોતીલાલ ભટ્ટ.

૩૭

ખેડુત અને રાજા. *

(રાગ. પુનમ ચાંદનીનો, સાખી વિનાનો.)

તાપી તીરે ખેડુ એક વસે શાણો ઘણો રે,
અંગે નિરોગી ને નિડર તે નિરધાર,
દિનભર ઉદ્યોગી રહી આનંદે ગાતો ઘણું રે.

ગાતો ઉલ્લાસે ઉલ્લાસે ખેતરમાં સદા રે,–
“ઈર્ષ્યા કોઈ તણી નહિં છે મુજને લવલેશ,
“કોઈ મારી પણ નવ કરતું તેવી રીતથી રે.”

શબ્દો સાંભળી એના રાજા તે નગરી તણા રે,
પાસે આવી કહે છે–“મિત્ર, નથી આ સાચ –
“મુજને ઈર્ષ્યા તારી થાય ઘણી સાચું કહું રે.

“રહેવું નિશ્ચિંત તે વળી ગાવું ને ફરવું ઘણુ રે,
“તારી રહેણી કરણી સાદી ને સ્વતંત્ર,–
“કહે તુ–એ શાથી? ઈર્ષ્યાથી હું દાઝું ઘણો રે.”

ખેડુ મલકાતો ને રાજાને નિહાળતો રે,
લીધું ફાળીયું ઉતારી શિરથી હાથ,
“સુખી જીવન શાથી?” “સાંભળ, કારણ કહું કથી રે”

---

* મૅકેના The Miller of the Dee ઉપરથી સૂચિત.

"કરતો મ્હેનત ને કમાતો હુ છું સ્વાશ્રયી રે,
"સાંઝે છૈયાં ને કુટુંબી મળીને સાથ,
"કરતાં વાતો, પીતાં છાસ અને ભડકી ફ્ડી રે.

"રાજા દેવાનું દુઃખ પાઈ તણું નહિ છે મને રે,
"તેથી આવે રાતે સુખે મુજને ઊંઘ,
"એકી ઊંઘે વ્હાણું વાયે કંઈ જાણું નહિ રે.

"રાજા શ્હેરોનાં જીવન કાવાદાવા ભર્યાં રે,
"જૂઠું ડગલે બોલે સમજે નહિ કંઈ પાપ,
"રાખે ઈશ્વરનો ભય લેશ નહિ મનમાં કદી રે.

"રાજા સુખ સાચાંની ઇચ્છા તુજને જો ખરી રે,
"જીવન સાચાં ને સાદાંનું લૈને વ્રત,
"શ્રદ્ધા ઈશ્વર પર રાખીને કર તુજ કામને રે."

"ખેડુ! ધન્ય ગણું હું દિવસ મારો આજનો રે,
"મારા રાજ્ય મહી તું સરખા વસતા સંત,
"તુજને પ્રેમ થકી હાં મારા રામ રામ છે રે."

(પટેલબન્ધુ.) ભૂમિપુત્ર.

૩૧.

ખેડૂતની ડોશી.

વસંતતિલકા.

જૂનું હતું ઘર તથાપિ હતું સમાયું,
ને એ ફૂટેલ નળીઆં થકી ઠીક છાયું;
ગારે લીંપેલ ભીંત ગોરમટી દીધેલી,
એ આભલા સમ રહીં ઝબકે મઝાંની.

લીંપેલ ઓશરી હતી કરી વાળ ચોકખી,
વાળેલ રૂડુ ફળ કાંકરી પાથરેલું;
વંડી ઉભી ફરતી એ ગઢને ભૂલાવે,
કાંટા તણું ઉપર છાજું રૂડું દીધેલું.

સાંઠી અને કડબનો જડીને કરેલો,
ઝાંપો દીધો ફરતું ઢોર ન કોઈ આવે;
એ ટાંકલા સમ ઉભું ઘર ડોશી માનું,
જાતો કદી વિરમવા તહીં માડી પાસે.

ડોશી હતાં વરસ એંશીકનાં થયેલાં,
ને દીકરા ત્રણ યુવાન તણાં હતાં મા;
એ દીકરાની વહુ કામ કરે ઝપાટે,
ને ડોશી કોર પર બેસીજ લોટ આપે.

એ દીકરા વળી હતા સહુ પુત્રવાન,
ને છોકરાં કળશી એક બધાં મળીને,
બે ચાર સાથી વળી કામ કરે બીજાંએ,
ઘેરો હતાં ઘર મહીં સહુ માણસો એ

હું એક દી જઈ ચડયો કંઈ ડોશી પાસે,
માજી હતાં બજર દાતણ દાંત દેતાં,
"એ આવ ..માડી" કહી ખાટલી એક ચીંધી,
ને "બેશ, બાપુ ! હમણાં કયમ આહીંછે તું?"

મેં સાંભળ્યું હતું અતિ ધનવાન એ છે,
ને ગામમાં અનુભવી ઘર એ ગણાતું,
દૃષ્ટિ કરી દિશ બધી સહુ એજ જોયું,
ત્યાં મૂલ્યવાન નહિ ચીજ કશીય દીઠી

સાદાઇ લોક ગણતા સઘળી હતી ત્યાં,
કે ગામડાની હતી એ સહુ ભવ્ય શોભા;
હું તો થઈ ચકિત એ સઘળું નિહાળું,
ના શ્હેરનું ધનિક ચિહ્નજ કયાંય ભાળું.

ત્યાં ડોશી દાંત ઘસીને કરી સાફ મોઢું,
સામે મુખે ફરી નિરાંત કરીજ પૂછે;
" કાં માડી કેમ કંઈ કામમશે તુ આવ્યો?
આ ડોશીની ખબર આજ લીધી ઘણે દી."

"ના, મા ! હું આમ ફરતો ચડી આંહીં આવ્યો,
"આ આપ વૃદ્ધ તણી આશિષ માગીં લેવા;
"આ છોકરા કયમ નથી ભણતા નિશાળે?"
એ પ્રશ્ન કાંઈ થઈ જાય જ સ્હેજ સાથે.

"માડી ! અરે ! ભણતરે નવું શું કર્યુ છો
"એ જો ભણે બધુ ય ખેડનુ કામ ભૂલે,
"એ બે ઘડી રખડી ખેતર કોર જાશે,
"ત્યાં કામ ચીધ્યુ કરશે સૌ ઝીણું મોટું.

"દોડે, રમે, વળી વયાં વળી એ ઉડાડે,
"ને ઢોરને તગડશે, ગરશે છીંડે તો;
"આ એમ કાલ શીખશે સહુ ખેડ મેળે,
"ને ખેડીં ખેતર સુખે ઘર બાંધી રહેશે.

"જે પાકશે નિપજ ખેતરમા તકે તે,
"એ ધાનનો કળશી ખાંડ ભૂકો લઇને;
"એનો નિભાવ કરશે સહુ એની મેળે,
"શુ કામ નાહક પછી ભણવુ નિશાળે ?

"ખેડુતનુ ભણવું ખેતરમા જ સાચુ,
"વાંચ્યે લખ્યે નહિ શીખે હળ જોડવાનું;
"એ રોટલો જ સુખનો દિવસે કમાઇ,
"સાંજે ઘરે કરી નિરાંત ભજે પ્રભુને."

ત્યાં ડોશીની નજીક બેસતી એક છોડી,
"મા ! રોટલા દસ મૂકું ? કઢી ભાતમાં છે;"
"એકાદ મૂક વધુ ત્યાં પડતો ભલે રહે,
"છે દાડિયા હળ હશે નવ આજ જોડ્યાં."

કો છોકરું લળી લળી કરી લાડ પૂછે,
"મા ! ઢોર છોડી લઇ જાઉં છું, પાઈ આપો,"
ડોશી બતાવી ખીંટીએ નિજ સાડલો કહે,
"લે છોડી પાઈ કદી બાંધી જ હોય છેડે."

સૌ છોકરાની ફરતી વહુ આમ તેમ,
ચાલે બધી ફડફડે ચણિયાની ચાળો;
કો ઢોર છોડતી, વળી કઇ ભેંશ દોતી,
કો ગોળીમાં દહીં પૂરી પછી એ વલોવે.

ખોળા મહીં પડતું આવીજ છોકરું તો,
"બેટા ! શિરાવ્યું ?" પૂછી બાથ ભીડી રમાડે;
આવું કહી વડીલ સર્વની ડોશી થાતી,
ને ઓશરી પર રહી રહી સર્વ જોતી.

એ ડોશીના જીવન સુખ તણી સીમાએ,
"મા છો સુખી" કહી જવાય કશું અજાણ્યે;
"હા, મા, સુખી, મરૂં મૂકી બધી લીલી વાડી,
"આ જીવન છે બધું રૂપાળું પ્રભુ કૃપાથી."

જોયાં બહુ ધનિક શ્હેર મહીં કુટુમ્બો:
નિશ્ચિંત એ સુખવિલાસ અનેક મ્હાણે;
સંતોષ તોય નજરે ન પડ્યો જ તેમાં,
એ આજ સર્વ શીખવ્યું અહીં ડોશી માએ.

સંતોષની પરમ ગભીર જોઈ લીલા,
ને મૂઢ શો ઉઠી ફર્યો ગૃહની દિશાએ;
સંતોષ શું ? જગતમાં નથી એક છાયા ?
હું ક્યાં રહું ? નહિ કશુંય સૂઝે મને તો.

ભૂલ્યો હું સર્વ ભણીને શીખવું હતું તે,
અજ્ઞાન-જ્ઞાન તણી બાંધવી કેમ સીમા ?
યાચું પ્રભુ નવીન દૃષ્ટિ જૂની કરી વા,
આ દૃષ્ટિ ઈષ્ટ ફલપ્રાપ્તિ મહીં ડુબાવે.

સ્નેહજ્યોતિ

૬૨.

હોળદેવી.

ગરબી.

ધન છે ધન છે ધન છે રે, હોળ દેવી તો ધન છે રે. ટેક.

તારા ઉપર તો જગત જીવે છે, આધાર તાહરો તદ્દન છે રે, હો૦
લીલોતરી સહુ તુંથી ખીલે છે, નૂરે શૂરે ભર્યાં જન છે રે. હો૦

થોડી સેવાએ ઘણો આપે વર, મૂહી લઇને દે ટંન છે રે, હો૦
સાદી રંગીલી ઉદાર મહેનતુ, કરે જમીનનું પીજંન છે રે, હો૦

તારા પુજારી સુખી સતોષી, સદા નિરોગી મગંન છે રે, હો૦
તારા દહેરાંની શોભાથી સીમા, ઋતુ ઋતુ રંગમાં પ્રસન્ન છે રે હો૦

આકાશ ઘુમટ રંગિત સુશોભિત, તેવુજ રૂડું આસન છે રે, હો૦
પખીની હારને તોરણ રૂપે, ગાને ગાજી રહે ગગન છે રે હો૦

તોફાની વાયુ ને વીજ ચમકારા, ગર્ગડાટે શોભતુ વન છે રે હો૦
દુનીયામાં દોલત તરેતરેની, મોટી સાચી રૂડી અન્ન છે રે. હો૦

દેવી દેખંતાં દીલ તો ડોલે, જાય પડી લ્હેરમાં મન છે રે. હો૦
ગુણો નર્મદ તે શા શા ગાએ, દેવી તો જોડ ભજન છે રે. હો૦

(નર્મકવિતા.) કવિ નર્મદાશંકર.

૩૩.

ગાય.

ગરબી.

ગાય છે ગાય છે ગાય છે રે,
ધન ધાન્ય તણું મૂળ ગાય છે. ટેક.

પાય છે જે પય માયના સરીખુ,
ગુણ તેના તો ગવાય છે રે;—ધન.

ભેંસનું ભારી ને બકરીનું હલકું,
ગાયનું સમાન ગણાય છે રે;—ધન.

વિયાય છે વળી જે નવ માસે,
વૈદકનો અભિપ્રાય છે રે;—ધન.

ગાય પોષાય તો ખેતીવાડીને,
દેશ આબાદી છવાય છે રે,—ધન.

બળદ મળે વળી બહુ બળવંતા,
શાંતિમાં જે જોતરાય છે રે,—ધન.

ખેતી ઉદ્યોગનું દ્વાર એ ખરેખર,
આળસમાં અટવાય છે રે.—ધન.

અન્ન-વસ્ત્ર-શાક-પાક પામો અનુપમ,
કહાન સિદ્ધાંત સદાય છે રે;—ધન.

(ગદ્યપદ્ય-સંગ્રહ) કહાનજી ધર્મસિંહ.

૩૪.

ગરબી—ચોચોકા.

લાગે મને ગાય તું ઘણી વા'લી, ઓ ગૌરી ગરીબ, ને ગુણવાળી! લાગે.
તારૂં રૂપ મને રૂડું લાગે; મુખ જોતાં ભૂખ બધી ભાગે. લાગે.
ધોળું અંગ ને શિંગડીઓ કાળી; આંખ રાંકડી, કાળી હેતાળી. લાગે.

તારે કંઠે, ઘંટડી ઘણુઘણુતી; ચારે ચરણે, ઝાંઝરી ઝણુઝણુતી લાગે.

ગોવાળેથી, પાછી તુ વળતી; ત્યાં ભાં, ભાં, ભાં, ભાવે ભણુતી. લાગે.
આપે ઉથલો વાછડું થન થનતાં; પેસે પોળમાં પ્રેમે તે તું સુણુતાં લાગે.
હીંડે હરખે ઉછળતી તું ઘેલી; તોએ કોને, મૂકે ન તું ઠેલી લાગે.
વાટે બેઠાં બાળ બચાવી લે, એવી ડાહી દયાળુ તું દીસે. લાગે.

મારનાર ઉપર પણુ તુ ભારે, નથી કરતીજ રીશ અતિશય કયારે લાગે.
તે તો ધર્મનો મર્મજ પરમ લહ્યો; ગૂઢ ગરીબપણુનો ગુણુ ગ્રહ્યો. લાગે.
તુ તો રોજ, પરોપકારે રાજી; તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે.
તું ધોળીને ધોળુ, દૂધ તારૂ, ગુણુકારી, સ્વાદભર્યું સારૂ લાગે.

દહીં, દૂધ, ઘી, માખણુને છાસ, જેમાં સર્વ સ્વાદ તણો વાસ લાગે.
એ પાંચે અમૃત પૃથ્વી પર જે, તે અમ અર્થે તુ તો સરજે. લાગે.
બર્ફી, ને પેડાને માવો, બાસુદી શીખંડનો બડો લ્હાવો લાગે.
તે તો તારી પ્રસાદી, ઓ, સુખદાતા! ગાય માતા તું સાચીજ માતા લાગે.

તારા પ્રેમનો પાડ હુ કેમ વાળુ ? આવ આવ હુ હેતે પંપાળુ. લાગે.
તારી શિંગડી સુંદર સિંદુરે, રંગ સોને શણુગારૂ હું રે લાગે.
કરૂ ચાંદલો ને ચોખા ચોડુ, ફૂલ હાર પહેરાવી, નિરખુ મોઢુ ! લાગે.
ધન ધન ધેનુ ! રૂપ ગુણુ ધામ; ગુણુ ગાયના ગાય નવલરામ. લાગે.

(બાળ-ગરબાવલી) સ્વ. નવલરામ.

૩૫.

બળદ.

ચોપાઈ.

વાત કહું તે સુણજો વ્હાલે, ધ્યાન ધરીને મારી;
અરે બાપડા બળદ તણી આ સેવા જુઓ વિચારી.

બળદ કહે કે ગૈ માતાએ, જન્મ મને આ દીધો,
બેટા ધણીની સેવા કરજે, હૂકમ એવો કીધો!

પેટ ભરીને દૂધ નહિ પીધું, લીધું તે પણ કાઢી;
ઘાસ અને ચારો ખાઈ હું, ખુંદતો ખેતર વાડી.

પાંચ વરસનો થયો હું ત્યારે, નાક વિંધી મુજ નાખ્યું;
નાથ જુઓ આ ઘાલી મુજને, સંકટ મેં બહુ સાંખ્યું!

ગાડીએ મુજને જોતરિયો, બરડે ભટકા ભાગે?
ધમ ધમ કરતી ગાડી ચાલે, ઘમ ઘમ ઘુઘરા વાગે!

શોભે છે કેવાં મુજ શિંગડાં! જુઓ તમારે છે કે?
પાછળ કેવું સુંદર પૂંછડું, વળતું લટકે લ્હેકે!

ખેડૂતનું બળ હુંથી જાણો, મુજ બળથી હળ હાંકે;
વ્યવહાર જ મારાથી ચાલે, ધણીનો પૈસો પાકે.
એવી ધણીની સેવા કરતો, રહું છું રૂડી રીતે;
દયા ધરીને પ્રીતે એ સૌ, યાદ કરો શુભ ગીતે!

(પ્રકાશિકા.) ખબરદાર.

૩૬.

ખેતી.

સવૈયા

પુરાણ પૂર્વજ હતા તમારા, વનવાસી કૃષિ કરનારા;
ઢોર ઉપર મમતા ધરનારા, કઠણ નિયમમાં પળનારા–બાલક મારાં.

દેશ જીત્યા, બહુ રાજ્યો સ્થાપ્યાં, ધર્મ, કલા ને વ્યાપાર,
શાસ્ત્ર, ફિલસુફી, હુન્નર, નીતિ કહો ન શું ઉતાર્યાં પાર–બાલક મારાં.

જંગલ ભેદ્યાં, પશુઓ રાની પાળ્યાં કંઈ કઇને માર્યાં;
અનાર્ય બહુએ પશુ જેવાને પુનિત સ્પર્શે ઉદ્ધાર્યા,–બાલક મારા.

× × ×

દુકાળ ઉપરા ઉપરી આવે છળશો નહિ તેથી જ જરા,
મારાં બાળક તમ માટે છે મુજ ધાવણમાં અખૂટ ઝરા.–બાલક મારાં.

× × ×

સમય વિચારો, સમય સુધારો સમય વિષે સાવધ વર્તો;
"ઉત્તમખેતી" સૂત્ર તમારૂ પુરાણુ પાછુ ઉરે ધરો.–બાલક મારાં.

× × ×

શ્હેરો ને શ્હેરી રોગો ને કંતાયેલાં શ્હેરી તન,
ટુંકાં જીવન, નિર્બળ કલુષિત શિથિલ બિચારાં શ્હેરી મન.–બાલક મારાં.

શ્હેરી ગરીબી, શ્હેરી સુસ્તી, વ્યર્થ શ્હેરી તણી જંજાળ;
શ્હેરી પાપો, શ્હેરી જૂઠાણું, શ્હેર તણા કલહો કંગાળ.–બાલક મારાં.

એ સહુ આવરણોને તોડો એ માયાને પરી કરો;
હિત ને હિતનાં સાધન શાશ્વત, સ્વચ્છ લોચને ઉરે ધરો;-બાલક મારાં.

વનો વસાવો, ખેડો ખેતર, રચો વાડીઓ, પશુ પાળો;
ખાતર-બીજ--ઋતુ—ચારા—ધરતીના ભેદપૂરા ન્યાળો.-બાલક મારાં.

નદીઓ સાંધો, કૂપો ગાળો, સમુદ્રવારિ મિષ્ટ કરો;
જલમાં સ્થલ, સ્થલમાં જલ આણો, કુદરતનાથી મૈત્રિ કરો
બાલક મારાં.

નીકો ખોદો બંધો બાંધો, આગ વીજને રસાયણો;
ખનિજ-સૃષ્ટિ વળી વાયુ ચક્રને અધીન કરી ખપમાં આણો,-બાલક મારાં.

એ વનવાસ વિષે ઉછરતાં દૂધ-મલ્લ તમારાં બાલ;
નહિ વ્યાઘ્રથી હઠશે પાછાં નહિ એમને છળવે વ્યાલ,-બાલક મારાં.

ધોધ કુદી એ હસશે સામા, નદીપૂર તરી ઉતરશે;
ખરે બપોરે જોજન ખેતર લણી કણસલાં-ઢગ રચશે,-બાલક મારાં.

જોબન પૂર વિષે એ આર્યો નીરખી જગ વિસ્મિત બનશે,
ભસ્મ થશે કલિયુગ આ દેશે, નવીન યુગ વર્તી રહેશે.-
બાલક મારાં.

(**નીતિશિક્ષણ**) બળવંતરાય કલ્યાણરાય ઠાકોર.

૩૭.

ડાંગરનું ખેતર.

ક્યારે ક્યારે જલ ભર્યું, જલ પર ઝવારા ઝોલાં ખાય:
ચંડોળ આકાશેથી ઉતર્યું, કણુ ખાતું ખાતું મહીં ગાય.

ચિયો ચિયો ચિંચવો ચવે, ને કરે કોયલ શું વાત:
ધીરા વાયુ વાય તે, જાણે મારા ખેતર હસે પ્રભાત

હરિયાળી સળીઓ નમે, ને ઉપર કેશર વરણાં ફૂલ:
હાથી શા ડોલે આંબલા, તેની લીલીપીળી ઢળી ઝૂલ.

ના. દ. કવિ.

૩૮.

લણણી.

આવો ભાઇઓ! હાથો હાથ, લણણી લણો:
વગડે ફરતાં ફરજો સાથ, લણણી લણો:
દહાડો છે ત્યાં આવો અહીં, લણણી લણો:
આથમશે ને સૂઝશે નહિ લણણી લણો.

વરસાદો સઉ વરસી રહ્યા, લણણી લણો:
બારે માસનું પીરસી રહ્યા, લણણી લણો:

ક્યાં ક્યાંનાં વાદળ એ હતાં ? લણણી લણોઃ
પાણી ભરવા સાથે જતાં, લણણી લણો.

વગડે એવો કરજો સાથ, લણણી લણોઃ
આવો ભાઇઓ ! હાથોહાથ, લણણી લણો.

ખેતરમાં ઉભરાતો ફાલ, લણણી લણો.
આજ મીઠી છે, કડવી કાલ, લણણી લણો.

ના. દ. કવિ.

૩૯.

દળણું.

હરિગીત.

વીણ્યું, ઝાટકી સુપડાં લઈ દાણા સહુ ચોક્ખા કર્યા,
કાગળ તણી બે ટોપલીમાં, અધમણેક ભર્યા રૂડા,
આટોપી લઈ સહુ કામ ઘરનાં દસ બજે સુતી પછી,
કર્તવ્યથી સંતુષ્ટને નિદ્રા મીઠી શી આવતી !

દિનભર સુખદ ઉદ્યોગમાં ખેડુ-વધૂ આ રાચતી,
તન, મન, ધને સુખ પામતી કર્ત્તવ્યની દેવી સમી;
સ્વપ્નો રહિત એકી ઉંઘે રજની ગઈ વીતી તહીં,
"તારો ઉગ્યો" કહી કુળ-વધૂ તે ઉઠતી સુલક્ષણી.

ચાડે મૂક્યું જે કોડીઉં દીવેલનું સળગાવિયું,
ઝાખું છતાં શું ! તેજ તેનું સૌમ્ય, ઠંડક આપતુ;
ઘરખૂણમાં ઘટી હતી તે ગમ ગઈ પછી સુંદરી,
પડીયુ હતુ નીચુ મૂક્યુ થાળા ઉપર તે ગોઠવી;

ખીલ, માકડા ઠોકયાં—સમાર્યા માચી પણ એ ગોઠવી,
કરી એટલુ, જેઠાણીને દઈ સાદ તે ઉઠાડતી,
મોટે મળસ્કે દળણું દળવા એ જણી મંડી તહીં,
મૂઠી ભરી ભરી ઓરતી, ગીતડાં મીઠા લલકારતી

મણ ભારનો પથરો કંઈ લેખા વિના તે તાણતી,
ને ઘોર ઘટીના મધુરા શાંતિમાં પ્રસરાવતી;
ભરભાંખરે પરવારી દળીને થાળુ ભરિયું લોટથી;
પીંછુ લઈ વાળી લઈ મલકાતી ઉઠી તે પછી

ઉપજાતિ

ગઈ ઓરડીમાં લૈ લોટને તે,
ચાળી ભરી માટલી હોશથી એ;
સાંજે સવારે કરી રોટલા તે,
ખાયે મીઠા સત્વ ભરેલ સ્વાદે

ભૂમિપુત્ર.

૪૦

પોંકની ઉજાણીએ.

ઉપજાતિ.

આ ખેતરો તૂલ થકી ભરેલાં,
કેવાં લીલાં કર્ષણથી લચેલાં?
માળે ઉભો બાળ ગલોલ ફેંકે,
હૈયા ઉડાડે વદી શબ્દ મોટે.

અંગેઠી ઘાલી તહીં એક સ્હેડે,
લીંપી ગુંપી થાપી સમારી સ્હેજે;
લૈને મઝેનું સરકું ખભે તે,
ભીટુ મૂકે ખેડૂ ઉપાડી હેતે.

વસંતતિલકા.

કાઢી ખીલું કફ લીધો, પથરી અછાડી,
ત્યાં દેવતા ચકમકે ઉઠતો નિહાળી;
ઓઘાસ, પાંતરી તણો લઈ હાથ કલ્લો,
અંગેઠી ચેતવી, જુઓ ! ગગને ભભૂકો.

લૈ ધારીયું છુપલી કાપી મૂકી તહીં બે,
અંગેઠી સાંગરતી એથી મઝાની-એ કહે;
ચોળી, કલાક અરધા પછી ડાડીઓ ત્યા-
દીધો, ઘડી પજરવા ફરી પાછો દીધી.

હરિગીત.

બહુ પોંકીઆં કુમળાં વિવિધ ઓંડળ ભરીને આવિયો,
મહીં ચપટી, સાઠી, દેશી, વાની, પીળીયો તે લાવિયો,
રાડેથી ભાગ્યાં કણુસલાં, પ ખારીને ભાર્યા—થયાં,
ખોળીે કરી ખાદી તણી, લઈ દાંડીઓ પાડયાં પછી.

લ્યો, ખાવ ફૂંકી, વીણુજો બોરૂં ન રહે એકે—કહી,
આપ્યો અમોને ખેડૂએ દરિયાવ દિલના વ્હાલથી;
કુમળો ઉનો શો પોંક મિઠ્ઠો જારનો અમૃત શો ?
“પ્રતિદિન નરણે ખાય, ના રહે રોગ તો એકે ઉભો.”

સાઠી તણો સૌથી પહેલો ને વળી ઠોઠા સમો,
દેશી તણો મોડો, મીઠો, પણ ચાવવો પડતો ઘણો;
વાની સુગંધી, પોચી ને સ્વાદુ છતાં બહુ વાયડી,
એ રીત વિધવિધ પોંક તે ખાધો અમે બહુ હોંશથી.

ચટકો કીધો મહી સેવ, ચટણી, લીંબુને વરીઆળીનો,
શી છાશ આથેલી રૂડી ? રહી જાય સ્વાદ મઠા તણો!
પકવાન્ન પાંચે પીરસો સુવર્ણ–ચાંદી તાટમાં,
પણ તે સહુ છે તુચ્છ આજે ખાધુ જે પતરાળમા.

કેવી શીળી હતી આમ્ર–છાયા ! કોતરૂં વાંકું ચૂંકું,
માંહી વહેળી અળગી જેનુ શીતળ જળ અમૃત સમુ ;
તાજી, સુખદ, ચોકખી હવા શી ! મગજ–તન વિકસાવતી,
રે ! ભોગવે ખેડૂત તે છે ધન્ય ! જીવન સર્વથી.

ભૂમિપુત્ર.

૪૧
વિક્રમ અને ભાભારામ.

(એક સંવાદ)

ચોપાઈ

વિક્રમઃ

રળવું ઝાઝું થોડો આહાર, મે આદીઠું દુઃખ અપાર,
એવું દુઃખ ન વેઠે કોઇ, ધન ધન કણબી તુજને હોય.

એ દુઃખનો તો આણું પાર, હું તુજને આપું ભંડાર,
મન ગમતો માગી લો ગરથ, સારીશુ અમે તમારો અરથ.

તમ દુઃખે દુઃખી મુજ કાય, દુઃખ તમારૂં નવ જોવાય,
માટે ચિન્ત ધરીને આશ, પ્રીતે માગો મારી પાસ.

દોહરા.

ભાભારામ.

કહે અલ્યા, તુ કોણ છે, આવ્યો દેવા કાજ,
દુઃખી કહેતાં તુ મને, આણુ હૃદેમાં લાજ;

સમર્થ કોઇ સરજ્યો નથી, સૃષ્ટિમાં આભાય,
કણબીને આપી શકે, ફેલ કરો છો ક્યાંય ?

પ્રધાન, રાજા, પાટવી, પટેલ, તલાટી થાય,
ગામ, શેઠ, ને ગરાસીઆ, મારૂં આપ્યું ખાય.

ચારણ, બ્રાહ્મણ, ભાટ, તે મનમાં આણી કોડ,
આશા કરતા અમ તણી, કણબી પાછળ ક્રોડ.

કરોડ જણ કણબી પૂઠે દેવ સરીખા સોય,
રાજા પાછળ કો નહિ, આપ વિચારી જોય.

કલ્પવૃક્ષ સરખો કર્યો, કર્તાએ જુગ માંય,
કણબી ને ધોરી થકી, સુખ ભોગવે રાય.

વિશ્વપતિથી હળપતિ છત્રપતિની જોડ,
તોપણ ડાહ્યો દીલ થકી, ઉભો રહે કરજોડ

છપ્પા.

પટેલ પાસ પાદશાહ આપ જઇને કર હોડે,
પટેલ પાસ સૌ પંડિત જાચવા જઈ જશ જોડે;
પટેલ પાસ સૌ ગરાસ માન મૂકીને માગે,
પટેલ પાસ લખપતિ લાલચે પાયે લાગે;
આપે છે પટેલ પસાયતાં જગ જીવાડણ જાણીઆ.
પાદશાહ વધે નહિ પટેલથી વખાણીએ શા વાણીઆ?

પ્રથમ શ્રેષ્ઠ શ્રીરામ કોટી સૃષ્ટિ કરનારો,
પછી મોટો મહિપત ધર્મ ધરતી ધરનારો,
પછી છત્રપતિ છેજ માનવો મહિમા મોટો,
પછી મોટો જરપત છત વણનો તે છોટોઃ
સઘળા જીવે હળપતિ થકી તે હળપતિ બળીઓ બહુ,
હળપતિ કેડે જરપતિ જગત શામળ કહે શોભે સહુ.

દોહરા.

વિચાર્યું વિશ્વંભરે, કણના કીડા લોક,
સૃષ્ટિ કણ–બીથી થઈ, બાકી સર્વે ફોક.

સત્‌જુગમાં શોધી જુઓ, સૌનું જીવન કોણ!
કેળવણી જે અન્નતણી, તે કરનારો કોણ?

કણ–બી વિણ ચાલે નહિ, જીવે નહિ જન સોય,
કણ ઉપજાવી ના શકે કણબી વણ નર કોય.

કદાપિને જો કણ જશે, કે કણબી કુળ જાય,
ત્યારે સૃષ્ટિ તો પછી, જીવે શા ઉપાય?

ચાલે બીજા સર્વ વિણ, ટક્યું ન રહે કામ,
કણબી વણ ચાલે નહિ, ઠરે નહિ કો ઠામ.

કણબી જાતાં કણ જશે, માનવ તે શું ખાય?
કણબી કુળ જો જાય તો, સૃષ્ટિ પ્રલય થાય.

છપ્પો.

વાઘથી બળીઓ બળદ, પૃથ્વીનો ભાર ઉપાડે,
વાઘ હણે છે જીવ, બળદ તો જગત જીવાડે;
સૃષ્ટાએ સૃષ્ટિ રચી, પ્રથમ તો કણબી કીધો,
ધોરી સરજ્યો વીર, બન્નેને વર ત્યાં દીધો:
'ઉપાડો ભાર અવનિ તણો કરો કામ ખડ અન્ન જમો,
છત્રપતિ આદિ સૌ છોકરાં ભાભા થઇ ભૂતળ ભમો.'

ચોપાઈ.

કણબી તો નવ કરશે આશ, માગશે નહિ તમારી પાસ,
ઘેંસ, છાશ, ભડકું કો દન, નવે નિધ માને તે મન.

બાહુબલ નિરોગી દેહ, કરોડપતિથી અદકો તેહ;
થોડે લોભે ખોવો વાર, તો શો માગ્યાનો વહેવાર?

જે આપો તે ખૂટી જાય, માગે મારી તો બલાય!
ઈશ્વર પાસે માગુ નેટ, ગર્ભવાસ નહિ જનની પેટ.

[(નવા યુગની વાતો, ભાગ બીજા માંથી, કવિ શામળ.
ફેરફાર સાથે)

૪૨

સિદ્ધરાજ અને જશમા ઓડણ.

(રાગ. પુનમ ચાંદનીનો)

ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે,
સાચો સબળો પેલો સોલંકી સિદ્ધરાજ,
જેની કીર્તિ વ્યાપી રહી છે આ જગમાં ઘણી રે.

તેણે લોકો કાજે વાવ કૂવા બંધાવીઆ રે,
મોટાં માન સરોવર દેવળ-ધર્મ વિશાળ,
પોષી સર્વ પ્રજાને શત્રુ સર્વ નમાવીઆ રે.

તેણે પાટણ પાસે એક સરોવર આદર્યું રે,
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડણ અનેક,
નાંખે ઓડણો મટોડાં માથે લઈ પણું રે.

પાળે વડની ડાળે ઝૂલે બાળક પારણે રે,
માટી લેતાં જશમા ઝુલાવે નીજ બાળ,
વળતાં મુખડું પેખી જાય કુંવરને વારણે રે.

સાદે વેશે ફરતાં રાજાએ દેખી પરી રે,
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુર,
પાસે જઈને રાજા કહે છે શુણ તુ સુંદરી રે

"માટી વહેવાને આ કોમળ કાયા કરી નથી રે,
"પાળે બેસીને તું રીઝવ તારૂં બાળ,
"બીજી ઓડણો છો કામ કરે તારી વતી રે."

જશમા કહે છે "રાજા કામ કરી ખાવું ગમે રે,
"મુજને બેસી રહેતાં વાધે અંગે રોગ,
"મારા નવરા દહાડા બેઠે નવ નીઠે કદી રે."

"જશમા જંગલમાં વસવાને તું સરજી નથી રે,
"મારા નગર તણો તુ આવીને જો નોક,
"પાટણપુરની શોભા હું તુજને શું કહું કથી રે."

"નગરે અંધારી શેરી ને ઉંચી મેડીઓ રે,
"તેમાં માણસ આડે ચાલ્યાનો નહિ માગ,
"જાણે ઉનાળે ઉભરાતી દેખું કીડીઓ રે."

"જશમા માણુસ બહુ દેખીને શું ઘેલી બને રે,
"તારા હલકા મનમાં ઉઠે હલકા ઘાટ,
"ન કળે ખાખરની ખીસ્કોલી સાકર સ્વાદને રે."

"રાજા મેલાં મન માણુસનાં મેલાં શ્હેરનાં રે,
"મેલી ગલીઓમાં બહુ મારે છે દુર્ગંધ,
"મેલા ઝેર તણા જીવો તે જીવે ઝેરમા રે."

"જશમા રાજાના દરબારો તે દીઠા નથી રે,
"તેમાં બાગ બગીચા ખીલે ફૂલ ગુલાબ,
"મોટા હોજ ફુવારા ઉડે આવે જોસથી રે."

"રાજા જંગલ આગળ બાગ બગીચા ધૂળ છે રે,
"જેવો સૂરજ આગળ તારાનો ચળકાટ,
"મારા જંગલની મોજો તો મોંઘે મૂલ છે રે."

"જશમા જંગલની વાતો તું આજ વિસારજે રે,
"મીઠા નરઘાં ને સારંગી કેરા સૂર,
"ગાયન શુણવાને કાજે તુ મહેલ પધારજે રે."

"રાજા નવ રીઝું સારંગી કેરા સૂરથી રે,
"મેના, મોર, બપૈયા ટેવ્યા છે મુજ કાન,
"વાતો કોયલના ટૌકાની તો કહેતી નથી રે."

"ઓડણ આવો તો ઉતારૂં મેડી માળીએ રે,
"રહેજો મિત્ર સહોદર સર્વ સંબધી સાથ,
"તમને પ્રિયજનો માનીને નિશદિન પાળશું રે."

“મારે ઓડણને ઉતરવા જોઇએ ઝુંપડી રે,
“મેડી માળે ચડતાં મુજને આવે ફેર,
“પડતાં પગ ભાંગે ને કાયા થઇ જાય કુબડી રે.”

“ઓડણ આવે તો પીરસાવું મેવા ચુરમાં રે,
“ઝુલે હાથી ઘોડા ગુર્જરપતિને દ્વાર,
“તેને દેખીને હરખાશો ઓડણ ઉરમાં રે.”

“મારે ઓડણને તો વાળુ જોઇએ ઘેંસનાં રે,
“રાજા શુ છે મારે હય, હાથીનુ કામ,
“દહી ને દૂધ મજેનાં મારે ભૂરી ભેંસનાં રે.”

“ઓડણ માગી લ્યોને આછા સાળુ ઓઢણા રે,
“હીરા માણેક મોતી સોનાના ભંડાર,
“આવી કંચન વરણી કાયાપર શોભે ઘણાં રે,”

“છાયલ ટકશે આછા સાળુ તો ફાટી જશે રે,
“નાંખુ ઘાસ ચણોઠી ગંઠી કંઠે હાર,
“પહેરૂ ફૂલ તણી માળા તો પરણ્યો રીઝશે રે.”

“જશમા કહે તું મુજને કેવો છે તારો પતિ રે,
“તારા જેવી સમજુ નારી જેને ઘેર,
“એના જેવો સુખીઓ આ જગમાં બીજો નથી રે.”

"પેલો કેડ કસીને કામ કરે મારો પતિ રે,
"જેના મોળીઆમાં બહેકે છે બહુ ફૂલ,
"જેની કોદાળીના ઘાથી ધરતી ધ્રૂજતી રે."

"જોને કામ કરતાં એ ન્યાળે તારા ભણી રે,
"એના મનમાં તારો પૂરો નહિ વિશ્વાસ,
"તારી બુઝ ન જાણે જશમા એ તારો ધણી રે."

"રાજા સાચાને ભય લેશ નથી સંસારમાં રે,
"મારા પતિને મારો સંપૂરણ વિશ્વાસ,
"હું તો અન્ય જનોને ભાઈગણી રહુ ભારમાં રે."

"જશમા રાણી ને રાજાને હું તાબે કરૂ રે,
"મોટા મહારથી પણ ન આપે સામો બોલ,
"તારા આગળ હું નવ અમલ ચલાવવા આદરૂ રે."

"રાજા કાયા ને માયા પર બળ નૃપનુ વસ્યુ રે,
"પ્રભુએ જીવ ધર્યો છે જુદો કાયા માંહ્ય,
"મારે ભૂપ તણું પણ તે પર ન ચાલે કશુ રે."

"જશમા દઢતા તારી દેખી વિસ્મય થાય છે રે,
"આવાં દંપતીને પણ આખર હોય વિયોગ,
"મિથ્યા આ જગના સુખ માટે મન મુંઝાય છે રે."

"રાજા કોઈ ન જાણે કાલે મારૂં શું થશે રે,
"એવી અલ્પ જીન્દગી માણે આ સૌ લોક,
"રૂડી રહેણી સુખ પરલોકે પૂરણ આપશે રે."

"જશમા પહેલું કે આ બીજું પણિયત તારૂં રે?
"ઓઢણ કેવો તારો સ્વામી પ્રત્યે પ્રેમ!
"મારા મ્હેલ તણું સુખ શું પડીએ આવી ઠર્યું રે."

"રાજા, આ લોકે, પર લોકે, મારે એ પતિ રે,
"પ્રીતે પરણ્યા માટે છોડું મારા પ્રાણ,
"એના શત્રનું હું મુખ કદી જોતી નથી રે."

એવું કહીને જશમા ટોપલી લઇ પાછી ફરી રે,
રાયે લીધો વળતી પાટણ કેરો પંથ,
થઈ છે જશમાના પતિવ્રતની જેને ખાતરી રે.

(સુબોધ ગરબાવળી.) બાપાલાલ ભાઈશંકર ભટ્ટ.

૪૩.

કણબીના મહીના.

(રાગ. આશો માસો શરદ પુનમની રાત જો.)

સાંભળ રે શ્રી કૃષ્ણ અમારી વિનતિ;
કણબી કેરાં દુઃખની કહું કથાય જો:
હે દુઃખ ટાળી અવનિના આધાર તું;
અમથી રાખો તેમ રામ રહેવાય જો. સાંભળ રે.

ચડે વાદળાં માસ **અષાડો** આવતાં;
મેઘ તણું તો પડવા માંડે નીર જો:
રાસ પરાણો કણબી કેરા હાથમાં;
ભીંજી જાય છે કણબી કેરૂં શરીર જો સાંભળ રે.

શ્રાવણ માસે મેહુડો વરસે શરવડે,
લદબદ પલળી જાયે નર ને નાર જો:
દીકરાની વહુ સસરા પાસે જઈ કહે;
સસરાજી કંઇ વાવો ડાંગર જાર જો સાંભળ રે.

ભલે આવીઓ **ભાદરવો** મહિનો હવે;
કણબી કેરી નારી લદબદ થાય જો:
ચારતણો ભારો માથે જે નીગળે,
છૈયાં કેડે રડતાં પલળી જાય જો સાંભળ રે.

આશોમાં આશા તો રાખી અતિ ઘણી;
વાટ જોયલો મેઘ વરસવા કાજ જો:
જાર, બાજરી ડૂંડે આવી બેસવા;
ડાગર પાણી વિના સૂકાયે આજ જો સાંભળ રે.

કાર્તિકમાં ઉઘરાતદાર તે આવિયો;
કરે આકડો સીમ માંહી તૈયાર જો:
"એક શીગ કે કણ નવ કોઇ ઉપાડશો;"
એવી **રાય** તણી આજ્ઞાનો સાર જો. સાંભળ રે.

માગશર મહીનો આવ્યો રૂડી રીતથી;
પહેલો હપતો ઉઘરાવા મંડાય જો:
મુખી તલાટી ચોરે બેસે જઇ ચડી;
કણબીઓ બિચારો બહુ રીતે કૂટાય જો સાંભળ રે.

પોષે બીજો પાક રબિનો થાય છે,
રૂનાં કાલાં ફાટી થાય સમાંજ જો
જૂની બધી દૂર કરી છે આ સમે
પણ તે માત્ર જ નવી ચલાવા કાજ જો સાંભળ રે.

આવ્યો માઘ મહીનો રૂડો રીતથી,
લીલાં કચ સૌ ખેતર તો દેખાય જો
રાજાનો જે કર તે સઘળો આપિયો;
પણ માથા પર હીમ તણુ ભય થાય જો સાભળ રે.

ફાગણ મહીનો આવ્યો રૂડી રીતથી,
હીમે ઘહુનો કીધો પૂરો નાશ જો
"ચાલો આપણુ સટિયે" પણ શા કામનું,
મુર્ખોએ મૂકી ચોકી ચારે પાસ જો સાભળ રે.

ચોરે તો સૌ થાય એકઠા ચૈત્રમાં;
માગે "લાવો કર જે તમ પર થાય જો:"
કાંતનારી વિધવાની મજુરી લે લુટી;
સર્વે જોર જુલમથી લુંટી જાય જો. સાભળ રે.

જમીનદાર વૈશાખે આવીને લુંટે,
ગાય ભેસનાં દૂધ દહીનું જે કાંઈ જો:
છાશ વિના છૈયાં સૌ ટળવળ બહુ કરે;
પણ પાપીઓ ચાલુ રહે લુટ માહ્ય જો. સાભળ રે.

જેઠ મહીનો આવ્યો રૂડી રીતથી;
ચીડાઇ ગયલો કણબી થડો થાય જો
સમ ખાતાં ને આશા તેને આપતાં;
ખેતરમાં ખાતર તે પૂરવા જાય જો. સાંભળ રે.

બારે મહીના રૂપામા પૂરા થયા,
તેમાં કણબી કેરી કથી કથાય જો·
જે કોઈ ગાય અને શીખે ને સાંભળે;
વાસ સ્વર્ગમાં તેનો ઝટ થઇ જાય જો. સાંભળ રે.

(પાટીદાર–પદ્યાવલિ) રૂપાંમા

૪૪.

ખેડૂતની આરતી.

જય ખેડૂત દેવા, જય ખેડૂત દેવા,
હાલ સમામાં તારા(૨), હાલ બન્યા કેવા–જય દેવ જય દેવ.

તું છે સૃષ્ટિનો આધાર, દુનિઆ તારાથી જીવે,
તું પકવે નહિ દાણા (૨), શી રીતે જીવે–જય દેવ જય દેવ.

ખેડૂતો કમાય તેવું બીજો ના કમાય;
ખેડૂતોની મહેનત(૨), બીજાથી ના થાય-જય દેવ જય દેવ.

શિયાળે શીતળ વા વાય, કાયા થર થર કંપે;
સુખીઆ સુખે ઉંઘે,(૨) પણ તું ના જંપે-જય દેવ જય દેવ.

માથે વરસે અગ્નિજ્વાળ, શિર પર નહિ છત્રીવાળો,
કામ કરે તેવામાં(૨), આખો ઉનાળો-જય દેવ જય દેવ.

માથે વરસે મેઘની ધાર, પણ નહિ શરદીનો વિચાર,
સહન કરે તે સઘળું (૨)તારો તપસીનો અવતાર-જય દેવ જય દેવ.

ઘોર કડાકા થાય, ઉપર વીજો બહુ થાતી,
તોપણ તું ખેતરમાં (૨), ધન તારી છાતી-જય દેવ જય દેવ.

બીજા રાખે છે તુજ આશ, તુજને નહિ કોની આશા;
રાજા પણ તારાથી (૨), તારે હરિ આશા-જય દેવ જય દેવ.

(પટેલબન્ધુ.) ગોવિંદભાઈ રાયજીભાઈ પટેલ.

૪૫.

ઋતુ-વર્ણન

શીતકાળ.

ઉપજાતિ

*   *   *

આહીર ' ઓઆ ' કરતો જણાતો,
લૈ ગાડરાં ઘેર ભણી પળાતો;
દોડે અજાજૂથ કરી અગાડી,
એ એં કરી બાળ ધસે પછાડી.

નાચે કળાધારી કળા કરીને,
' ટેહૂક ટેહૂ ' સ્વર ઉચ્ચરીને;
પંખી તણી હાર જણાય જાતી,
શું પાયગા હોય પળાણુ થાતી.

ઉજાસવાળી અતિ ચાંદનીમાં,
ગીતો મધુરાં નરનારી ગાતાં,
કો બાળનો સાથ રમે રૂપાળો,
વાર્તા વિષે વૃદ્ધ નિમગ્ન ભાળો.

*   *   *

ક્ષેત્રો વિષે ક્ષેત્રપતિ ઉલાસે;
ક્ષેત્રોત્સવે પૂર પ્રવૃત્ત ભાસે;
ખાડો ખણી લૂણુ મહિં જ નાંખે,
માની જ ધાન્યો લૂણુ પેર પાકે.

*   *   *

૪૬.

વર્ષાકાળ.

ઉપજાતિ.

*　　*　　*

અંકુર ફૂટી તૃણ ઉપસે જે,
દેખી પશુઓ મન ઉલસે તે;
ચારો ચરી પેટપીડા વિરામે,
ગોભેંસ કેરા પય વૃદ્ધિ પામે.

તાજી બને શુષ્ક તરુની કાય,
પત્રાંકુરે પૂર્ણ ભર્યા જણાય;
આનંદતો વન પ્રદેશ ડોલે,
પંખી અવાસે પ્રમુદી કલોલે.

ખેડુત કામે વળગ્યા જણાતા,
વાવેતરો માટ વિલક્ષી થાતા;
માતેલ મર્દોની જ આવી વારી,
ધોકાર જ્યાં રોપણી ચાલી ભારી.

ભૂમિ વિષે હોળ–અણીજ ધારી,
ક્ષેત્રાંકીએ ક્ષેત્ર દીધાં સમારી;
ચિત્રાંકીઓથી ચઢતી સવાઈ,
ચાસોની રેખાતણી ચાતુરાઈ.

ચોખૂણુ ચોકી વિણુ શંકુ પાટી,
વિચિત્ર ચિત્રેલ દિસે સપાટી;
અત્યંત યુક્તિ રચીં યોજતો જે,
ક્યારી તણી કારીગરી જુઓ તે.

નીચાં નમાવે શીષ હોળધારી,
ઉથાપવી પૃથ્વી વિશેષ ભારી;
લાચાર થૈ પાગ પસારીં દેતા,
અંકુશ-એડે અમળાઈ રે'તા.

ગર્જાળુ ખેડુ થથડાવતો જે,
પોઇસિ બાપુ કહીં હિંસતો તે;
છોડીં જરા વાર વિરામ લેતો,
ખાઈ ખવાડી વળીં જોડીં દેતો.

વાવેલ બી અંકુરીં નીકળ્યા જ્યાં,
શોભે ઘણા ચાસ સમાન્તરી ત્યાં;
શું સાથિયા પોપટવર્ણ કેરા,
પાડ્યા દિસે પૃથ્વીપટે ભલેરા.

સે'ડે સુડે બાવળ વૃક્ષ એ'કે,
લીલાં તૃણોમાં જળકુણ્ડ લે'કે,
ઢોરો ચરાવે મળીં ગોપગોપી,
ચેષ્ટા કરે કોઇક લાજ લોપી.

વૃક્ષો તળે કો મૃદુ વેણુ વાતા,
કો રાગ તાણી બની મસ્ત ગાતા;
કો સાનથી સાદ કરે પશુને,
તારુણી કો ખેલવતી શિશુને.

કોમાં દિસે ખેલ તણી જ નિષ્ઠા,
કો રંગી દિસે મયપ્રેમ ચેષ્ટા;
આ ઘાટમાં ક્ષેત્રી સમૂહ ઘેલો,
ક્ષેત્રો તણાં કાર્ય વિષે મચેલો.

* * *

(કાવ્ય-વિલાસ.) ભગવાન શિવશંકર ભટ્ટ.

૪૭.

ગિરિકાનન ક્ષેત્રાદિની શોભા.

વસન્તતિલકા.

ક્યાં કુંજ કે ઉપવને ગિરિકાનને વા,
ક્યાં ક્ષેત્ર, કે હૃદય, લોચન, આનને હા !
જ્યાં, ત્યાં, બધે, સુઘડ, સ્વચ્છ સુરમ્યતા છે!
વૃક્ષો, લતા ખીલવી, ખેડ દીપાવિયાં છે.

શાં ઝાડ ઝુન્ડ, ઘટ રોપી, કીધાં સુરેખ !
શા એ લતા વલય મણ્ડપ છે, અલેખ!
વાડે, રૂપાળી રસિલી, નિયમસ્થ સોહે!
મર્યાદી વાવણી શી સુન્દર મંન મોહે!

ક્યારા સુખણ્ડ નિરમ્યા, ફૂલ ભાતનાથી!
રોપી વનસ્પતિ, રતિપ્રદ જાત જાતિ!
શી કાપી ઘાસ, લટ ઢાળી, મઝા વિવેકે,
અમ્બોડલા ગુથી રચી, કંઈ છેટ છેટે!

લીલોતરીથી રસીલાં તટિલાં શુ નાળાં,
બન્ધે હસે, ખળખળે ઉજળા રૂપાળાં!
વાવેતરે શું મધુરે, ગિરિ આ છવાયો,
લીલી પીળી ઝૂલથી શુ, ગજ કો સુહાયો?

સ્કન્ધે શુ ખેતર હસે, કંઈ શુદ્ધ ત્રાંસાં,
અર્દ્ધાં લપાયી તહી, મુગ્ધ સુઝુ પડાં શા!
ડોકાવતાં, અહ! શું બારીથી આજ તેડે!
માતા પિતાની, ચડી, બાળ હુંફાળી કેડે!

આડા, ઉભા, ઉતરતા, ચડતા શું રસ્તા,
લીલું, પીળુ કંઈ બધે હસતા સફેત,
દેખાય, થાય અછતાય છતાંય, ત્યાંહ,
વાંકા ચુંકા રમી રહ્યા, વનરાજિ માંહ!

આ શું પ્રચણ્ડ પવને અહીયા સફેતી
દીધી, જરા ગિરિ શરીર વિષે અનેરી!
આ શા ઉભા ઉપર એકની એક મેહ,
દીપાવતાં વસન અન્ય દયી શુ દેહ!

સોનેરી કોમળ શુ આ કિરણે ન્હવાડે
સૌને, પ્રભાત રવિ પૂર્વ શી ભાત પાડે;
આ શું હવે મધુરવર્ણી ધર્યું ધનુષ્ય,
સર્વત્રિકી મધુરતા કરવા સુપૂર્ણ!

છે ધન્ય! વાર શત, ધન્ય! યૂરોપ ભૂમિ!
શાબાશ છે તનુજને ગુણીને સહૂથી!

(પ્રવાસ-પુષ્પાંજલિ.) હરિલાલ હર્ષદરાય ધ્રુવ

૪૮

આફ્રિકાને કિનારે.

હરિણી.

ઉપવન લીલુ પુષ્પે ખીલ્યુ અલિરવ ગુંજતું,
શ્રમિત ન બને ચક્ષુ જોતાં અનન્ત યુગો સુધી;
પડી રહુ અહીં કુંજે વાએ નદી ઝરણા તટે,
અનુભવુ પુરી શાન્તિ તૃપ્તિ અશાન્ત અતૃપ્ત હું.

મંદાક્રાન્તા.

એ કુંજે કો નવલ મધુરા ગાનથી કૂજતી આ,
કોકીલાના ટુહુરવ મને નીંદ માંહિ ઝુકાવે;
ને વ્હેળુ એ ખળખળી રહ્યું નમ્ર સાદે વદન્તું,
"આવો બેસો અમ ગૃહ તમો આંગણુ પુણ્ય થાશે."

વસંતતિલકા.

આંબો પ્રસારી નિજ અંગુલી ડાળીઓને,
આપે નમંત વળી સ્વાગત હર્ષ ભેર;

મોરે વધાવો ઉભરાય હૃદે ઘણું એ,
ને પૂછતો લળી લળી "સુખી છો તમે કે ?"

ઉપજાતિ.

દ્રુમો લવિંગે લચી છે પડ્યા જ્યાં,
સુગન્ધ આખા વનમાં પ્રસારે;
એલાચીને જાયફળો સમીપે,
ગોલા વીણે છે નીજ ઝોળી માહે.

શિખરિણી.

ઉંચા વૃક્ષો પેલાં ગગન સહ વાતો કરી રહ્યા,
દિસે લૂમો બાઝી શ્રીફળ તણી શોભા અવનવી,
પીયે પાણી મિઠું તૃષિત ભટકાતો પથિક ત્યાં,
મદાફો તોડીને અનગળ પડ્યા છે ધણી નહિ.

શાર્દૂલવિક્રીડિત.

ઉગ્યાં છે તહીં પાદપો અણુગણ્યાં સોપારી ને કેળના,
ને હેકે આ વનીલો બહુ ઉંચુ ઉભો જાણે સુગંધી ઝરે,
ને વૃક્ષે મચુ ગાલીબુ ઝુકી રહ્યાં કાજુ નમ્યા કાજુથી,
આલિંગી પતિ વૃક્ષને નમી રહી તામ્બુલ વેલી લીલી.

આહા આ બગીચો રૂડો ફળ ફૂલે ફાલ્યો અતિશે દિસે,
ઓહો! શું વર્ણન કરૂં અહી તણું વાણી અતિક્રાન્ત છે,
શું આનન્દ અગમ્ય છે અનુભવી કહેવા નથી શક્તિ હા!
આનન્દે મન મસ્ત છે, વદી શકું શબ્દે ન એકે વધુ.

(વસંત.) વિનાયક.

૪૯

પંચવટી.

લાવણી

તેજ પ્રિય પરિચિત પૂર્વ નિવાસ,
લહે દિલ કરૂણામય ઉલ્લાસ;

તેજ ગિરિ જ્યાં વારવાર,
મોર મળી કરતા ટૂહુટૂકાર.

વળી આ વનથળ તેનાં તેજ,
રમે જ્યાં મત્ત હરિણી ફરી સ્હેજ;
સાખી—મનહર મંજુલ વેલથી, છાયેલા ચોપાસ,
નિચુલ વૃક્ષની ઘટા ન ભેદે, જે પર સૂર્યપ્રકાશ.
પાસ તે નદી પટનો અવભાસ–તેજ પ્રિય.

સાખી—દૂર થકી પણ આ દિસે મેઘમાલ સમ શ્યામ,
તે ગિરિવર પ્રસ્રવણ જ્યાં વહે ગોદાવરી નામ.
ઠામ જે મિત્ર વિયુક્ત ઉદાસ–તેજ પ્રિય.

એજ ગિરિવર અતિ ઉચ્ચ શૃંગ,
વસંતા ગૃધ્રરાજ નિશંક
અમે પણ તેની હેઠળ સ્હેલ,
પર્ણકુટી પેલી મધ્ય વસેલ.

સાખી—ગોદાવરી જળમાં પડે શ્યામતરુ શ્રીભાસ,
જે તરુ થડમા મધુર ગાય ખગ–તેથી પૂર્ણ વનાન્ત;
શાન્ત ચોપાસ વિશ્વ મૃદુ હાસ–તેજ પ્રિય.

(ઉત્તરરામચરિત.) સ્વ. મણિલાલ ન. દ્વિવેદી.

૫૦

રાગ કલ્યાણ.

(ફઠ પ્રભાત સમરી લે તું શ્રી ગણેશ દેવા)

કુંજગલી પંચવટીની પલ્લવથી છાઈ,
ગિરિ તળે ગોદાવરીની ધાર શી સુહાઈ—કુંજગલી.

નીલ અભ્રનાં ગણોથી પવન મંદવાહી,
ઝૂલતી નવિન લતા તરુવરને સાહી—કુંજગલી.

મધુરનાદ હંસસાદ કર્ણાનંદદાયી,
દીપી લીલી વૃક્ષ ઘટા ઘેરતી છુપાઈ—કુંજગલી.

રમણીય તીર નદી શીકરથી નાહી,
ભમતા જ ભક્તગણો દિવ્ય ગાન ગાઈ—કુંજગલી.

નિરભયે આળોટતાં જ્યાં હરિણુ બાળ ખાઈ,
હરિત નીલ સ્થાન દિસે પુષ્પથી પુરાઈ—કુંજગલી.

દૂર આશ્રમો વિષે વસે વિરાગી સ્થાયી,
જે સ્થળે મલિન વૃત્તિ પશુ થકી લજાઈ—કુંજગલી.

ધવલહાર શોભતી દેવાલયોની આંહી,
વસતા રઘુનાથ અને સીતાજી માઈ—કુંજગલી.

(સુંદરીસુબોધ) આધ્યાત્મિક.

૫૧

અમારી પર્ણકુટી.

(અલબેલી રે અમ્બે માત જોવાને જઇએ-એ રાગ.)

શી સુન્દર ને સુખકાર અમારી પર્ણકુટી,
થઈ રહે સ્વર્ગ સંસાર, મલિનતા દૂર બધી,—

મંદ વહે જ્યા ઉજ્જવલ નિર્ઝર, અભ્ર લઈ ઉત્સંગ રે,
આયુવર્ધક મીઠો વાયુ, સૂર્ય કરે છે સ્વચ્છ પ્રવેશી પર્ણકુટી—
શી સુન્દર૦

શરીર મનને બાળતી ચિન્તા, રહે આ વાસથી દૂર રે,
કલેશ સહુ આવેશ ભર્યાથી, સતત રહે છે મુક્ત અમારી પર્ણકુટી—
શી સુન્દર૦

શાન્તિ અનુપમ મળતી અહિંયાં, મન રહે છે સંતુષ્ટ રે,
પ્રેમ વસે છે સહુને અન્તર, દેવકૃપાથી પૂર અમારી પર્ણકુટી—
શી સુન્દર૦

કપટ અને કો દુર્બુદ્ધિનો નહિ અહિંયાં સત્કાર રે,
પાપ તણો નહિ પ્રવેશ કિંચિત્ એવી પરમ પવિત્ર અમારી પર્ણકુટી—
શી સુન્દર૦

સન્માર્ગે જે ચાલે તેને આ દુનિયા છે સ્વર્ગ રે,
ઐહિક સુખની ગણના ઓછી તેને આપે બોધ અમારી પર્ણકુટી—
શી સુન્દર૦

ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ
(બન્ધુસમાજ)

પર

ઋષિનો આશ્રમ—ગુરૂકુલ.

દોહરા.

સુન્દર સરિતા વહી રહે, મનહર નિર્મળ નીર,
નવ પલ્લવ વૃક્ષો ઘણાં, શોભે તેને તીર

વૃક્ષ ઘટા છે ત્યા ઘણી, જોતાં મન હરખાય,
મનહર સ્થળ તો તે અતિ, પ્હાડ તળે સોહાય.

કુસુમ ભર્યાં તરુ શોભતાં વિવિધ રંગ રસગંધ,
નાજુક વેલી ડોલતી, શોભે રમ્ય પ્રબંધ.

વિવિધ જાતનાં પંખીડાં, બોલે બોલ રસાલ,
પુષ્પે પુષ્પે ઘૂમતા, ભ્રમર કરે ગુંજાર.

સવારના શુભ પહોરમાં, શોભે સરિતા નીર,
વસતાં સખી! આનન્દમાં રમતાં તેને તીર.

ચોપાઈ.

સુન્દર વૃક્ષ ઘટાની માંય, મઢી બનાવી વસવું ત્યાંય;
સખી આનન્દ મળે નહિ પાર, વસતાં મનહર વન મોઝાર.

કુદરતી લીલા નિરખ્યે જેમ, હર્ષ વધે સહુ મનમાં તેમ;
દિસે પરમ સુખનુ એ ધામ, શહેર મહેલ વિના એ ઠામ.

સુખકર આશ્રમ ગુરૂનો સ્હોય, વિદ્યાર્થી જ્યા શિષ્યા હોય;
રહીને સરખી સખીઓ માય, લેવી વિદ્યા સઘળી ત્યાંય.

હરિગીત.

ઋષિઓ તણા જ્યાં આશ્રમે, પ્રિયા શાતિમાં રહેવાય છે,
મુનિગુણ તણાં ફળ પુષ્પથી, નિજ આત્મ જ્યાં પોષાય છે;
શુભ બોધ સરિતાનુ સુધા સમ, જળ સખિ! પીવાય છે,
તે જીવિત છે નકિ ધન્ય, જેનુ પુણ્ય પથે જાય છે.

મદ, ક્રોધ ને નહિ લોભ જેને, હૃદયથી ત્યાગ જ કર્યો,
તજી મોહ, મત્સર, શાન્તિનો, જ્યાં રસનિધિ ઉરમા ભર્યો;
કલ્યાણ થકી ભરપૂર જ્યાં, વનઆશ્રમો સોહાય છે,
એ સ્થળ વિષે વસવા સદા, મન માહરૂ બહુ જાય છે.

દોહરા.

શહેર કરતા તો ઘણું, રમણીય લાગે વન
ત્યાં વસવા ઉજમાળ છે, ઓ સખિ! મારૂ મન.
શુદ્ધ ભાવથી વન વસી, જપીએ પ્રભુનો જાપ;
તો ભવ બંધન છુટીએ, કપાય પાપ અમાપ.

સહાય કર અમને પ્રભુ, તુ છો દીનદયાળ;
તુજ કૃપાએ સુગમ સહુ, કરીએ મંગળ માળ.

રહેવા મન હરખાય છે, હે હરિ કૃપાનિધાન!
કરવા વિદ્યાભ્યાસ ને, ધરવા તારૂં ધ્યાન.

ધરવુ તારૂં ધ્યાન ને, રમવું તારી સાથ,
નિશદિન શરણે રાખજે, પ્રભુજી ગ્રહીને હાથ.

(સુંદરીસુબોધ.) બ્હેન નિર્મળા.

૫૩.

ગિરિથી ઝમઝમ ઝરણો વહી જાય,
તટે તરુવર પવને લ્હેંકાય,
સેવતા વૈખાનસ ઋષિ છાય,
અતિથિપૂજન જ્યાં શ્રેષ્ઠ ગણાય,
મુઠીભર સામો રાંધી ખાય,
છતે એમ શાંત, ગૃહસ્થ મનાય,
સાખી—એવાં તરુવર પૂર્ણ આ ઉપવન જો તપ કાજ,
પરબ્રહ્મ પરમાર્થ ઉપાસે ઋષિમુનિ સિદ્ધ સમાજ.
આજ તે નજરે ફરી દેખાય—
પ્રિયેરે ! તે તે કયમ વિસરાય ?

(ઉત્તરરામચરિત) સ્વ મ ન. દ્વિવેદી.

૫૪

મીઠડાં જીવન લ્યો, જીવન લ્યો !

મીઠડાં જીવન લ્યો, જીવન લ્યો !
લ્યોને ભરતભૂમિનાં નરનાર રેઃ—મીઠડાં.

ઝરે વેગે ઝળકન્તાં ને ઉજળાં
ધર્મધેનુનાં દૂધ અમિધાર રે.—મીઠડાં.

ધેન સેવે શ્રી સ્વામિનીજી સોહ્યલાં,
નીરે પંડે પ્રભુજી જળધાર રેઃ—મીઠડાં.

ગોપગોપિકા ઝિલન્ત દૈવી તેજીલાં,
કનક કળશે, વહે અનંત ધાર રે—મીઠડાં.

રસઝરણે કુંજન વન ભીંજ્યાં,
સર્યાં કાલિંદીમાં સુધાસાર રે—મીઠડાં.

સકલ વિશ્વમાં વિલોલ રમે રંગીલાં
લહે પાન એનું જીવન અમરપાર રેઃ—મીઠડાં.
પીયો પારસી, ઇસ્લામી, આર્યબાલુડાં,
પ્રીતે બ્રિટનનાં પીજો કુમાર રેઃ—મીઠડાં.

પૂર વ્હેણે ઝુલેલ ઉર ફૂલડાં,
નન્દનન્દન કંઠે સુહાય હાર રે—મીઠડાં.

(સુંદરી સુબોધ.) સુમંત.

૫૫

ફૂલની સાથે રમત.

* ગરબી.

આવો ફુલડાં મધૂરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનન્દે રે ભેળાં રહી નિર્ગમિયે.

મને મુખડું તમારૂં રે સલૂણુ લાગે વ્હાલું,
એમા નિર્મળ પ્રીતિ રે વસી હસતી કાલુ

તમમાનુ હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજસમૂહે રે વદન કરમાઈ ગયુ

નાશી ત્યા થકી આજે રે આવ્યો તમ પાસ હુ તો,
તમે કોમળ હઇડે રે, મને નવ ગણુશો જુદો

નહિતમમા કુટિલતા રે, નહિ વળી ક્રૂરપણું,
નહિ વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું;

કદી હાસ કરંતા રે તો નિશ્ચે આનન્દભર્યાં,
કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુ:ખે જ ગળ્યાં;

જેવું અંતર થાએ રે તેવુ તમમુખડું દીસે,
જેવું મુખ દેખાએ રે તેવું તમહૃદય વિશે.

---

* "શીખ સાસૂજી દેછે રે કે વહૂજી રહો ઢંગે."-એ ચાલ.

ત્યારે આવો મધૂરાં રે આપણુ રંગે રમિયે,
દિન એક તો સુખમાં રે સાથે વસી નિર્ગમિયે.

(કુસુમમાળા.) નરસિંહરાવ.

૫૬

ગ્રામ્ય માતા.

શાર્દૂલવિક્રીડિત.

ઉગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમા,
ભૂરૂં છે નભ સ્વચ્છ, સ્વચ્છ દિસતી એકે નથી વાદળી,
થડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દિસે શુક ઉડી ગાતાં મીઠાં ગીતડાં !

માલિની.

મધુર સમય તેવે ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં બાલ નાનાં કરે છે,
કમલવત ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે !

અનુષ્ટુપ્.

વૃદ્ધ માતા અને તાત, તાપે છે સગડી કરી;
અહો ! કેવું સુખી જોડું, કર્તાએ નિરમ્યું દિસે !

વસંતતિલકા.

ત્યાં ધૂળ દૂર નજરે ઉડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઇ આવે;

ટોળે વળી મુખ વિકાસી ઉભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!

શાર્દૂલવિક્રીડિત

ધીમે ઉઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુવે છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાન્ત બેસી રહીને,
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે!

અનુષ્ટુપ્

ત્યાં તો આવી પહોંચ્યો એ, અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઉઠી ત્યારે, "આવો બાપુ" કહી ઉભો.

શાર્દૂલ.

"લાગી છે મુજને તૃષા, જલ જરી દે તુ મને" બોલીને,
અશ્વેથી ઉતરી યુવાન ઉભીને ચારે દિશાએ જુવે;
"મીઠો છે રસ ભાઇ! શેલડી તણો" એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઇ જ્યાં છે ઉભી શેલડી!

વસંતતિલકા

પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા,
છુરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યા સેર છુટી રસની ભરી પાત્ર દેવા,
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.

અનુષ્ટુપ્.

“બીજું પ્યાલુ ભરી દેને, હજુ છે મુજને તૃષા,”
કહીને પાત્ર યુવાને, માતાના કરમાં ધર્યું.

મંદાક્રાન્તા

કાપી કાપી ફરી ફરી અરે કાતળી શેલડીની,
એકે બિન્દુ પણ રસતણું કેમ હાવાં પડે ના!
“શુ કોપ્યો છે પ્રભુ મુજ પરે?” આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છુરી ભોંકતી શેલડીમાં.

અનુષ્ટુપ્.

“રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
“નહિ તો ના બને આવુ,” બોલી માતા ફરી રડી.

વસંતતિલકા.

એવું યુવાન શુણતાં ચમકી ગયો ને
માતા તણે પગ પડી ઉઠીને કહે છે—
“એ હું જ છુ નૃપ, મને કર માફ! બાઇ!
“એ હુ જ છું નૃપ, મને કર માફ ઈશ!

શાર્દૂલ.

“પીતો તો રસ મિષ્ટ હુ પ્રભુ અરે ત્યારેજ ધાર્યું હતું,
“આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા છે અહીં;
“છે તોયે મુજ ભાગ કૈં નહિ સમો તે હું વધારૂં હવે,
“શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહિ ?

ઉપજાતિ.

રસે હવે દે ભરી પાત્ર બાઇ,
"પ્રભુ કૃપાએ નકી એ ભરાશે;
"સુખી રહે બાઈ!" સુખી રહો સૌ,
:"તમારી તો આશિષ માત્ર માગુ!"

વસંતતિલકા.

પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા,
છુરી વતી જરીજ કાતળી એક કાપી;
ત્યાં સેર છુટી રસની ભરી પાત્ર દેવા,
ખ્હોળો વહે રસ અહો! છલકાવી પ્યાલુ!

(કલાપીનો કેકારવ.) કલાપી.

૫૭.

અટૂલી બાળા.

(એક ખંડ.)

* * *

રેખતો.

"અરે ભાઇ! ફરી આજે, સ્મરૂં તે કાળ તુજ કાજે;
સહુ આ તારલા જેવું, સરે છે સ્વપ્ન તે કેવું!

હતાં વ્હાલાં પિતામાતા, અને મોંઘાજ એ ભ્રાતા;
હતું અમ ગાજતું ઘર તે, ઝરંતી સુખ સુધા ફરતે.

હતાં અમ ખેતરો વ્હાલાં, વળી મીઠાં નદી નાળાં;
હતાં પશુ ને કનકવરણું, અરે તે વ્હાલું મુજ હરણું!

લઘુ મુજ બાંધવો સાથે, રમી કૂદતી નદી માથે;
રમત અમ પંખીડાં જેવી, હતી નિર્દોષ રે કેવી!

પ્રભાતે સૌ ઉઠે રંગ, રમી ઘડી વાદળી સંગ;
પરમ ત્યમ ખેલતું ન્યારૂં, ગયું શૈશવ વીતી મારૂં.

ગયા દિન સૌ પ્રભાના તે, હવે સ્મરૂં છું બધી વાતે;
ઠમકતી પંખીડાં જેવી, અહા હું રહેત તો કેવી!

પછી માતા પિતાએ તો, દીધો કર મુજ યુવા લેતો;
દયાળુ એક ગુણીજનને, અને મેં દીધું ત્યાં તનને.

ટળી બાળા બની યુવતી, મળ્યો વ્હાલો ઉદાર પતિ;
શીતળ એ છાંયની નીચે, રહી હસતી પ્રીતિ હિંચે.

અનિલમાં ફુલડાં નાચી, સુગંધે જેમ રહે રાચી;
હૃદય અમ સ્નેહ સુખમાં શાં હતા ઝૂલી રહ્યાં ખાસાં!

પછી અમ પ્રીતિતરુપર જ્યાં, ઉગ્યું ફૂલ એક સુંદર ત્યાં;
રહી અમ ઝુપડી કેવી, દીપી સુરવાટિકા જેવી."

* * *

(પ્રકાશિકા) અરદેશર ફરામજી ખબરદાર.

૫૮.

સુજાતા અને બુદ્ધ.

મંદાક્રાન્તા.

ગંગા કેરા રમણીય તટે એ ઝરાઓ ભભૂકે,
વાંકાં ચૂકાં રૂમઝૂમ કરી મંજુલાં નીર મૂકે;
મીઠાં પંખી લલિત લયથી કૈંક ગીતો ય કૂજે,
એ લીલામા પ્રભુ પ્રકૃતિનાં નિર્મળા દર્શ સૂઝે.

*　　*　　*

સુજાતાઃ—

વસન્તતિલકા.

"થોડેક કોસ દૂર ગામડુ એક નાનુ,
"સૌન્દર્ય રંગ મહી ઝૂકતુ એ મઝાનું;
"તે માંહિ છે ધનપતિ પ્રિય કાન્ત મારા,
"રાખે કૃપા અમ ગૃહે પ્રભુ દુઃખહારા.

*　　*　　*

શિખરિણી.

"પ્રભાતે ઉઠુ છું, સ્તવન કરૂ છુ દાન દઉં છુ,
"સમારૂં છું ને હું તુલસી, અતિશે મગ્ન રહું છું;
"બપોરે પોઢાડું પતિ મધુર ગીતો વિલસીને,
"મીઠો ઢોળું વાયુ, વિરલ વર પામી ય છું હું એ.

"વિનોદે વિલાસી નિશ પડી અને વાળું પીરસું,
"પડોશીની સાથે મધુર મધુરી ગોઠડી કરૂં:
"સુખે સુઉં છું એ, મુજ ગૃહ કૃપા છે પ્રભુ તણી,
"દુઃખી કાં હો મારૂં જીવન? નકી છું હું સુખી ઘણી.

"કદી ઝૂકે મૃત્યુ શરણુ મુજ સ્વામી ય મધુરા,
"જરામાં થાઉં હુ સતી, અધુર લ્હાવા કરૂ પૂરા;
"લખ્યુ છે શાસ્ત્રોમાં તરત સતીને સ્વર્ગ મળતું,
"શિરે વાળો જે તે થકી વરસ ક્રોડેક ફળતું.

"મને શાસ્ત્રે શ્રદ્ધા, ન ખબર મને શાસ્ત્રથી વધુ,
"ન ડાહ્યાં શાસ્ત્રીથી, નહિ સમજીએ એટલું બધુ;
"અમોને છે શ્રદ્ધા, અમ ખચિત છે મીઠુ જીવન,
"અમારૂ નિત્યે છે સરળ, પ્રીતિલું વિમળું મન."

બુદ્ધ:—

અનુષ્ટુપ.

"અહા હા ! પવિત્ર મૈયા ! અરે શું તારી શુદ્ધતા !
"નકી બોધતી તું જેને, જે આખું જગ બોધતા.

"અજ્ઞાત જ્ઞાનથી તારા, પણુ એ જ્ઞાન દેવી રે !
"બોધે છે શું મહાસત્ય સ્હેજે બાળક શાસ્ત્રને.

"નિર્ભય ખીલજે પુષ્પ ! કલ્લોલજે તું પંખીડાં !
"ખીલજે તુજ સંસારે, પ્રેમફૂલ રસિકડાં.

"આશીર્વાદ મને તુ દે, તારા વિમળ અંતરે,
"તુ છે મૈયા ! ખરી જ્ઞાની, તુ છે અધિક સંતરે !"
(વસંત.) હાસમ હીરજી ચારણીયા.

૫૯.

પ્રેમયોગી.

રાગ. ઓખાહરણનો.

"જોગીરાજ ઉભા રહો જરી, મને વાટ બતાવોને ખરી;
"પડી વનમા આ રાત અંધારી, ભમુ એકલો ઘરને વિસારી

"નથી પગલાં ઉપડતાં મારાં, થાકે આવે છે આખ અંધારા;
"પંથ પૂરો થતો નથી આજ, વાધું હુ ત્યાં વધે વનવાટ!

"દીવા જેવુ ય્હણે દેખાય, જવા ત્યા મુજ મન લલચાય;
"ત્યા તો રહેતા હશે કોક સંત, મારા દુ:ખનો આણુશે અંત

"જોગીરાજ એ વાટ બતાવો, દયા એટલી મુજ પર લાવો."
જોગી બોલ્યા "બેટા, રખે જાતો, એણી પાસ રખે લલચાતો.

"એ તો ભૂતનો ભડકો જાણ, બોલાવે ને કરે પછી હાણ,
"ભુખ્યાં તરસ્યાંને આદર આપે, લુખું સુકુ મળે તે જમાડે.

"એવી આ છે ગુફા મુજ રંક, બેટા તેમાં તુ આવ નિ:શંક;
" ફળને વણુ ખેડેલું ધાન્ય, શૈયા કાજ કુળાં ઘાસ પાન.

"રૂડાં ઝરણનું નિર્મળ પાણી, સુખ શાંતિ ને આનંદ વાણીઃ—
"એવું અક્ષય પાત્ર છે અહીં, હરિ પ્રત્યક્ષ થાય છે સહી.

"બેટા, એવા આશ્રમમાં તુ આવ્યો, ગયો સમજ ચિન્તા તણો વારો;
"દુઃખ સંસારનાં નથી સાચાં, મન માનવના એક કાચાં.

"મળે કોળીઓ ઉદર ભરાય, તસુ પૃથ્વી સારે સુવા કામ;
"પળ વાર છે કરવો સમાસ, તોય મન ન ઠરે કરી હાશ

"પ્રભુએ તો સરજેલુ છે સુખ! મન મનનું ખોળી લે છે દુઃખ."
નિશાકુસુમ સરે શાંત શાત, તેમ જોગી બોલ્યા શબ્દ દાંત

આગળ પાછળ ચાલ્યા બેય, ઝાપો ઉઘાડી પેઠા બેય;
રાત વાધી, વંઠેલા ખેલે, અન્ય સૌ પડયા નિદ્રામાં ભેળે

તેવે સમે જાગે જોગીરાજ, ધીમે તાપે કરે સ્વયંપાક;
તપે અંગારા એકાંત શાત, રંગ આપતો મંદ પ્રકાશ.

ધીમે ધીમે બળે છે કાષ્ટ, ધીમો ધીમો બોલે એનો તાપ;
બોલે તોરી ભરાઈ ભીત માંહ્ય, દોડે અહીં તહી ખેલે માજાર.

દ્વાર વાગે વાંસળી—સમો વાય, પ્હોર રાતના ચાલ્યા જાય;
જોગી આ સઉ શાંતિ ઝીલે છે, શાંત વાતો કરતા ખીલે છે.

ધીમું ધીમુ બોલે ને હસાવે, થાકેલાંનો થાક નસાડે;
કથાગોષ્ઠી કંઇ કંઇ કહાડે, બોધ આપે ને શાંતિ પમાડે.

અન્ન મધુરું જમે ને જમાડે, એ પર અતિથિને રુચિ કરાવે;
પથી ખાધું ન ખાધું કરે છે, પથી શુણ્યુ ન શુણ્યુ કરે છે.

ઉંડા વિચારમાં પડી જાય, ગાલે ઉતરે છે આંસુની ધાર;
એની દેખી દશા એવી જોગી, દયા આણી થયા દુઃખભોગી.

અન્ન પડતુ મૂકી પાસે આવ્યા, ફરી ફરી વળી પુછવા લાગ્યા,
"બોલ બેટા તને શુ થાય ? તારે હૈયે શાનો પડયો ઘાય ?

"ઘરનો વૈભવ તજી અહીં આવ્યો? ઓછુ આવ્યુ કે કોઇએ કહાડયો?
"દગો દીધો કો મિત્રે શુ ભાઈ? મળી કહણુ હૃદયની શુ નારી ?

"બેટા, વાત વિચાર તુ સાચી, માયા સસારની બધી કાચી;
"કહાવે લક્ષ્મી તો ચચળ નારી, નાસી જાય દઈ હાથ તાળી.

"સુખ એનુ કરે ચમકાર, જોતા જોતામાં થાય અધાર;
"સુખ એનુ તો મૃગજળ જેવુ, થતા સમીપ પડે ખોટુ એવું.

"મિત્રતામા એ મળે ન કાંઈ, એ તો સ્વાર્થની છે જ સગાઈ,
"એને નામે ભુરકાય તે ભોળા, એને વિશ્વાસે રહે તે તો રૂહોળા.

"લક્ષ્મી ને કીર્તિ જ્યાં જ્યાં જાય, છાયા જેવા મિત્રો પૂઠે થાય,
"જે એ છાયાને ઝાલવા જાય, ઘસે હાથ ને ખત્તા તે ખાય.

"સ્ત્રીની પ્રીતિ તો એથી યે ખોટી, મોહજાળ નાંખે જોતી જોતી;
"જાળ નાંખે, જોતામાં ફસાવે, ફાવે ત્યાં જ એ ધુતકારી નાંખે.

"ક્હાવે અબળા ને નરને નચાવે, ગોરી ગુમાન ભરી પછી રાચે;
"નરના દુઃખની મશ્કરી કરતી, નારી પ્રીતિ ખરી નવ ધરતી.
"પ્રીતિની હુંફ પખી ધરે કો, સુર લોકમાં હો કે નહિ હો;
"પ્રીતિને નામે સળગાવી આગ, નારી નરને કરે છે ખાખ.

"મોહ માયા ને જોગણી ક્હાવે, નારી નરને ન જપે સુવા દે;
"બેટા, શાને વેઠવી એની શૂળો ! એની પ્રીતિમા મૂકની પૂળો ! "

જોગી બોલતો ઉશ્કેરાય, પથી સાંભળતો શરમાય;
નીચું જુવે ને ડસડસી રુવે, ગાલે નારગીનો રગ ચુવે.

વ્હાણે નાજુક વાદળી ચાલે, રગ ઉજળા પળેપળ ફાલે;
સુદરતાના લલિત ચમકાર, અગે ઉઠતા તેવા જણાય.
જોગી જુવે છે, આભો બને છે, પથી નવો નવો વેષ ધરે છે;
આંખો ચચળ થઈ ચળકે છે, ઓઠ કુપળો પઠે ઉઘડે છે.

પથી સુદરી રૂપ થઇ જાય, જોગી ભડકે ઉંચો નીચો થાય;
હાથ જોડી રોતી બોલી બાળા.—"ક્ષમા કરજો મને, જોગીરાજા !

"જગપાવન ને નિર્વિકાર, શાંત દાંત વસો યોગીરાજ;
"એવા દિવ્ય આશ્રમની માંહ્ય, પગ મૂકયા પાપણીએ આજ

"તમ દર્શનનો અધિકાર, નથી જેને, એવી હુ છું નાર,
"ક્ષમા કરજો મને યોગીરાજ, કહી દઉ મારાં વીતકની વાત

"શુણી અબળા તણા અપરાધ, કૃપા કરજો, અહો કૃપાનાથ !

સ્વ ગોવર્ધનરામ.

"તાપી તટે સૂર્યપુર સ્થાન, વસે તાત મારા ધનવાન;
"લાડ ઘેલી હું એકની એક, દ્રવ્ય યોગ મને અઢળેક.

"ભળ્યા તાત સુધારાને ટોળે, મને વર્ષ થયા પુરાં સોળે;
"આવે માગાં જાણે ફાટયું વ્હાણ, ખરાં ખોટાં કરે પ્રેમગાન.

"કરે વાતો ખ્યાતો સહુ વડેરી, નિશો હેમનો ધૂન અનેરી,
"એક સ્નેહી અમારો ચતુર, ન્યાળે નેહે મને રહી દૂર.

"રૂપે ગુણે વિદ્યાએ સપન્ન, માન્યો યુવક એ મારે મન;
"સાદો શાણો નહિ અહતાન, નહિ સત્તા સુવર્ણનુ ધ્યાન

"સરસિજ સમાન વિશુદ્ધિ, જળ ઝાકળ શી શુદ્ધ બુદ્ધિ;
"બિંદુ સુદર પુષ્પ સુહાય, શોભે સુકે ખીલે કરમાય.

"એણે સુદરતા એક સાધી, તેની ચચળતા મને લાધી;
"એણે ભુરકી બાળા ભોળી, મારે હૈયે જાગી પ્રેમહોળી.

"પણ ચંચળ મારો સ્વભાવ, લાગ્યા પ્રેમી પખીને કઈ ઘાવ;
"પ્રીતિ દાખવુ બીજે, એ ખીજે; પ્રેમી સીઝે મારૂ મન રીઝે.

"મારા ઢંગ જોઇ મૂકી મામ, વન સેવ્યું તજી ગ્રામ ધામ;
"પામ્યો પ્રેમી મારો હરિશર્ણ, માગુ માગુ હવે હુય મર્ણ.

"માર્યો અભાગણીએ મેં કાન્ત, વને રવડીને શોધ્યુ દેહાંત;
"મારે કાજે ગયા સ્વર્ગ પ્રાણ, એને કાજે તજું હુય પ્રાણ."

જોગીરાજ વદ્યા "શાંત! શાંત!" ભુજયંત્રે ભીડી બાળા કલાન્ત;
મુગ્ધા આકુળ વ્યાકુળ જોય, જોગી ગાઢ આલિંગે ને રોય.

"મારી મીઠી મેધાવિની ચપળા, પ્રીતિમૂર્તિ પવિત્ર હે પ્રમદા;
"ન્યાળી લે આ ચતુરનું ગાત્ર, પામ્યો પ્રેમ અને પ્રેમ પાત્ર.

"મારૂં રંકનું તું વ્હાલી રત્ન, પ્રીતે પાળીશ હું કરી જત્ન;
"કરી ચિંતા ચિંતા દેશ પાર, રહેશું આનંદે નાર ભર્થાર.

"શુદ્ધ નિર્મળ સ્નેહમાં વ્હેશું, લ્હાવ સંસારના સર્વ લેશું;
"તારે દુ:ખે મને દુ:ખ યોગ, હરિ રાખે અખંડ સંયોગ."

(સાહિત્યરત્ન.) નરહરિલાલ ત્ર્યંબકલાલ.

૬૦

ભિખારી.

અનુષ્ટુપ્.

ખેડુનાં બાળકો નાનાં, તાપે છે તાપણી કને;
લાંબી રાત શિયાળાની ટુંકી વાત થકી કરે.

લાવણી.

નિર્દોષ ગમત ગપ્પાંની ધૂનમાં પ્રહર સહજ વહી જાતા,
તાપણી કેરા તાપથી થાતાં, ગાલ બાળના રાતા.

ભુજંગી.

ધીમેથી તહીં બારણું કોક ઠોકે,
અને બાળકો કાન આતુર દે છે;

ધીમે, ધ્રૂજતે, આર્ત શબ્દે બિચારો,
વિનતિ કરે કોક વિશ્રાન્તિ કાજે.

"વહે શીત વાયુ કરી સુસવાટ,
"પડે વૃષ્ટિ સાથે કરાઓ અપાર;
"ગિરિ એક સામો, બિયાબાં પછાડી,
"અરે બાપુ! કહો કેમ હુ જાઉં ચાલી ?

"થયા તેજ હીણા વયે નેત્ર–દીવા,
'નહિ રાત્રિએ માર્ગ શોધી શકાય;
"અને ચીથરે હાલ જે વસ્ત્ર મારાં,
"ખરે વાયુના ક્રોધ સામે નકામાં.

"નથી શક્તિ બાપુ! જુઓ ચર્ણ ધ્રજે,
"થયાં ગાત્ર મારાં વયે છેક ઢીલાં;
"નથી નાડીમાં લોહીનુ એક ટીપું,
"અને કાળજુ વેદનાથી ચૂંથાય.

"ઉઘાડો તમે બારણું થૈ દયાળુ,
"અને બાપલા! આશરો આજ આપો;
"નથી કાલ મારે હવે બાપુ જોવી,
"મને મૃત્યુની પાંખ લાગે નજીક."

વસંતતિલકા.

વ્યાપી દયા સહુ ઉરે ઝટ ખેડુ દોડયો,
"આવો ભલે," કહી જ તાપણી પાસ આણ્યો;

કાંપે બધું શરીર ટાઢથી બાપડાનું,
ને શ્યામ વર્ણ મુખ દુઃખ થકી થયું છે.

ટોળે મળ્યાં સહુ શિશુ અતિથિ સમીપ,
થીજી ગયેલ કરને ધર્સો હૂંફ આપી;
ને વૃદ્ધ ડોશી ઝટ ઉઠી ગઇ રસોડે,
તૈયાર કીધો શ્રમહારક રાબ તાજી

પ્રીતિ થકી શિથિલ જીવ ફરી પ્રમોદ્યો,
ધીરે રહી કરચલીયુત ગાલથી ત્યાં—
ચાલ્યું વહી નયનથી જળ બોર બોર,
આભાર જે અકથ અંતરનો જણાવે.

તે જોઈ ગોષ્ઠિ સહુ બાળતણી વિરામી,
નિઃશ્વાસ દીર્ઘ ઉર ઉરથી આવિયા ત્યાં;
ને શોક સાથ કૈ હર્ષનુ સ્વપ્ન દિવ્ય,
લાધ્યુ તથાપિ નહિ કારણ કોઈ જાણે.

નર્મદાશંકર બાલાશંકર.

૬૧

સૃષ્ટિને યાચના.

અંજની ગીત.

આવો પંખી ! ગાઓ, રાચો,
આવો આવો હરણાં ! નાચો,
છુટી આવ્યો છું જગમાંથી,
સાથી આ સાચો.

સર્વે બન્ધુ પ્રાણી વનનાં,
સર્વે સાથી જાણું મુજનાં,
માણી મોજ મઝા હું સાથે,
મેળવજો મનડાં.

વાયુ તું હમેશાં વાજે,
વૃક્ષો માંહે મીઠું ગાજે,
રૂહેજે ધૂન મચાવી સરમાં,
કમળ સાથ ન્હાજે.

વૃક્ષો ઝૂકો વેલી સાથે,
છાયા આપો તપ્ત અનાથે,
મીઠા મેવા પીરસો પ્રીતે,
સુવાડો સાથે.

મ્હાડો ઉંચા નભમાં ખેલો,
ધોધ નદીના વ્હેતા મેલો,
હું યાચકને વાસો આપી,
સુખ શાન્તિ રેલો.

ગંભીર ગાન સમુદ્ર ! ગજાવો,
મોટાં મોજા આળોટાવો,
તીર જમાવો ફીણની લેખા,
હર્ષે નવરાવો.

મીઠી શીળી મુગ્ધા ચંદા !
ચોક્ખા નભમા સરજે મંદા,
તારક ઝળહળ જ્યોતિ સાથે,
રમજે રાસ સદા.

સર્વે એ સૃષ્ટિના સત્વો !
જડ ચેતન સહુ મારા મિત્રો,
મ્હેર કરો વિસારૂ હું તો,
દુનિયાના દુખો.

વ્હાલી એ કુદરતની લીલા,
પ્યારી હો સૃષ્ટિની શોભા,
સ્વીકારો અરજી સમભાવે,
આશ્રય આવ્યો હા !

હૈડાંનુ આ રડવુ શુણજો,
નયણાંનાં આસુડા લ્હોજો,
છાતી ચાંપી હૈયા સાથે,
હો ! ખોળે લેજો

(કાવ્ય-પ્રેમી.) રસિક.

૬૨

સંતોષ.

(રાજા અને ખેડુ-એક તુલના.)

ગઝલ.

રાજા વિરાજે ગોખમા, રાજા વિરાજે ગોખમાં;
ખેડુ રહે છે ખાંજરે, રાજા વિરાજે ગોખમાં.
સુખમાં ન ફેર જ છે જરી, દિન એક બે જાશે મરી,
વ્યથ થાય બેને રોગમાં, રાજા વિરાજે ગોખમાં.

છે પાત્ર ચાંદી માટીનુ, પણ પાણી નિર્મલ વાપીનુ;
કદિ ફેર તે છે સ્પર્શમા, રાજા વિરાજે ગોખમા.
નૃપ ભોજ્ય ઉત્તમ પામતો, લોભે ન પણ વિરામતો;
રૂહે રાગમાં પણ રોગમા રાજા વિરાજે ગોખમાં.

પણ ખેડુ જાડુ ખાઇને, રૂહે પુષ્ટ મન મલકાઇને;
ખેતી કરે સતોષમા, રાજા વિરાજે ગોખમાં.
બહુ કલેશ ઝેર વસે ગૃહે, વિશ્વાસ નૃપને ના રહે,
ચિંતા બળે મન-મ્હેલમાં, રાજા વિરાજે ગોખમાં.

નહિ રાગ રગ રીતિ ભણ્યો, નહિ શોણિતે વૈભવ ચણ્યો;
ખેડુ સુખી પણ ઝોંડમાં, રાજા વિરાજે ગોખમાં.
ચિંતા ધરે નિજ રાજ્યની, વળી પુત્ર ને પરિવારની;
રૂહે સતત અરિની ભીતિમાં, રાજા વિરાજે ગોખમાં.

ચિંતા નથી પણ કાલની, ભીતિ નથી મહાકાલની;
ખેડુ વસે આનદમાં, રાજા વિરાજે ગોખમાં.
લે, જીવ ખેડી, નૃપ ધરા, ભારે દમેછ વસુંધરા;
ક્ષણ એક પણ નહિ જંપમાં, રાજા વિરાજે ગોખમાં.

ખેડી ધરા, દે ધાન્યને, ખેડુ જીવાડે જીવને;
રહે સર્વ સાથે સંપમાં, રાજા વિરાજે ગોખમાં.
સુખ સાધ્ય ખેડુને સહુ, રાજા પરાધીન છે બહુ;
આશ્રય વિના નૃપ દુઃખમાં, રાજા વિરાજે ગોખમાં.

જવુ હોય ડગલા ચાર તો, પ્રતિહાર આગળ ચાલતો;
"ખમ્મા" કહી લ્હે અધમા, રાજા વિરાજે ગોખમાં.
રાજા ન પશુ વિણ સચરે, સ્વચ્છદ ખેડુ ફર્યા કરે;
કહો કોણ ત્યારે સુખમા? રાજા વિરાજે ગોખમા.

કર, પાય, ચક્ષુ, કાન ને, પર હાથ, નૃપનાં ભાન ને;
રાજા અધમ છે દાસમા, રાજા વિરાજે ગોખમા.
મો'શો ન ઝગ ઝગ દેખતા, સુખ દુખ સર્વેને છતાં;
સરખાં સકલ હરિ-આંખમાં, રાજા વિરાજે ગોખમા.

વૈભવ ભલે રવિ શુક્રનો, જન દીન તૃષ્ણાથી ઘણો;
સતોષસુરતરુ માનજો, સુખકાજ ઘર ઘર વાવજો.

(સુમનગુચ્છ.) દોલતરામ કૃપારામ પંડ્યા.

૬૩
રાજર્ષિ.

લાવણી.

મેં ચિંતા સર્વે તજી ગ્રામને દ્વારે,
તો ચિંતા મારી સજી રહે પ્રભુ ભારે;
મેં મૂકી વાસના સર્વ અરણ્યે જ્યારે,
તો પુષ્પવાસના મને વધાવે પ્યારે.

હું છોડીને ઘરબાર થયો વનરાજા,
મે મૂકી લાજ તો ધરે સત્ત્વ મુજ માઝા,
તજી નીરસ અન્ન હુ જમુ મિષ્ટ ફલ તાજા,
તજી કુટિલ વેણુ હુ શૃણુ અનાહત વાજાં.

સંગેમરમરની શિલા સુવાળી સારી,
નવપલ્લવ—રૂથી ભરી સુપુષ્પ પથારી,
તકિયો ચંપકની લતા તણો શુભકારી,
ત્યાં સિંહાસન હું કરૂં અચલપદ ધારી.

ઘટ ભવ્ય વૃક્ષની ઘટા છટાથી રહે છે,
મુજ ઉપર દિવસ ને રાત છત્ર ધરી રહે છે;
મૃદુ પુષ્પ સ્વાદુ ફળ દઈ મને રીઝવે છે,
ક્ષણ ક્ષણ ચલાવતા હાથ વારણાં લે છે.

કોકિલ, મેના, પોપટી ચમર ધારે છે,
"કિલકિલ" બોલી કલ્લોલ લોલ લલકે છે;

પારાવત રસીલાં સર્વ હઝૂરો બને છે,
મુજ અમલ કેફથી મત્ત નિરંતર રહે છે.

મુજ છડીદાર છે સિંહ વિજય પોકારે,
પ્રતિહાર વ્યાઘ્ર બની રહે જાગતા દ્વારે;
મદમસ્ત હસ્તીના નિવહ નિરર્ગલ રમતા,
મુજ રક્ષા કાજે ગરુડ રહે છે ભમતા.

મુજ પરમહંસની પાસ હંસ બહુ નાચે,
જૂદાં જળ દૂધને કરી "પરમ" પદ જાચે;
ત્રણ સંધ્યા સમયે સદા દીર્ઘ લઘુ પક્ષી,
સંકીર્તન મધુરૂ ગાય મને આલક્ષી.

હઠ તાંડવ કરતા મોર શોર મૃદુ માડે,
શાકરનુ કરતા હાસ્ય વિષયરસ છાડે;
કસ્તુરી મૃગ મુજ દૂત વેગથી પૂરા,
મુજ રાજ્ય તણી શુભ વાસ પ્રસારે શૂરા.

વળી શીતલ મંદ સુગંધ સમીર વહે છે,
પંખો મુજ ઉપર કરી અદ્રષ્ટ રહે છે;
નિર્ઝર ઝર ઝર ઝર ઝરી મને સેવે છે,
શીતળ ને સ્વાદુ શુદ્ધ સલિલ ધરે છે.

સુંદર અંબરને ધરી રક્ત વિચરે છે,
શશી સૂર્ય અહોનિશ મને મશાલ ધરે છે;

રજનીમાં ચાંદી તણું હેમનુ દહાડે,
મુજ કાજ બિછાનુ કરી પ્રહર્ષ પમાડે

મુજ કોપાધિપ ઋતુદેવ વિવેકી શાણો,
નવ નવ આપે ફળ ધાન્ય ગૃહે નહિ દાણો,
મુજ ઇચ્છા પૂરી કરે સમયને સાધે,
સૈનિકો દ્વાદશ માસ મને આરાધે.

શંકર જાણી અભિષેક કરે ચોમાસે,
શતરંજીથી સુર ભરે ધરા ઉલ્લાસે,
મુજ રાજ્ય તપે ત્યમ તપે ઉનાળો ભાવે,
તપ–પ્રતાપ મારો પ્રચંડતર બતલાવે

શિયાળો સેવા કરી શાન્તિ વરસાવે,
કરવાની શીતળ ચિત્ત, રીત સમજાવે,
મુજ સેવા સરવે કરે શક્તિ અનુસારે,
હુ રાજ્ય ભોગવુ અખંડ પ્રૌઢ કરારે

છે જગકર્ત્તાનો એક આશરો મારે,
તો વેર, ઝેર, તકરાર મળે ન લગારે,
રહી અષ્ટ સિદ્ધિ નવ નિધિ બની મુજ દાસી,
હું અનન્ય હરિનો ભક્ત રહ્યો વનવાસી

(સુમનગુચ્છ) દોલતરામ કૃપારામ પંડ્યા.

૬૪
સ્વર્ગ-સુખ.

હરિગીત.

એકાન્ત મનહર કોઈ સ્થળમાં સરિત સુદર હોય કો,
ને નિજ ગતિથી વેગવતી આકર્ષતી તે હોય જો,
વળી એ તટે ચારૂ તરૂવર વગથી હોય ઉભાં યદિ,
ને સુરભિમય પુષ્પો સુરંગિત હોય જો ઝઝુમ્યા અતિ

તોટક

વળી દૂર જરા ગિરિમાળ દીસે,
કંઈ ભિન્ન પ્રકારથી સર્વ દીપે;
નમતાં મહી કો, મહી ઉચ્ચ બહુ,
વળી ગર્વ ભર્યા યદિ શેષ સહુ

હરિગીત.

ને અન્ય તટથી દૂર થોડે ક્ષેત્ર વિધવિધ જો દીપે,
ત્યાં માત્ર સુન્દર પક્ષી કોઈ મધુર રવ બોલે ધીમે,
અથવા મૃદુ કો મધુર પૂરી ચારુ પૂર્ણ કળા અને,
કરી નૃત્ય ધીરૂં પાદથી ટહુકા કરી મનહર બને.

તોટક.

વરસે જ્યમ વૃષ્ટિ ખરા અમીની,
લહરી ત્યમ વાયુની વાય ધીમી,
વળી દશ્ય શિલા તટ ઉપર જો,
પડી હોય સુકોમળ સ્વચ્છ જ જો

હરિગીત.

તો તે સ્થળે સધ્યા સમે હું જગત ત્યાગી આવીને,
મસ્તક મુકી શિલા ઉપર, પડુ શાન્તિ ઉરમાં લાવીને,

શુણુ વેગ સુન્દર સરિતનો, વળી પર્વતો નિરખુ જરા,
વળી વાયુ લહરી અનુભવુ સુરભિ ભરી તે પણ અહા !
ને અંજલિ કરી હસ્તથી સ્મરું ઈશિને મન માંહી ને,
ઇન્દ્રિય બધી બુદ્ધિ લગાડુ પ્રેમથી હુ ત્યાંહી એ;
ને સર્વ એ અનુભવ થકી મુજ આત્મ તૃપ્ત પૂરો બને,
તો સ્વર્ગ-સુખ મુજ એજ છે, છે તુચ્છ સહુ તેની કને.

(હૃદય-ઝરણા) સ્વ સૌ સુમતિ.

૬૫

અમારો આવાસ.

ગઝલ.

જહા મેદાન આનદે પડયુ વિસ્તીર્ણ એપરવા,
કુરગો જ્યા રમે કૂદે, તહા આવાસ મારો છે
પહાડો જ્યા ઝઝૂમે છે, ઉચાઈ વ્યોમ ચૂમે છે,
જહા ભવ્યત્વ ધમે છે, તહા આવાસ મારો છે.

જહા કલ્લોલ મીઠો છે, જહા આનદ દીઠો છે,
જહાં હૈયા રહે ખુલ્લાં, તહા આવાસ મારો છે
જહા ઝરણા દ્રવે મીઠા, પઢે પર્ણો પ્રીતિપાઠો,
નિરંતર નાદ અનહદ જ્યાં, તહા આવાસ મારો છે.

જહા ગેબી ફરે ગોળા, વિભુવૈરાટ જ્યા પ્હોળા,
પ્રભુ જ્યા પાથરે ખોળા, તહાં આવાસ મારો છે.
જહા બાળો ભમે ભોળાં, પ્રભુ ગોવાળના ટોળા,
હૃદય ઝૂલેજ હીચોળ્યાં, તહાં આવાસ મારો છે.

મળે જ્યાં ઓલીયા ટોળી, ખલકની ખાક જ્યાં ચોળી,
બધી દુનિયા જહાં ભોળી, તહાં **આવાસ** મારો છે.
જહાં સંસાર છે સૂતો, અલખનાં જાગતાં ભૂતો,
અભેદાનંદ જ્યાં દ્રવતો, તહાં **આવાસ** મારો છે.
(બુદ્ધિપ્રકાશ.) રસિક.

૬૬

સાદું જીવન.

સાદા જીવનમાં,

છે સુખ સઘળાં નિવસેલ, **સાદા** જીવનમા,
ચાલે, અમી-રસની રેલ, **સાદા** જીવનમા—ટેક.

સાદું જીવન કોઈ ન ઇચ્છે !
ઇચ્છે વિરલા સંત રે !
હોય પુણ્ય-બળ તો જ સાંપડે !
મનાય-દુઃખનો અંત,-**સાદા** જીવનમાં-છે સુખ.

જાર, બાજરી જેહ મળે તે,
ખાવું ઉર ધરી હેત રે !
ઉદ્યમમાં નવ આળસ કરવું,
ગણી હરિનો સંકેત-**સાદા** જીવનમાં-છે સુખ.

* * *

જેમાં વૈભવ શરીર-શોભા,
કરવા નવ વપરાય રે !

ઉત્તમતા મનની મેળવવા,
યત્ન બધા અદરાય,-સાદા જીવનમાં-છે સુખ.

* * *

સાદું જીવન સકળ સાધુ જન,
ગાળે જનહિત માટ રે !
સાદા જીવનમાં નિજના નહિ,
પરના નિત્ય ઉચાટ !-સાદા જીવનમાં-છે સુખ.

* * *

નથી એ જીવન માત્ર રંકનું,
નથી રાયનુ સાર રે !
સરળ હૃદયનુ સંગી—
સાત્વિક હૃદય મહી રમનાર સાદા-જીવનમા-છે સુખ.

કયાંથી પુણ્ય બળ ! કયાથી ઉત્તમ
જીવન-એવુ થાય રે !
પીયૂષ-હૃદય-ન આમા તેમાં
વચમા-ગોથાં ખાય ! સાદા જીવનમાં-છે સુખ

(આર્યધર્મપ્રકાશ) અમૃતલાલ કુવરજી વૈદ.

૬૭.

એકાંત જીવન.

ગઝલ.

વતન નાનુ વડીલોનુ, સદા જે સાચવી રહેતો,
વસી નિજ જન્મભૂમિમાં, અનેરાં સુખ કે લેતો;

અહર્નિશ ગાય ને ભેંસો, દહીં દૂધ જેહને દેતાં;
સુવર્ણા પાક પુષ્કળથી, ઝઝૂમી ખેતરો રહેતાં.

વળી ગાડર રહ્યાં જેને, ગરમ વસ્ત્રો બહુ આપી,
ઉનાળે ઝાડ દે છાયા, શિયાળે શીત દે કાપી;
બદન આરોગ્ય ને મનની, ખરેખર શાંતિમાં જેનાં,
વીતે વર્ષો, જીવ્યો તે તે, વખાણુ પુણ્ય શાં તેનાં !

વિના સ્વપ્નો મીઠી નિદ્રા, પ્રતિરાત્રિ વિષે આવે,
મનન, વાચન, નિદિધ્યાસન ચિંતે જેને અતિ ભાવે;
પરમ નિર્દોષ સ્મિત સ્ફુરતાં, હમેશાં મુખડે જેને,
સુખી તે છો! સુખી તે છો! હજારો ધન્ય છે તેને!

રહી અજ્ઞાત જીવન ગાળુ, આવુ-એ મને ઇચ્છા,
મીઠા મૃત્યુ તણી ગોદે, લપાઇ જાવુ-એ ઇચ્છા;
રડે નહિ કોઈ મુજને પ્રેમીઓ ચખભર-મને ઇચ્છા,
મૂકે નહિ કોઈ મારી લાશ પર પત્થર-મને ઇચ્છા.

(પટેલબન્ધુ.) કૃષ્ણાનુચર.

(પા ચુ મંડળ.)

૬૮.

ગઝલ.

વસું વન આશ્રમો બાંધું, વિચારો એ મને આવે,
જીવનભર બ્રહ્મચારી હુ રહુ એ વાત મન ભાવે.

સુખી નિર્લેપ વિષયોથી, વળી વ્યવહાર પિંજરથી;
કદી થાવું નહિ કેદી, મહેચ્છાઓ મને એવી.

ન ચિંતા આધિ ઉપાધિ, શકે ઘેરી કદી મુજને,
વળી ધન લોભની પરવા, કરૂં કોદી નહિ સ્વપ્ને;
સરળ શાંતિ થકી ભરિયું, વમળ વિણ નીરના જેવું,
ગુજારૂં હુ જીવન રૂડુ, ચરાચરમાં પ્રભુ સેવું.

તરુવરની ઘટાના મ્હેલ, સુદર એ ઉભા મારા,
પથારી કાજ કુળા ઘાસ, હરિયાળા ભર્યા કયારા;
દીધાં બહુ છાલ ને પર્ણો, અમારાં ઢાકવાં અગો,
વગર ખેડયાં બહુ ધાન્યો, ફળે છે વેલ ને વૃક્ષો.

પીવાને નિર્મળા પાણી, ઝરે ઝરણા ગિરિવરથી,
શ્રવણઆનદ રૂહે રેલી, કૂજન કૈ કોકિલા કરતી –
રચી નિર્દોષ વૈભવ આ, પડયો રાચું પ્રભુ ગાને,
જગતના તાપ ઉવેખુ, અખડાનદને તાને

ભૂમિપુત્ર.

(પા પુ મડળ)

૯૮

ઝુંપડી.

સંતોની ઝુપડી કબૂલ રે, રાણાજી! મારે.—સંતોની
નથી જોઈતાં, રાણા! પલગ બીછાનાં તારાં,
સાધુની કામળી કબૂ રે, રાણાજી! મારે—સતોની.

નથી રે જોઈતાં, રાણા ! મ્હેલ ઝરૂખા તારા,
સંતોની ઝુંપડી કબૂલ રે, રાણાજી ! મારે—સંતોની.

નથી જોઈતાં, રાણા ! હીરનાં ચીર તારાં,
સાધુની કન્થા કબૂલ રે, રાણાજી ! મારે—સંતોની.

નથી જોઈતી, રાણા ! મોતીની માળા તારી,
તુલસીની માલિકા કબૂલ રે, રાણાજી ! મારે—સંતોની.

નથી જોઈતાં તારાં, તેલ ચંપેલ મારે,
ગોપીચંદન આગળ સૌ ડૂલ રે, રાણાજી ! મારે—સંતોની.

નથી જોઈતાં મારે, ગાન ને તાન તારાં,
હરિનુ ભજન મારી ધૂન રે, રાણાજી ! મારે—સંતોની

નથી જોઈતાં મારે, રાજ ને પાટ તારા,
મનડામાં રામ રૂમઝૂમ રે, રાણાજી ! મારે—સંતોની.

ક્ષણિક વૈભવમાં રાણા ! ભલે તુ રહેને ફૂલ્યો,
હરિનામ મારે સુખ કબૂલ રે, રાણાજી ! મારે—સંતોની.

(સુંદરીસુબોધ.) સૌ. બબી બ્હેન.

૭૦

સુન્દર સાંતીડું.

દયો મયો બે બળદીઆ રે, તારાં પુનનાં જોતર વાળ,
વાલીડા પુનનાં જોતર વાળ;

રાશ તો જ્ઞાનની કરીએ, સત પરાણો ગ્રહો હાથ;
સાથીડો જોડીને સ ભાળીએ-ટેક.
પહેલે ગુણ પધારીએ રે, તારા કાળના ગુડા ફૂહાડ,
વાલીડા કાળના ગુડા ફૂહાડ;
બીજ વાવીએ રે નિજ નામનું રે, તરી પાપ સમૂળા જાય;
સાથીડો જોડીને સ ભાળીએ.
ત્રીજી ગણુત્રી ત્રિકમ નામની, તારી તૃષ્ણાઓ એટલી ટાળ,
વાલીડા૦
ચોથી ગણુત્રી ચતુર્ભુજ નામની રે, તારૂં ખેતર આવ્યુ હાથ.
સાથીડે'૦
ખેતર આવ્યુ તારે પોંહોક થયો રે, તારા મનનો માળો બાધ,
વાલીડા૦
આ ગોફણ તો જ્ઞાનની કરીએ, પ્રેમના ગોળા ફેકાડ.
સાથીડો૦
ધણી તો આવ્યો ઢાળવા રે, તારી ઢાલ ભલેરી હોય.
વાલીડા૦
ખાઓ પીઓ ધન વાપરો, એના ભોગ ભગવાનને હોય,
સાથીડો૦
કહે અખો તમે ચેતજો રે, અરે ચેતો નરૂને નાર,
વાલીડા૦
આ ધન જોબનને જરાયે, ન જાતાં લાગે વાર.
સાથીડો૦

(સુદર્શન.) અખો.

૭૧

"દૂધના દૂધમાં, પાણીના પાણીમાં."

(એક બોધ.)

મનહર.

વ્રજ ગોપરાણી લેઈ, દૂધ તણી દોણી, ચાલી,
વેચવાને, જાણી ઉણી પાણી ભર્યું શાણીએ;
દામ કરી ખોટે ઠાઠે, આવી જમુનાની વાટે,
પેઠી ન્હાવા માટે, મૂકી ઘાટે દામ દોણીએ;
વાંદરે મટુકી ભાળી, ખાવા જાણી ઉંધી વાળી,
પડયા પૈસા, મુઠી વાળી જોયા ત્યાં સુજાણીએ;
હાં! કહી હાકન્તા નાખી નાઠો કપિ કરી ન્યાય,
"દૂધના દૂધમાં જાય, પાણી તણા પાણીએ."

(રસશાસ્ત્ર) છોટાલાલ નરભેરામ ભટ્ટ.

૭૨

ભોળી જમના.

(ઉખાણો)

આજ વ્હેલી ઉઠી રે, ભોળી જમના,
દળણું દળ્યું મુઠી રે, ભોળી જમના.

પછી છાશ કીધી રે, ભોળી જમના,
લોટી લોટી દીધી રે, ભોળી જમના.

ગાય ભેંશ દોહી રે, ભોળી જમના,
વટલોઇ લોહી રે, ભોળી જમના.

રસોડામાં પેઠાં રે, ભોળી જમના,
ઠામ ધોયાં એઠાં રે, ભોળી જમના

આમ જમી લીધું રે, ભોળી જમના,
કામ પૂરૂ કીધુ રે, ભોળી જમના

(સુંદરીસુબોધ) દેવશંકર વૈકુંઠજી ભટ્ટ.

૭૩

મહેમાનોને.

મહેમાનો ! ઓ વ્હાલા ! પુન પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ જો,
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુન પધારજો !

ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે,
ઉતર્યા રંક ઘરે, શો પુણ્ય પ્રભાવ જો !
શુશ્રૂષા સારી ના અમને આવડી,
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !

(પદ્યસંગ્રહ.) કાન્ત.

પરિશિષ્ટ.

૧

ગોવાળીઆની વનલીલા.

ઈંદ્રાદિક જગ મોહી રહ્યું, મોહન મધુરો ચરાવે ગાય;
જીરે બજાવે રૂડી મોરલી, દુઃખ દલદર ભંજન થાય.
ગાયો ચારે છે ચોફેર ફરી, જીરે ગોવર્ધનને માળ;
બળભદ્રે ફાંમો પાડીઓ, શીકું બાંધ્યું ડાળ.

* * *

ગોવાળીઆ મંડળી મળી, ઉભી ગોવર્ધનને માથ;
કૃષ્ણ આરોગે રૂડા કરમદા, આહીરડાંની સાથ
ચાખે ને ચખવી જુએ, વ્હાલો પીએ પીવડાવે ખીર;
જમી જમાડી પોતે જમે, હરિ હલધર કેરો વીર.

બમણુ તે લે વ્હાલો વહેંચતાં, તત્ક્ષણ આરોગી જાય;
જેનું દેખે વ્હાલો વાધતું, તેનું પડાવી ખાય.
ગાયો હીંડી ગોવર્ધન ભણી, જીરે ક્ષણું એક લાગી વાર;
વારો આવ્યો પ્રભુ તમતણો, તમો વાળોને દીનદયાળ.

કર ગેંડી લઈ ઉભા થયા, પાડે સ્વરે બોલાવી ગાય;
હીંડે વૃંદાવન શોધતા, ચૌદ ભુવનનો રાય.
સિંચાણી, બગલી, ને સારસી, પારેવી, ચાતોર, મોર;
પીળી, ધોળી, ને કાજળી, બોલાવે નંદકિશોર.

નરસિંહ મહેતો.

૨

વસંત-પ્રાર્થના.

વસત ! વ્હેલી પધારજે !
તુજ મંજુ વેણુ વગાડજે !
તરુ વૃન્દમાં,
ફૂલ વાડીમાં,
પમરાટ તુજ પથરાવજે.

કરજે નદીનીર નિર્મળાં,
તરુ માત્ર ફળ ફૂલે ઝુકયા,
કોકિલના ટુહુકાર આલમ આખીમાં રેલાવજે!

અમ સ્નેહ સૌર્ય ઉરાડજે:
ઉર-મુકુલને વિકસાવજે:
તુજ મંત્રના,
રસ તંત્રના,
કૈં ગૂઢ પાઠ પઢાવજે.

કરજે મનુજ ઉર નિર્મળાં,
રસબસ પ્રભુ પ્રેમે ભિંજયાં,
જાદુભર્યાં તુજ ગીતથી જડ જગત સૂતું જગાડજે!

(વસંત.) નર્મદાશંકર બાલાશંકર.

૩

ગામડામાં સાંજની શોભા.

ગરબી.

સાંજની શોભા તો રળીઆમણી;
હાંરે હીગળોકિયાં તરતાં તેજ બિંબની-હોજીરે-સાંજની.

હાંરે બાવળ ઝાડીમાંથી સૂર્ય અસ્ત જોઈને;
હાંરે સિંદુર રંગથી ન કેમ રહુ મોહીને-હોજીરે-સાંજની.

હાંરે રુડાં ખેતરો ખુલાં તે પાસ તેડતાં;
હાંરે રંગીન બાવળો તે આખમાં રંગ ખેલતા-હોજીરે-સાંજની.

હાંરે ગયો સૂર્ય કે વધ્યો જ ચંદ્ર તેજમાં;
હાંરે સાથ દીસતો તે શુક્ર વળી સ્હેજમાં-હોજીરે-સાંજની.

હારે વરસ બેનું બાળક એક ભરવાડનુ;
હાંરે બેસી ફૂંકતું હતું તે ઘાસ વાડનુ-હોજીરે-સાંજની.

હાંરે ભરવાડણી આવી પછી જહાં ઝોકડું;
હાંરે માથે માટીનાં વાસણ ખાંધે બોકડું-હોજીરે-સાંજની.

હાંરે લીલા બહુ મચી વિશાળ ગામ ગોંદરે;
હાંરે જોયું નર્મદે ટકારમું નભૂવડે-હોજીરે-સાંજની.

નર્મકવિતા.)

કવિ નર્મદાશંકર.

૪

મેહુલો.

રાગ–બેડીઓ પગમાં પે'રી, ટપલા માથે ખાતા ટોપલા સારતા.(ચંદ્રહાસ

પૂરોના પૂર છલ્યાં, મેહુલા વરસ્યા વીરોની જાગના.

રાજા પીએ ને પીએ રાંકડાં, નોકર ચાકર શેઠ પીએ શાહુકાર–પ
તરસ્યા પીએ ભૂખ્યા દુખીઆ પીએ, પીએ ધરાયા અધીર વાર ‹

દેશી પીએ, પીએ પરદેશીઓ, અમૃત સારે સુરતરુનું ક
હકના પીએ ને નાહકના પીએ, નીર પીએ નિમકહલાલ હ‹

હાડો હાડે નીચોવ્યાં મોસમે, ટપકે ટીપાં રોમે રોમ અ‹
ઝરણા ઝરે નદી નાળા ભરે, છલકે હલકે સાત સાયરની

તનડાં ફૂરે રૂવે રૂંવાં ઝરે, ગરવું અંતર એક એનુ ગું‹
જોરે ઝબુકે અંતર વીજળી, ગાજવીજે જ્યાં રેલમછેલાં

પોષે સાગર અમીના ઉરથી, વળતર દેતુ અંતર ઉર વિશ
માઝા મીઠા મહેરામણ મૂક મા, પડશે પાછો સાતકાળો દુ‹

વર્ષા વીખાશે વીખ્યે વાદળી, વીખરાશે વીજળીના ચમ
ગાજ્યા ગગડયાં લજાશે દેશનાં, જાશે જયારે અવનિનો આ

(પટેલબંધુ.)

બિ

૫

"ભાભા અમે ભલે થયા રે."

(ઘેલા અમે ભલે થયાં રે—એ રાગ.)

ભાભા અમે ભલે થયા રે, ભાઈ! અમે ભોળા દીલ દરિયાવઃ
પ્રભુ પિતા, ને ધરતી મા, વીર ધોરી બહુ બળવત કહીએ,
શ્વાના જન સહુ છૈયાં છોકરડાં, શોભીએ સાચી સગાઈએ રે
—ભાભા૦

ખેતી અમારી પરણેત જેના પ્રેમ મહી આસક્ત રહીએ,
ભૂની સગડીઓ કે મેઘ તણી ઝડીઓ સ્હેતાં પણ તેને તો
ચહીએ રે—ભાભા૦

ખેતર બાપીકુ એ મોટી મ્હેલાત માની સંતોષે સુખ મહી રહીએ,
રાબ છાશ સ્હેજે જે આવી મળે તે હાશ કરી સ્વાદેથી
ખાઇએ રે—ભાભા૦

હળધરનું હળ-હમારૂં બળ જેહ વિના ન ડગ દૂર જઇએ,
શત્રુ જે કાળ તેનુ કાસળ કાઢી, અમે સેવાની ગંગ મહી
નાહીએ રે—ભાભા૦

ચાકરના ચાકર પણ ઠાકર સૌના અમે ભાખરના ભંડારી છઇએ,
જ્ઞાન તણી વાતો ન બુજીએ તથાપિ અમે પરમાર્થે સર્વસ્વ
દઇએ રે—ભાભા૦

કૃષ્ણાનુચર.

(પટેલબન્ધુ.) (પા. યુ. મંડળ.)

૬

'વરવહુ અમે.'

શિખરિણી.

જતાં'તાં સાંઝે જ્યાં, વરવહુ અમે ધાન્ય લણતાં,
ન જાણું જે શાથી, વરવહુ અમે તો લડી પડયાં,
લડયાં, રોયાં પાછાં, વરવહુ અમે આંસુ ચુમતાં,
હતા જેવાં તેવાં, વરવહુ અમે તો થઈ રહ્યાં

અરે કેવી મીઠી,
લડાઇ તે દીઠી,
કરે હૈયાં ખાલી,
અને આસુ ઢાળી,

હતું તેથી જ્યાદે પ્રણયી જનનું ઐક્ય જ કરે,
જ્યહાં આંસુ સાથે અધરરસ પીયૂષ જ ઝરે !
પછી પ્હોંચ્યાં જ્યારે વરવહુ અમે તે નદી તટ,
જ્યહાં સૂતું'તું જે ગત સમયમાં બાલક હતું;
ત્યહાં તેની નાની—

અરે! તેની નાની કબર કુમળીનીજ નિકટ,
થયું પાછું આંસુ અધરરસ પીયૂષ ઝરતું.

(કાવ્યમાધુર્ય.) બ. ક. ઠાકોર.

૭

'નાહોલીયાને.'

રાસડો.

સાથે તું લે વાલીડા સાથે તું લે મને,
નહી તો આ જીવડો જાય રે નાહોલીયા.

ચોરણો કડલગ વાલીડા માથે તો ફાળીયું,
દીલે કડીયું ને પગે જોડા નાહોલીયા

ધાભળો ઓઢયો વાલીડા સુવાળો ધાભળો,
ધાભળો ઓઢીને આવુ સાથ રે નાહોલીયા.

કુવાડી તે વાલીડા લાંબા હાથાની ખભે,
રાખી બહુ ડાળાં કાપવા નાહોલીયા.

પાવાને બોખ વાલીડા દોહવાને હાડલુ,
ખભે ટગાવ્યાં ભલાં દીપતાં નાહોલીયા.

લોઢું ચકમક વાલીડા ગુજામાં બીલડાં,
સામેરતું રૂ તમાકુ ફુંકવા નાહોલીયા.

ચીપીઆ સોયા વાલીડા કાંટાને કાઢવા,
પીળા ડોળાના કાળા રંગના નાહોલીયા.

લીધી તેં ડાંગ વાલીડા, લીધી કર ડાંગ જે,
કરતી ખડંગ કહું ચાલતાં નાહોલીયા.

છેડલે બાંધ્યા વાલીડા ડુંગળી ને રોટલા,
ચપટીઓ ભાંગ્યની સૂંધે નાહોલીયા.

બચ્ચાં ખભે વાલીડા વ્યાણુલ નવાં તે વળી,
ચાલે આગળ સહુ ટોળું નાહોલીયા.

સધાંઓને વાલીડા સાથે તું રાખતો,
વાકો કર્યા શા મને ના લે નાહોલીયા.

ડુંગરા પર તું વાલીડા ઘરમા હું એકલી,
બેએને જૂદાં રહેવુ એ ખોટું નાહોલીયા.

મેહુલો વરસે વાલીડા ગાજે ને ગડગડે,
વીજળી ચોપાસ બે લાગે નાહોલીયા.

એકલો જારે વાલીડા દુઃખી તુ થાય ને,
ઉચા રેહ આપણા જીવડા નાહોલીયા.

ધોલકી રૂડી વાલીડા ડાગો ધાબળાથી કરી,
માંહે રમીશુ ઉંકે રંગમાં નાહોલીયા.

હમણાં તો નથ વાલીડા છોરૂ કો આપણે,
છોરૂ થયેથી રહેવું ઘરમાં નાહોલીયા.

અબળાની હાંસ વાલીડા પૂરી તું પાડની,
ફરી ચોમાસું આવું નાવે નાહોલીયા.

ધણીએ ઓક વાલીડા ગામોને ગોંદરે,
દીઠી પણ ડુંગરા ન દીઠા નાહોલીયા.

જોવું રૂડું વાલીડા રૂડુ તુજ બોલવું,
ભમવું રૂડું ને રૂડું ગાવુ નાહોલીયા.

હાંકવું રૂડું વાલીડા રૂડું તે કાપવું,
રૂડું દોવું ને રૂડું ખાવું નાહોલીયા.

રાનો રૂડાં વાલીડા રૂડા તે ડુંગરા,
કે દી હું દેખુ પછી કેહની નાહોલીયા.

પાણી બહુ વેહ વાલીડા માટી ધોવાયરે,
લીલા ચારાને ચરે બકરાં નાહોલીયા.

સાથે ખાવા વાલીડા બેસીને રોટલા,
વચ્ચે તે દૂધ દોહી પીવા નાહોલીયા.

લાગું તુજ પાય વાલીડા લાગું તુજ પાયરે,
રાખો ચોમાસે મને સાથ રે નાહોલીયા.

નરમ દલ્લમાં વાલીડા આવે જો આંકડી,
સાથે લે રાંકડી છે, આખડી નાહોલીયા.

(નર્મકવિતા.) કવિ નર્મદાશંકર.

૯

નિંદલડી.

ગરબી.

પલંગમાં પોઢું હોંશે હું તળાઇ ઉંચી હાથ રે,
મચ્છરદાની બીછવું ફરતી જીવજંતુને ત્રાસ--તોયે નિંદ નહિ.

શાલ દુસા કીમતી ઓશીકાં રૂએલું પોચા સ્વચ્છ રે,
ગાલમશુરીઓં મખમલ રૂડાં મૂકું બન્ને પાસ—તોયે નિંદ નહિ.

ધન્ય ! જીવન એ ગોપતણાં છે, શૈયા ધરતી માત રે,
ચટાઈ કામળી જાડી તોયે, સૂતાં ઉંઘી જાય--મીઠી નિંદ મહીં !

મ્હેલ હવેલી કરતાં રૂડું, સુખ એ ઝુંપડી માંય રે,
ચાચડ માંકડ પીડે નહિ ને પવન તણી બહુ છૂટ—આવે નિંદલડી !

શહેરોનાં સુખ સત્ય નહિ એ સુખાભાસ જણાય રે,
રોગ ઘરોઘર, ચિંતા ને વળી વિષય વસે લખલૂટ—સુખ શું તેહ મહીં?

"નગર વસતા દેવો"ની એ, કહેણી આત્મવખાણ રે,
કુદરતી જ્યાં કૈ નામ મળે નહિ કૃત્રિમતાનું મૂળ—કયાંથી દૈવી એ ?

ખરેખરૂં છે ગામડું જ્યાંહી, મળતી કુદરત લ્હાણું રે,
જડતા જો કંઇ દૂર ખસે તો, સ્વર્ગ પછી છે ડૂલ--વસવા ત્યાં જઈએ.

ભૂમિપુત્ર.

(પટેલબન્ધુ.) (પા. યુ. મંડળ.)

૯

એક ઇચ્છા.

ઉર ઉત્કટ ઇચ્છાય, અમોને, ઉર ઉત્કટ ઇચ્છા યઃ
લીલોતરી ભરી ટેકરી સમીપે મઢૂલી શાન્ત સુહાય,
રસ લૂટતા રસીલા અલિકુલનાં ગુંજન કર્ણે જાય અમોને.

મુગ્ધ રસળતી સરિતાનાં મીઠલડાં જળ પિવાય,
આંબલીઆના ઉદરે હિંચતી કોકિલકંઠ ભરાય. અમોને.

અર્ગલવિણના મઢ્લીદ્વારે અતિથિ નિમંત્રાય,
હેતભર્યાં હૈયાં રસપાને તૃપ્ત બની લ્હેરાય અમોને.

પીબતા ઝાકળ જળને સૌરભ વેરંતાં ફૂલ,
વીટલી રમ્ય ઉટજની કુંજે ઝૂકી રહે મંજુલ. અમોને.

સાન્નિધ્યે મંદિરમાં ઘંટાના ઘેરા નિનાદ,
ભક્તિરસથી અંતર ભીંજવી દે અણુમૂલી યાદ. અમોને.

કૃષ્ણાનુચર.
(પા. યુ. મંડળ.)

૧૦

ખેડુતનું દેણું.

વસંતતિલકા.

પાડોશીની જમીન બાપનું બારસું ને
સીમ ત બાયડી તણુ નહિ પાછું આવે;
એવુ વદી મમતમાં ધર ખેડુ ઘાલે,
ને ભોય ભાડુ ધરબાર ગીરો મૂકે છે.

એ રીત એક ધન-હીન થયેલ ખેડુ,
માથે હજાર ત્રણ ચારતણુ ક દેવુ;
તે ખેડુતુ હતું કુટુંબ ઘણેરૂ મોટું,
ને ન્યાતમાં કુલીન તે ઘર તો ગણાતુ.

રસ્તે જતો પથિક ત્યાંહિ વિરામ લેતો,
મેમાન દેવ ગણી આદર ખેડુ દેતો;
એનો અને દીકરીઓ હતી ચાર પાંચ,
ને ભાણુજા વળી ઘરે કંઈ જુદી આશ.

બારોટ, બ્રાહ્મણ અને વળી અન્ય એવા,
ઇચ્છા સ્વ-આશ્રિત તણી પૂરવી વળી હા;
દુષ્કાળ હાય! પડીઓ વળી એટલામાં,
લાચાર તે થઇ ગયો નિજ પાક જાતાં.

વીતી ગયું વરસ એકજ દોહ્યલું એ,
કે કારણે મુદત ઋણતણી વહી છે;
પાછા ભરેલ રૂપીઆ મૂળથી વધુ કૈ,
તોયે ન દેણુ ઘટતું હજી ચોપડે તો.

હરિગીત.

શ્હેરી સગો કાબેલ, ખેડુને શિખામણ આપતો,
ના પાઈ દેતો એક પણ છો ન્યાય લેવા એ જતો;
રૂપીઆ નથી બાકી કંઈ દીધા ઘણા તેં મૂળથી,
ના ચાલશે એવું કદી, મુદત વીતી ગઈ છે વળી.

અનુષ્ટુપ્.

રહેવા દે હવે બાપુ, તારી શીખ નહિ રૂચે;
દરિદ્રી દ્રવ્યથી તોયે, ધર્મે હું ધનવાન છું.

ઉપજાતિ.

રસાતળે આ સઘળું જતું છો,
ભલે બને વ્યોમ ધરાથી એક;
મેરૂ ચળે પશ્ચિમ સૂર્ય ઉગે,
ડોસા તણો બોલ કદી ફરે શું ?

વીતી ગઈ મુદત ચોપડાની,
જૂઠો થયો ન્યાય અદાલતોથી;
શું વેણુ મારૂં કદી તેથી જાશે?
શું જૂઠની ઢાલ કદી અહારો ?

રે રે પ્રભુ શું મુજ દી ઉઠયો છે!
આ મિત્ર શી શીખ મને દીયે છે!
રક્ષો પ્રભુ એહ થકી હું યાચું,
સચ્ચાઇનો માર્ગ કદી ન ત્યાગું.

અનુષ્ટુપ્.

બાપીકાં ખેતરો મારાં, વ્હાલાં છે ઢોરઢાંખરાં;
પંડે વેચાઇનેયે હું, પતાવું દેણુ દોકડા.
આ દેહે ના વળે જો તે, માગું નવ જન્મે ફરી;
પ્રભુ દે યોગ એવો જે, ઋણબંધે છૂટું નકી.

ભૂમિપુત્ર.

(પા. યુ. મંડળ.)

૧૧.

કૃષિક–કીર્તિગાન. *

જય કૃષિક,
જય જય કૃષિક:
શીલવાન,
સદ્ગુણનિધાન.

ભલે કહે કંઈ મૂઢ લોક,
સાધતો તું કર્મયોગ;

* હીંદી કાવ્યનો અનુવાદ.

શીત ગ્રીષ્મ વર્ષા મહાન,
સહેતો સર્વ તું સમાન.

જય કૃષિક,
જય જય કૃષિક:
શીલવાન
સદ્‌ગુણનિધાન:

"કર્મના યોગ સંન્યાસ બન્ને શ્રેય કરે પરમ;
તેમાંયે કર્મનો યોગ કર્મસંન્યાસથી વધે."*

છે ગીતાનું ગૂઢ જ્ઞાન,
તેપેં વર્તતો સુજાણ;
ભૂતલ પર જે નર મહાન,
કરત તારૂં કીર્તિગાન:

જય કૃષિક
જય જય કૃષિક;
શીલવાન,
સદ્‌ગુણનિધાન:

કૃષ્ણાનુચર.
(પા. યુ મંડળ)

---

* ભ. ગી અ. ૫. શ્લો. ૨ (ભાષાન્તર ના. દ. કવિ)

ટીકા.

ગોપકાવ્યો=ગોપ–ગાયો પાળનાર–ભરવાડ, ખેડુત વગેરે પશુ પાળનાર જાતિ–તેમનાં જીવનને લગતાં કાવ્યો.

૧. 'ગોપકાવ્યો'ના આ પુસ્તકને બંધબેસતી ગોપપ્રભુ–શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાતરુત્થાનની (જગાડવાની) તેના અનન્ય ભક્ત અને ગુજરાતના આદિ કવિની પ્રાર્થનાથી મંગળાચરણ કરવામાં આવ્યું છે.

'હરિ...હાથિઓ'–મગરથી પકડાયલા, ને જળમા ડૂબતા હાથીની દીન પ્રાર્થના સાંભળી પ્રભુએ તેનો ઉદ્ધાર કર્યો હતો. (ગજેન્દ્રમોક્ષ.)'

૨. ઈશ્વર સ્તવન કર્યા પછી સુંદર, નિર્દોષ ગોપ જીવનના ચિત્ર સાથે નવા જીવનના પ્રકાશ પાડનારૂં આ આમન્ત્રણનું કાવ્ય છે. આ કાવ્યમા કુદરતની સાથે ગાઢ પરિચયમાં આવવાનો સંદેશો છે.

જગતના સ્થૂલ જીવનમાથી ઉંચે ઉડી દિવ્ય વિશુદ્ધ જીવનમા પ્રવેશ કરવાની ઉત્કટ ઇચ્છાથી સખાને નિમંત્રણ કર્યું છે. રસ–યમુનાને ઘાટ જઈ ત્યા જ્ઞાનગોષ્ઠિ કરી ઉંચા પ્રકારનો રસ ચાખી ત્યાના નીતરેલા અનુભવ અને જ્ઞાન જગત્‌મા બહોળે હાથે વહેંચવાની અભિલાષા ધ્વનિત થાય છે.

મીટ=નજર. વિશમે=વિરમે. વાજો=વગાડજો–સાગરના ઘોષ જેવી ગંભીર અને ચેતન સ્ફુરાવનારી વાણી ઉતારજો હેડા લાવજો=સ્નેહ લાવજો

૪. ગામડાના ખેડુતોની તળપદી ભાષામાં લખાયલા આ, અને તેની પછીનાં ૫,૬ કાવ્યમા તેમની પરોણાચાકરી કરવાની સામગ્રીઓનું યથાર્થ દર્શન થાય છે.

જાહક=મસ, ઘણું. ઝી=ઘી. છીસડો=ખીચડો. હેરડે=સ્હેડે. દાડી દાડી=દરરોજ.

૬. છાંટો–ઘીનો. સંસેક=સેકેલા. તાંદુલ=ચોખા. કાંગ=એક પ્રકારનું હલકી જાતનું ધાન્ય.

વિપ્ર=સુદામો. કરમાબાઈ-મારવાડની એક ભક્તાણી જેને ત્યાં જગન્નાથજી દરરોજ રાત્રે કૂર ખાવા જતા કૂર=રાંધેલા ચોખા. પાંચકણી=જાર, બાજરી ઘઉં, કોદરા, વગેરે પાંચ જાતનાં અનાજ ભેળી તેના લોટની બનાવેલી પૂરી. એકજ જાતના જોઈએ તેટલા દાણા નહિ મળવાથી જુદી જુદી જાતના ધાન્ય મિશ્ર કરી તેના રોટલા બનાવી ગરીબગુરબા ખાય છે.

૭ હેળવી=માયા લગાડી. ધુમેર=ધુમસ જેવી, રાખોડીઆ રંગની રોર=નેતરાં. આહેર=આહિર, ગોપ.

૯. અનેરી=જુદીજ, ઓરજ. વિલસે=વિલાસમાં રહે. જીવન સરિતા જીવનરૂપી નદી. સૈચારી=સાથે સાથે. કથા=ફાટીતુટી ગોદડી. ઓર=જુદોજ લગની=લ્હે, ધૂન.

૧૧ કામના=ઇચ્છા. અંગુલિ=આંગળી. આતિથ્ય=પરોણાગત. દાના=ઉદાર. ધૂલિ=ધૂળ. હૃદયઔદાર્ય=મનની મોટાઈ. સ્વલ્પ=થોડું સિંધુ=સમુદ્ર. અંજલિ=પોષ, ખોબો

'સ્વલ્પમાં..... અંજલિમાં'-થોડું કરેલું ઘણું કરી માનવાનો ભાવ આ લીટીમાં બહુ સુન્દર રીતે અપાયો છે.

૧૩ આ કાવ્યમા પતિમા ઉત્સાહ જગાડનારી તથા પારમાર્થિક ઉચ્ચ જીવનમા દોરનારી સદ્ગુણી સ્ત્રી માનસસૃષ્ટિના ઉચ્ચ પ્રદેશમા જઈ નીતિ, પ્રેમ, ને સત્કર્મની દિવ્ય સુવાસ લેવા પતિને પ્રેરે છે.

વિરલ=મોઘા. પલ્લવે=ફોરે, સુવાસ આપે

૧૪ આ કાવ્યમા ગોપજીવનની સાથે સંસારીઓનું વિશુદ્ધ જીવન સુંદર રીતે ઘટાવવામા આવ્યું છે

પનઘાટ=પાણીનો ઘાટ-ઓવારો. નવલી=નવી.

'સંસાર ઉપવનમા ...ગાજે'-સંસાર રૂપી બગીચાની ઘર રૂપી કુંજોમાં જ્યા કર્તવ્ય રૂપી ગાય અમૃત જેવું દૂધ આપે છે ત્યાં પ્રીતિ વડે પવિત્ર અને રમણીય થયેલા કુટુમ્બમાં પતિની આજ્ઞારૂપી વાંસળીના ધ્વનિને સતી સ્ત્રી અનુસરે છે.

૧૫. ઢળકે=નમી પડે, ઢળી પડે. ઉષાની=મળસ્કાની. યૌવનની શરૂઆતનો અહીં ધ્વનિ છે. પ્રતિસૂર=સામોસૂર, પડઘો. ધણ=ગોવાળું, ગાય ભેંસનું ટોળું.

રવિનાં પગલાં—પ્રભાતનાં ગાય ઢોર છુટે ને ચરવા જાય તેનાં પગલાં પડતા જાય તેની સાથે સૂર્ય પણ ઉગીને જાણે પોતાનાં પગલા પાડતો જાય છે.

નવરંગ=નવા નવા રંગ. બળશે ધરતી=પૃથ્વી બળશે. (પછી સૂર્ય ઘણો ચઢી જશે ને વેળા વહી જશે. એ પંક્તિમાંનો ધ્વનિ સમજાય એવો છે) અ. ફ. ખબરદાર.

૧૭ સમોવડી=સરખી. પુષ્પમતી=ફૂલોવાળી પલ્લવકુંજોમાં=પાંદડાની ઘટાઓમાં. તરૂમાલા=વૃક્ષોની હાર ગંધવતી=પૃથ્વી.

૧૮ 'પીચકારીના કેસુ જેવા'-ગોરસમા હળદર ભેળવાથી તેનો રંગ પીચકારીમાં ભરી મારવામા આવતા કેસુડાના રંગ જેવો થાય છે.

ઓરજ=જુદોજ ભાવ મીટમીટ=નજરે નજર ઓજસ્=તેજ, પ્રભાવ.

૧૯ ગોવાસી=પૃથ્વીવાસી, ગોપ મંજુ=સુન્દર હૈયાના હીર=હૃદયનો પ્રેમ. ક્ષીર=દૂધ, પાણી. ભૂસાર્યાં=ભોયપર વેર્યા

૨૧ અનિલ=પવન ગ્લાનિગ્રસ્ત=શોકથી ભરેલું નૂતન=નવું. વ્યોમમા=આકાશમા. લલિતલલના=સુંદર સ્ત્રી સ્મિત સલૂણું=મીઠું હાસ્ય ગ્લાનિતિમિર=શોક રૂપી અંધાર. વલ્લભા=સ્ત્રી. નગરગૃહ=શહેરમાં આવેલું ઘર.

૨૨ ધણ=ગાય ભેંસનું ટોળું સરવરિયાપરનો=સરોવરપરનો. રાયકો=ગોવાળ. પલ્લવ=પાંદડાં. લીલુંત=ન્હાહ ચતરંગ વાંસળી=એક જાતની વાંસળી.

'જો ! જો ! ઘેરા...માનવી'-જેમ ગોવાળ પોતાનાં છુટા છવાયા ચરતાં ઢોરને વાંસળી વગાડી એકઠા કરી ઘર તરફ લઇ જાય છે, તેવી રીતે પ્રભુ પણ જગતના મનુષ્યોને પોતાના તરફ આકર્ષવાને માટે નિરન્તર આદેશ કરી રહ્યો છે. જેમ ઢોર પોતાના પાલક ભરવાડની સંજ્ઞા સમજે છે, અને તર-

તજ તેના તરફ દોડી જાય છે, તેમ આપણે પણ ઈશ્વરનો આદેશ સમજી તે પ્રમાણે આચરણ કરવું જોઇએ.

ભાલકમલ=કમળ જેવું કપાળ. સૌભાગ્યસુધા=સૌભાગ્યરૂપી અમૃત.

૨૩. લેલીન=ચકચૂર. ઋતુરાય=વસંત ઋતુ. સુરરવ=દિવ્ય નાદ. જનપૂર=માણસોનું ટોળુ. પ્રણય=પ્રેમ. લવે=ગાય. અભિરામ=સુંદર. અભિનવ=નવી, કુમળી. ઉરઅરવિન્દ=હૃદયરૂપી કમળ. સુધા=અમૃત. અનિલ=પવન. કિરણાવલિ=કિરણનો સમૂહ. ઉરરવ=હૃદયનું ગીત. નંદન=પુત્ર. મનસદને=મનરૂપી ઘરમાં. મનુષ્યખી=માણસરૂપી પક્ષી. સુરઝરણુ=સ્વર્ગની નદી.

૨૪. આ કાવ્યમા ગોવાળના ઘરને ગોકુળ જેવું ગણ્યું છે, અને ગોવાળની દિનચર્યા-ગાયો ચરાવવી વગેરે વર્ણવી છે. ગોવાળ પ્રભુના આદેશને પામી જઈને પવિત્ર કુદરતી જીવન ગુજારી પોતાના આગણાને વૃંદાવન જેવું બનાવે છે, અને તે જગજીવન-ગોપાલને અનુરૂપ જીવન ગુજારતો હોવાથી તેનો સાથી છે, તેથી તેનું જીવન કૃતાર્થ છે, એમ બતાવાયુ છે.

ગોપાગના=ગોવાળની સ્ત્રી. ગેબી=અદૃશ્ય. નભ=આકાશ ભયો=થયો.

૨૬ અરિષ્ટો=સંકટો, ઉપદ્રવો. ઉછરંગે=ઉત્સાહે. નવલવસને=નવા વસ્ત્રમાં. રોહિણી=બળરામની માતા યમુનાપુલિન=યમુનાનો રેતીનો કિનારો. વિટપ=ઝાડની ડાળી.

૨૮ બલિવર્દબળ=બળદનું જોર. જલદબળ=વાદળાંનું જોર. પરવા=દરકાર. ઔદાર્ય=ઉદારતા.

૩૧ રા. સ્નેહજ્યોતિએ પોતાના કાવ્યમા ખેડુજીવનનું એક સ્વરૂપ –સુંદર સરળ સ્વરૂપ વર્ણવ્યું છે. વ્હેતા જતા કાળમા એ સ્વરૂપનું કેવું રમણીય અને આશ્વાસનજનક સ્થાન હતુ તે દર્શાવ્યું છે અર્વાચીન પરિસ્થિતિથી એ ચિત્રને તદ્દન નિર્લેપ રાખવામાં આવ્યું છે. એ લલિત ચિત્રનો એક રંગ અર્વાચીન જીવનવ્યવહારમાં હાનિકારક ન નીવડે માટે

પ્રસ્તાવનામાં ટીકા કરવામાં આવી છે. એ ટીકાથી રા. સ્નેહજ્યોતિના મનોહર કવિત્વમાં ક્ષતિ નહિ આવશે એવી આશા છે.

ર. વા.

ગારે'=છાણમાટી વડે. ગોરમટી=ધોળી, પીળી માટી. આભલા સમ=આરસી જેવી. ઓશરી=અડાળી. ફળી=ફળીઉં. વંડી=ઘરની ફરતી કોટજેવી ભીત સાંઠી=કપાસની કરાંઠી. કડબ=જારના દણુસલા વિનાના કાપેલા સૂકા છોડ. ટાંકલા સમ=ટાંકા જેવુ ચોકખું.

'ને ડોશી. લોટ આપે'—સવારમા બ્રાહ્મણો વારતિથિ કહેવા-નિમિત્તે આવે છે, તેને લોટ આપવાનો રિવાજ છે. કળશીએક=સોળેક. સાથી=બારેમાસ ખેતરમા કામ કરવાને રાખેલો માણસ ઘેરો=ટોળું.

બજર= તપખીર. " માજી હતા.. દાત દેતા "—ઘણા લોકો દાતે તપખીર ઘસે છે તપખીરને કાઠિઆવાડમા બજર કહે છે.

ચીધી=બતાવી કામમશે=કામ માટે.

" માડી અરે. ...ખેડનુ કામ ભૂલે." હાલના ભણેલાઓ શ્રમની મહત્તા નહિ સમજતા તેનાથી કટાળે છે, ને સુખનો પણ શ્રમ આપનારો ધધો મુકી દઇ દસ પદર રૂપિઆની કારકુનીમા કગાલ જીદગી ગાળવાનું પસદ કરતા જોવામા આવતા મહેનતનો રોટલો મેળવી સુખે રહેનાર ખેડુતને ભણતર પ્રતિ અભાવ થાય એ સ્વાભાવિક છે 'માડી'—વૃદ્ધ માણસો નાનાને 'બાપુ,' 'બા,' 'બેટા' એવા શબ્દોથી સબોધે છે, તેમ અહી 'માડી' વપરાયો છે.

ખેતર કોર=ખેતર તરફ. ચીંધ્યુ =બતાવ્યું. વયા=દૈયા, હીડા, એક જાતના પંખી. તગડશે=હાંકી કાઢશે. ગરશે=દાખલ થશે.

તકે=વખતે. ધાન=અનાજ ખાડ=માઠો, આશરા પડતો.

"ખેડુતનું ભણવું...હળ જોડવાનું." આ લીટીઓ ભણેલા કણબીઓએ ખરી કરી આપી છે.

'એ રોટલોજ.. પ્રભુને' સાથે સરખાવો-કાવ્ય ન ૩૦ ની નીચેની લીટીઓ.

"કરતો મહેનત ને કમાતો હુ છું સ્વાશ્રયી રે,

સાંજે છૈયા ને કુટુંબી મળીને સાથ,

કરતાં વાતો પીતાં છાશ અને ભડકી રૂડીરે." ભૂમિપુત્ર.

ભાત=ભાથુ. દાડિયો=રોજી દો મજુર. લળીલળી=નમીનમી.

"મા ! ઢોર.. હોય છેરે" ગામડાની ડોસી પાઇ પૈસો લુગડાને છેડે બાધી રાખે છે, ને ઢોર ચરાવવા લઈ જનાર છોકરો પાઈ માગતા તે છોડી આપે છે એ ચિત્ર બહુજ સ્વાભાવિક છે.

ગોળી=છાશ તાણવાની દહીંપૂરી=દહી નાખી. શિરાવ્યુ=ખાધુ સવારના નારતાને શિરામણ કહે છે. લીલીવાડી=છૈયા છોકરાથી ઉભરાતું કુંટુબ. એન=ઠીક. કાઠિઆવાડમા 'ઠીક છે' એમ કહેવાને ઠેકાણે 'એન છે' એવો પ્રયોગ કરાય છે.

'સંતોષશુ...છાયા'-સંસારતાપથી તપેલાને સતોષ એક છાયા સમાન છે. 'ભૂલ્યો હું સર્વ મહીં ડુબાવે,'-અજ્ઞાની જેવી જણાતી ડોશીની શીખવા જેવી જ્ઞાનની વાત સાભળી લેખક પોતાને ભણેલો છતા જે ખરૂ શીખવાનુ છે તે ભૂલેલો માને છે, અને જ્ઞાની કોને કહેવુ અને અજ્ઞાની કોને કહેવું તે વિષે શંકાશીલ થઇ ઇશ્વરની યાચના કરે છે કે કા તો મને ડોશીની દૃષ્ટિથી જોતો બનાવે અથવા તો મારીજ દૃષ્ટિને સત્ય સુખનું દર્શન કરાવે.

આ પક્તિઓ સાથે સરખાવો કાવ્ય નબર ૫૮ ની નીચેની લીટીઓ

"અજ્ઞાત જ્ઞાનથી તારા, પણ એ જ્ઞાન દેવીરે !

બોધે છે શુ મહાસત્ય, સહેજે બાળક શાસ્ત્રીને"

હા. હી. ચારણીયા.

૩૨. હોળ=હળ. "લીલોતરી ...જનછેરે"-ખેતર ખોડવાથીજ પાક સારા થાય છે ને તેથી માણસોના નૂર અને શૂર વધે છે

વર=માગ્યુ. ટનન=ટન, ૫૬ મણ તારા પૂજારી=ખેડુતો. દહેરા=ખેતરો. તરેતરે=જાતજાતની. આસન-પૃથ્વીરૂપી.

૩૩ પય=દૂધ. જોતરાય=જોડાય.

૩૮. પુરાણ પૂર્વજ=જુના વડવાઓ. કૃષિ=ખેતી. ફિલ્સુફી=તત્ત્વ-જ્ઞાન. રાની=જંગલી. અનાર્ય=નહિ સુધરેલા, જંગલી. પુનિત=પવિત્ર. કલુષિત=પાપી. શિથિલ=ઢીલા.

'શ્હેરોને સ્હેરી રોગોને વગેરે'—આ સાથે શ્હેરી જીવન માટે તિરસ્કાર બતાવનાર નીચેની લીટીઓ સરખાવો.

... .. "Rank abundance breeds
In gross and pampered cities sloth and lust
And wantonness and gluttonous excess."
(Cowper.)

આવરણ=પડ, ઢાંકણ. પરી=દૂર, વેગળી. શાશ્વત=હમેશ. લોચન=આંખ. 'ખાતર-બીજ...વગેરે—રાસાયનિક ખાતરો, અનાજનાં બીજો, પાકને અનુકૂળ ઋતુઓ, ચારાઓ અને જુદી જુદી જાતની જમીનના ગુણદોષ કે જે ખરા ખેડુતોએ જાણવાની અગત્ય છે તે જાણો.

નદીઓ સાધો. વગેરે-સાયન્સ (વિજ્ઞાન)ની મદદથી ખેતી ખીલવવાનો આ અને એની પછીની કડીઓનો આદેશ છે.

સમુદ્રવારિ=દરિયાનું પાણી મિષ્ટ=મીઠું મૈત્રિ=દોસ્તી ખનિજ-સૃષ્ટિ=ધાતુની ખાણો. વાયુચક્ર=પવનનો વેગ. આધીન=તાબે. વ્યાઘ્ર=વાઘ. વ્યાળ=સાપ. જોજન=ચાર ગાઉ, વિસ્મિત=ચકિત. નવિનયુગ=નવો જમાનો.

૩૭. ઝવારા=ડાંગરના તરુ-છોડ ચડોળ=એકજાતનું કાળા રંગનું મધુર અવાજ કાઢતું પક્ષી. ચિયોચિયો=ચિ ચવાનો અવાજ. ચિંચવો=ઉભુ લાકડું દાટી તેની ઉપર આડું લાકડું મૂકી તેને બે છેડે શીકાં બાંધી જેમાં છોકરાઓને બેસાડી ફેરવવામાં આવે છે તે. ચવે=બોલે. હરિયાળી=લીલી. સળીઓ-ડાંગરની.

૩૮. લણણી=કાતરણી

'આજ મીઠી છે કડવી કાલ '-જે કામ આજે કરી શકીએ એમ હોય તે કાલ ઉપર મુલતવી રાખવાથી વખતે બગડી જાય અને પસ્તાવો થાય. માટે આજને મીઠી ને કાલને કડવી કહી આજનું કામ આજે કરી નાખવાનો બોધ છે. સરખાવો:-

"મીઠડી આજની રાતડી, કડવી આવતી કાલ."

લલિત.

"Don't put off till to-morrow what should be done to-day."

૩૯. સૌમ્ય=શાંત. ભરભાંખરે=મોટે મળસ્કે, પરોઢમાં. સત્વભરેલ=કસવાળા. ઘરની ઘંટીમા દળેલા લોટમાથી મીલમાં દળયલા લોટની પેઠે કસ ઉડી જવા પામતો નથી, તેથી તેનો બનાવેલો રોટલો વધારે સ્વાદીષ્ટ લાગે છે એવો ભાવ છે.

૪૦ ગામડામા પોકની ઉજાણીએ જવાનો પ્રથા ખાસ કરીને સુરત જીલ્લામા વિશેષ છે બાજરી અને ઘઉના પોંક કરતા જુવારના પોકની લ્હેજત ઓરજ છે, અને તેથી મોસમમા દૂરના શહેરોમાથી પણ સેંકડો માણસો પોકની ઉજાણીએ ઉતરી આવે છે, અને એક દિવસ પણ ખેડુ જીવન મોટા આનંદ સાથે અનુભવે છે. તેવા એક પ્રસગનું આ કાવ્યમાં વર્ણન છે.

હેયા=એક જાતના પંખી,હીડા, જેને કાઠિયાવાડ તરફ ' વયા " કહે છે. અંગેઠી=પોક પાડવાની ચૂલ-ભઠ્ઠી સરકુ=કાંટાઉપાડવાનું લાકડાનું ખોડીબારા જેવુ સાધન. ભીટુ=કાટાનો જથો. બીલું=ર ભરવા અ ગર્ભને ખણી કાઢેલુ બીલીનુ ફળ. કફ=શીમળાના ઝાડનું રૂ. અસલની પદ્ધતિ પ્રમાણે કેટલેક ઠેકાણે ખેડુતો હજી ચકમકથી દેવતા પાડે છે કફ ઝટ સળગી જાય એવો હોવાથી તેમા વપરાય છે, તેનું આમાં સૂચન છે. ઓધાસ=ઢોરને ખાતા રહેલું ચુંથાયલું ઘાસ. પાંતરી=જુવારના છોડની સુકી પાંદડી. ઘુપલી=બાવળ વગેરેના છોડ-બાટવાં. ' અંગેઠી સાંગરતી '=બાવળના લીલા છોડવા સુકા કાટા સાથે બાળવા થી અંગેઠી સાંગરે છે–દેવતા ઘણીવાર ટકી રહે છે.

ચોળી (ક્રિયા.)-કર્મ અંગેઠી. અંગેઠી ચોળી=દેવતા કચર્યો. ડાંડીયો કીધો=અંગેઠીનો દેવતા જારના લીલા ડાંડીઆથી તળે ઉપર કીધો.

'ઘડી પજરવા દીધી.'–અંગારા પૂરેપૂરા તપી રહે અને કેવળ ઉની ઉની રાખજ રહે કે જેથી દાણા બળી જવા નહિ પામતાં સારી રીતે સેકાય તેટલા માટે ડાડીઓ દેવા પછી થોડો વખત અગેઠીને એમને એમ તપવા દેવામાં આવે છે.

ઓડળ=ઉંડળ, બાથ ચપટી સાઠી વગેરે–જારની જાતો.

પખારીને=સાફ કરીને. થયા=સેકાયા 'ખોળી. પછી'–ખાઢીની-હોટીની પીછોડીમા સેકાયલા પોકીઆ ઘાલી ડાંડીઆથી પોક પાડયો.

'સાઠીતણો. બહુ વાયડી' આ લીટીઓમા જુદી જુદી જાતના પોંકનો સમય અને ગુણદોષનું વર્ણન છે.

આમ્રછાયા=આંબાની છાયા અળગી=છેક ઉપર પાણીવાળી.

૪૧. કલ્પવૃક્ષ=ઇચ્છેલી વસ્તુ આપનાર સ્વર્ગનુ ઝાડ

ધોરી=બળદ. 'વિશ્વપતિથી હળપતિ' વગેરે–વિશ્વપતિથી ઉતરતો ને રાજાનો સમોવડીઓ હોવા છતા ખેડુત ડાહ્યો છે તેથીજ કર જોડીને ઉભો રહે છે કર=હાથ હોડે=ઓડે, ધરે. જાચવા=માગવા. મહિપત=ખેડુત. 'ધર્મ ધરતી ધરનારો,–ધર્મ અને પૃથ્વીનુ પાલન કરનાર.

છત્રપતિ=રાજા. જરપત=નાણાવટી તે મહિપતિ અને છત્રપતિ જેટલી છત-સમૃદ્ધિવાળો નહિ તેથી છોટો–નાનો. કણ-બી=અનાજનું બી.

સોય=(૧) તે. (૨) નક્કી.

કદાપીને જો કણ જશે વગેરે–આની સાથે સરખાવો

.. ..." But a bold peasantry their country's pride;
When once destroyed can never be supplied.

(Goldsmith.)

સૃષ્ટા=સૃષ્ટિ પેદા કરનાર

"ઉપાડો ભાર અવનિતણો" વગેરે પંક્તિઓમાં "ભાલા" કે જે તિરસ્કારસૂચક શબ્દ તરીકે રૂઢ થઈ ગયો છે તેનો ખરો અર્થ-પૃથ્વીનો ભાર

ઉપાડનાર અને પોતે પાલનકર્ત્તા હોવાથી રાજા વગેરેનો પણ મા-પિતા સમાન કહી શકાય તેથી ભાભા-ઘટાવવામાં કવિએ બેશક ચાતુર્યજ વાપર્યું છે. સરખાવો–

"સર્વે પહેલા અવતર્યાં, સૌની પૂઠે જાય,
ભાવ્યો સૌના મન વિષે, 'ભાભો' તે કહેવાય."

કવિ શામળ.

નવેનિધિ=નવ ભંડાર-પદ્મ, મહાપદ્મ, શંખ, મકર, (મગર) કચ્છપ, (કાચબો) મુકુંદ, કુંદ, નીલ ને ખર્વ. એમાના કેટલાક કીમતી મણી છે. એ નિધિઓ સજીવારોપણે કુબેરની સેવામા રહે છે. (નર્મકથાકોષ.)

બાહુબળ=હાથના જોરવાળો. વારિ=પાણી. વક્કર=ભારબોજ.

નેટ=નક્કી.

૪૨ જશમા ઓડણ-સિદ્ધરાજે પાટણમા સહસ્રલિંગ તળાવ બંધાવવા માળવા દેશથી કુશળ અને મજબુત ઓડ જાતના મજુરો બોલાવ્યાં હતાં. જશમા તેમાંની એક હતી. તેનું સૌન્દર્ય જોઇ રાજા મોહિત થયો ને તેને પોતાની રાણી બનાવવા હરેક રીતે પ્રયત્ન કીધા, પણ પતિવ્રતા જશમાએ કશાથી નહિ ડગતાં સિદ્ધરાજની ઈચ્છા સફળ થવા દીધી નહિ, અને પોતાના સ્વામીને સહુ વૃત્તાંત કહી, અહીં રહેવુ સલામત નહિ જાણી રાતો રાત જવા નીકળી. સિદ્ધરાજે તેમને પકડવા ઘોડેસ્વાર મોકલ્યા ઓડ લોકોને તેમની સાથે ઝપાઝપી થઈ ને તેમાં જશમાનો પતિ ઘણો ઘવાયો. આથી પોતાનું વ્રત સાચવવા "હું તો મારા પતિ પહેલાં સ્વર્ગમાં જાઉં છું, તું મને કંઈ પણ નુકસાન કરી શકયો નથી, પણ હુ તને શાપ દઉં છુ કે તારા આ સહસ્રલિંગ તળાવમાં પાણી રહેશે નહિ" એમ કહી ખંજર ભોકી મરણ પામી.

ગરવી=ગૌરવવાળી. માળવી=માળવા પ્રાન્તની. પળુ=ટોપલી વારણે=ઓવારણે=દુખડા લેવા તે. નીઠે=જાય. નાખ=રોફ, ભભકો. કળે=જાણે સુર=અવાજ. સહોદર=ભાઇ, બેન. હય=ઘોડા. આછા=બારીક. નૃપ=રાજા. દંપતી=ધણી ધણીઆણી.

૪૩ અંગ્રેજી રાજ્ય પહેલા જમીન મહેસુલ ઉઘરાવવાની જે પદ્ધતિ હતી અને તેથી ખેડુતોને જે સંકટ સહન કરવાં પડતાં તેનું કરૂણરસથી આમા વર્ણન કરવામાં આવ્યું છે.

અમથી=અમારાથી. મેહુડો=વરસાદ. શરવડે=માવઠે. થોડો થોડો આ-વીને રહી જાય એવી રીતે

સીમમા=ખેતરમા રાબનો પાક=શિઆળુ પાક. સમા=બરાબર, ઠીક. બ ધી=મહેસુલ સટિએ=છટકીએ કર=મહેસુલ.

૪૪. અગ્નિજવાળ=ઉનાળાના તાપની લૂ.

તપસી=તપસ્વી ઘોર=ભય કર. વીજો=વીજળીઓ.

૪૫. શીતકાળ=શિયાળો. આહિર=ભરવાડ. ગાડરા=મેઢાં, ઘેટાં. અજા-જૂથ=બકરાંના ટોળાં. કળાધારી=મોર પાયગા=ઘોડેસ્વારની ટુકડી. પલાણ ચાતી=કૂચ કરતી.

ક્ષેત્રો=ખેતરો. ક્ષેત્રપતિ=ખેડુત. ક્ષેત્રોત્સવે=કાર્તિક સુદિ બીજના દીવસે કે જે વખતે ખેડુતો ખેતરમા જઈ વડાપૂરી વગેરે ખાઇ ઉત્સવ કરે છે. લૂણ=મીઠું. ખણી=ખોદી.

'ખાડો ખણી' વગેરે-કાપણી વગેરે પહેલા ખેતરમા મીઠું નાખવાથી પાક મીઠાની પેઠે ઉતરે એવી ખેડુતોની માન્યતા હોવાથી ભાઈબીજને દિવસે ખેતરમાં મીઠાની કુલડી દાટી આવે છે.

૪૬. ઉલસે=ઉલ્લાસે, આનદે. પેટપીડા=ભૂખનું દુઃખ. પય=દૂધ. શુષ્કતરુ=સૂકાં ઝાડ આનંદતો=ખુશી થતો. અવાસે=માળામા. પ્રમુદી= હર્ષપામી.

ક્ષેત્રાંકી=ચાસનારાઓ. ચિત્રાકીઓ=ચિતારાઓ. હોળધારી=બળદ. પાગ= પગ. અંકુશ-એડે=પરાણાના ગોદાથી. પોઈસ=ખસીને ઉભો રહે. અંકુ-રી=ફુટી. સમાન્તરી=સરખે અન્તરે આવેલા. ભલેરા=ભલા. સુડે=ખેડયા વગરની પડતર જમીનમાં. તારુણી=જુવાન સ્ત્રી. સિશુ=બાળક. મગ્ન પ્રેમચેષ્ટા=પ્રેમચેષ્ટાવાળા. ક્ષેત્રીસમૂહ=ખેડુતોનો સમૂહ.

૪૭. ઑસ્ટ્રિયાના એક મનોહર રમ્ય સ્થળનું આ કાવ્યમાં વર્ણન છે.

ઉપવન=વાડી. ગિરિકાનન=પર્વત અને વન. ક્ષેત્ર=ખેતર. આનન=મુખ. સુરેખ=લાઈનબંધ. લતા=વેલ. વલય=ગોળ. અલેખ=વર્ણવી ન શકાય એવા સુખણ્ડ=સારી રીતે ભાગ પાડેલા. રતિપ્રદ=આનંદ આપનાર. ગજ=હાથી. સ્કન્ધે=ગિરિની ખાંધપર. વનરાજિ=વનમાંના વૃક્ષોની હાર સર્વત્રિકી=સર્વ સ્થળે વ્યાપેલી. તનુજ=છોકરાં.

૪૮. આ કાવ્યમા વપરાયલા આફ્રિકામા બોલાતી સ્વાહીલી ભાષાના શબ્દોની યાદી —

ગોલા=Natives of Africa.-આફ્રિકાના મૂળ વતનીઓ. મદાફ=લીલાં નાળીએર. વનીલો=એક જાતનુ સુગંધી ઝાડ. જેની શીંગોમાથી વનીલાનુ અત્તર કાઢવામા આવે છે તે શીગોને ચ્હામા નાખી ઉકાળવાથી ચ્હાની ખૂબી ઓર વધે છે મચુંગા=મોસમ્બીક લીંબુની જાત.

વિનાયક.

ઉપવન=બાગ. અલિરવ=ભ્રમરનુ ગુંજન. કુંજ=વૃક્ષ અને વેલીઓની ઘટા. નવલ=નવા નીંદ=ઉંઘ. અંગુલીડાળીઓને=ડાળીઓરૂપી આગળીઓને. દ્રુમો=ઝાડો અવનવી=વિચિત્ર. તૃષિત=તરસ્યો. પથિક=મુસાફર. અનગળ=નર્યાં, પુષ્કળ. પાદપો=વૃક્ષો આલીંગી=બાઝી.

વાણી અતિક્રાન્ત છે=વાણીથી વર્ણવી નહિ શકાય એવુ છે.

૪૯. પરિચિત=જાણીતી. પૂર્વનિવાસ=પહેલાનુ ઠેકાણુ.

મત્ત=માતેલી. મંજુલ=સુંદર. નિચુલ=એક જાતનુ ઝાડ. અવભાસ=આભાસ, દેખાવ મેઘમાલ=વાદળાની હાર શ્યામ=કાળુ. પ્રસ્રવણ=પાણીનો ધોધ મિત્રવિયુક્ત=મિત્રથી વિયોગ પામેલો ગૃધ્રરાજ=જટાયુ. કે જે સીતાના બચાવ માટે તેને હરી જતા રાવણ સાથે યુદ્ધ કરી મૃત્યુ પામ્યો હતો. પર્ણકુટી=પાંદડાંથી છાયેલી ઝુંપડી. શ્યામતરુશ્રીભાસ=કાળાં ઝાડની શોભાનું પ્રતિબિંબ. ખગ=પક્ષી. વનાન્ત=વનનો છેડો, આખું વન.

૫૦. કુંજગલી=ઘટાઓથી ઢંકાયલો સાંકડો રસ્તો. નીલઅભ્ર-કાળાં વાદળાં. ગણ્ડો=ટોળાં. મંદવાહી=ધીમો આવતો. કર્ણાનંદદાયી=કાનને આનંદ આપનાર શીકર=જળના છાંટા. હરિત=લીલાં. સ્થાયી=હંમેશાં. ધવલહાર=ધોળી હાર.

૫૧. નિર્ઝર=ઝરણું. અભ્ર=વાદળું. ઉત્સંગ=ખોળો. આયુર્વર્ધક=આયુષ્ય વધારનાર. આવેશ=ગુસ્સો. સતત=હંમેશાં. ઐહિક=આ દુનીઆને લગતાં. 'સન્માર્ગે જે ચાલે તેને' વ૦ વ૦—જેઓને આ દુનીઆના સુખની કંઈ પણ કિંમત નથી તેવાઓને આ અમારી પર્ણકુટી બોધ આપે છે કે જેઓ સન્માર્ગે ચાલે છે તેને આ દુનીઆમાંજ સ્વર્ગ છે.

૫૨. સરિતા=નદી. કુસુમ=ફૂલ. રમ્ય પ્રબંધ=સુંદર રચના. 'મુનીગુણ ...પીવાયછે'-મુનિઓના સદ્ગુણરૂપી ફળ અને પુષ્પથી જ્યાં આત્માનુ પોષણ થાય છે-આત્મા ઉન્નત થાય છે, અને બોધરૂપી નદીનું અમૃત જેવુ જળ પીવાય છે.

શાન્તિનો રસનિધિ=શાન્તિના રસનો ભંડાર. ભવબંધન=સંસારનાં બંધન. કૃપાનિધાન=કૃપાના સાગર.

૫૩ વૈખાનસ=તપસી. અતિથિપૂજન=પરોણાની સેવાચાકરી. છતે એમ=એમ છતાં.

૫૪ ધર્મધેનુ=ધર્મરૂપી ગાય અમિધાર=અમૃતની સેર. શ્રીસ્વામિનીજી=શ્રીરાધાજી સોહાલા=શોભિતા. નીરે=નાખે. કાલિંદી=યમુનાનદી. વિલોલ=ચંચળ. નન્દનન્દન=નંદના પુત્ર, કૃષ્ણ

૫૫ નિર્ગમિએ=ગાળીએ, સલૂણું=મનોહર કાન્તિવાળું. કુટિલતા=લુચ્ચાઈ.

૫૬ સુરખી=લાલાશ, રતાશ નભ=આકાશ. અનિલ=પવન. શુક=પોપટ કૃષિવલોના=ખેડુતોના કમલવત=કમળ જેવા. કર=કિરણ. તૃષા=તરસ. ઉભીને=ઉભો રહીને. ધરા=પૃથ્વી. મિષ્ટ=મીઠો. મુજ ભાગ=મારો હિસ્સો-મહેસુલ.

૫૭ અટૂલી=નિરાધાર. સુખસુધા=સુખનુ અમૃત. કનકવરણુ=સોનાના રંગવાળું. લઘુ=ન્હાનો. નદીમાથે=નદી તટે, શૈશવ=બાળપણ. પ્રભાના=પ્રકાશના. કર=હાથ યુવાલેતો=જુવાની પામતો. પ્રીતિતરુ=પ્રીતિરૂપી વૃક્ષ. ફૂલ-બાળક. સુરવાટિકા=દેવની વાડી.

૫૮ ભગવાન બુદ્ધના જીવનચરિત્રમાં મોટામા મોટો બનાવ હોય, તો તેની સુજાતા સાથની મુલાકાત હતી. પોતાના અસંસ્કારી આત્માને લઇને બુદ્ધે સંસારનો ત્યાગ કર્યો. સુજાતાએ તેને સંસાર સેવા શીખવી, Practical asceticism નો મંત્ર આપ્યો આમ બુદ્ધને સત્ય પ્રેરનાર તો સુજાતાજ હતી. (હા. હી. ચા)

મંજુલા=સુંદર. લલિતલય=સુન્દર રાગ દર્શસૂઝે=દર્શન થાય. ગોઠડી=ખાનગી વાત. 'લખ્યું છે શાસ્ત્રોમાં,' વ૦-માથાપર જેટલા વાળ હોય તેટલા ક્રોડ વર્ષ સુધી સતી થનાર સ્ત્રીને સ્વર્ગ મળે છે, એવી માન્યતા સ્ત્રીઓમા પ્રચલિત છે અજ્ઞાત-જ્ઞાનથી=છુપા રહેલા જ્ઞાનથી. પુષ્પ, પંખીડાં એ શબ્દો સુજાતાના સંબોધન અર્થે વપરાયા છે.

૫૯ અંગ્રેજકવિ ગોલ્ડસ્મિથના Hermit નામના કાવ્યનુ આ ભાષાંતર છે. એના પ્રથમના કેટલાક ભાગનુ ભાષાંતર સ્વ૦ સા૦ ગોવર્ધનરામે સરસ્વતીચંદ્રને માટે કીધેલું અને બાકીના ભાગનુ રા નરહરિલાલ ત્ર્યંબકલાલે કીધું છે

'વાધું હું ત્યાં વધે વનવાટ'='થાકયાના ગાઉ'ની પેઠે વનનો રસ્તો વધતો જાય છે. નિશંક=શંકા વગર. અક્ષય=ખૂટે નહિ તેવુ. 'મન મનનું ખોળી લે છે દુખ' સાથે સરખાવો; मन एव मनुष्याणा कारण बंधमोक्षयो. ।

નિશાકુસુમ=રાત્રિરૂપી ફૂલ. દાંત=દુ.ખ વગેરે ધૈર્યથી ખમનાર. જોગીતું વિશેષણ છે. મેળે=ઠેકાણે તોરી=તમરાં. માર્જાર=બિલાડી. ઓછું આવ્યું=માઠું લાગ્યું ભુરકાય=અંજાય

સુરલોક=દેવલોક. વ્હાણે=સવારમાં. નિર્વિકાર=વિકાર—મનના મેલ વગરના. અઢળક=ઘણોજ. વડેરી=મોટી. નિશો હેમનો=પૈસાનો મદ.

નેહે=સ્નેહે, પ્રીતે. અહંતાન=હુંપદ. સુવર્ણ=સોનુ-ધન. સરસિજ= કમળ. જળઝાકળશી=ઝાકળના પાણી જેવી-ચોખ્ખી. સીઝે=શેકાય. મામ=ધૈર્ય. ગ્રામ=ગામ. હરિશરણ પામ્યો=સ્વર્ગવાસી થયો. પ્રાણ=(૧) પતિ (૨) જીવ ભુજયત્રે=બાથથી. કલાન્ત=થાકેલી. મેધાવિની=બુદ્ધિશાળી પ્રમદા=સ્ત્રી. ગાત્ર=શરીર.

૬૦ "લાંબી રાત...કરે"-શિયાળાની લાંબી રાત વાત થકી ટુંકી કરે છે-વીતાડે છે.

આતુર=અધીરા. આર્ત=કરૂણાળ. બિયાબા=જંગલ. 'થયા તેજ-હીણા' વગેરે-આંખનુ નૂર ઘટયુ. થીજી=ઠરી હુંફ=ગરમી શિથિલ= થાકેલો પ્રમોદ્યો=ખુશી થયો. કરચલીયુત=કરચલીવાળા. અકથ=કહી શકાય નહિ એવો. વિરામી=અટકી.

૬૧ સરમા=સરોવરમાં. તપ્ત=તપેલા ફીણની લેખા=ફીણની હાર. શીળી=ઠંડી. નભમાં=આકાશમા. મંદા=ધીમી ગતિથી. તારક=તારા.

૬૨ વ્યથ=પીડા. વાપીનુ=વાવનું. ભોજ્ય=ઉપભોગના પદાર્થો. રાગમા=પ્રીતિમા મલકાઈને=ખુશી થઇને. શોણિતે=લોહીએ.

'નહિ શોણિતે વૈભવ ચણ્યો' સાથે સરખાવો—'તમારા રાજદ્વારોના ખૂની ભપકા નથી ગમતા'. કલાપી.

કો'ડ=ઢોર બાંધવાની જગ્યા. અરિની=દુશ્મનની ભીતિમા=બીકમાં. કાલની=આવતા દિવસની. મહાકાલ=મૃત્યુ. ધરા=પૃથ્વી. દમેછે=પીડે છે. વસુંધરા=પૃથ્વી. સાધ્ય=મેળવી શકાય એવો. 'કર પાય ચક્ષુ કાનને' વગેરે હાથ, પગ, આંખ, કાન અને ભાન વગેરેથી કરવાનાં કામ રાજા જાતે ન કરતા પારકા પાસે કરાવે છે માટે દાસ કરતા તે અધમ છે એમ કહ્યુ છે.

"મો'શો ન ઝગઝગ દેખતા"=ઉજળું જોઇને ભરમાશો નહિ.

દીન=ગરીબ. તૃષ્ણા=ઈચ્છા. શક્ર=ઇંદ્ર. "સંતોષ સુરતરુ માનજો= સંતોષને સ્વર્ગલોકનુ વૃક્ષ-કલ્પવૃક્ષ સમાન માનજો.

૬૩ વાસના=ઈચ્છા. પુષ્પવાસના=ફૂલની સુગંધ. સત્ત્વ=સૃષ્ટિનાં તત્ત્વો. નીરસ=રસ વિનાના કુટિલ=અસભ્ય અનાહત=વગર વગાડયાં. સ્વાદુ=મીઠા.

'કિલકિલ બોલી' વગેરે-કિલકિલ બોલી આનંદમા આમ તેમ વેગથી ફેરે છે.

પારાવત=કબૂતર. પ્રતિહાર=છડીદાર. વ્યાઘ્ર-વાઘ. હસ્તીનાં નિવહ=હાથીનાં ટોળા નિરર્ગલ=પ્રતિબંધ વિના. દીર્ઘલઘુ=મોટા નાંના. આલક્ષી=સંબોધી. તાંડવ=એક જાતનું નૃત્ય. સમીર=પવન

સલિલ=પાણી અંબર=વસ્ત્ર. રક્ત=રાતુ સમીસાંઝ અને અરુણોદય સમયનો આકાશનો રતાશવાળો દેખાવ, તે રૂપી વસ્ત્ર.

રજની=રાત, 'ચાંદી તણું' વગેરે-ચંદની ધોળી માટે ચાંદીનુ અને ઉગતા સૂર્યનાં કિરણ પીળાશ પડતા માટે સોનાનુ બીછાનુ કહ્યુ છે.

કોષાધિપ=ખજાનચી. સૈનિકો દ્વાદશ માસ=બાર મહીનારૂપી યોદ્ધાઓ. શાતરુ જી-લીલા ઘાસરૂપી. સુર=દેવ (ઇંદ્ર.) પ્રચંડતર=અતિ ઉગ્ર-આકરો. કરારે=નિરાંતે અનન્ય=એકલો.

આ કાવ્ય સાથે પ્રેમાનંદના નળાખ્યાનમાના માનસી રાજ્યની નીચેની કડીઓ સરખાવો —

"જઇને સેવ્યુ પર્વત શૃંગ, તળે વહે છે નિર્મળ ગંગ,
શલ્યાનું કીધુ આસન, પાદડાનુ કીધુ છત્ર રાજન.
માનસી રાજ્ય માડયુ વનતણું, કોકિલા ગાન કરે છે ઘણું,
આ મૃગ તે અશ્વ મારે કારણે, દ્રુમ પ્રતિહાર ઉભા બારણે.
ભુંડ હસ્તી પૃથ્વી પરજંગ, એ રાજ ક્રમે ન પામે ભંગ,
કો લુંટી લેવા આવી નવ ચડે, ઉઘાડે બાર ખાતર નવ પડે."

૬૪. સરિત=નદી ચારુ=સુંદર વગથી=જુક્તિબંધ. યદિ=જો. સુરભિમય=સુગંધીમય. ગિરિમાળ=પર્વતની હાર. પાદથી=પગથી. શિલા=પત્થર. અંજલિ=ખોબો.

૬૫. કુરંગો=હરણાં. આવાસ=રહેઠાણ વ્યોમ=આકાશ. ભવ્યત્વ=ભવ્યતા. અનહદનાદ=પ્રાણસાધનાથકી 'સોહમ્ સોહમ્'–તે હું, તે હું–એવા અર્થની શબ્દધ્વનિ ગેબી=તાજુબી ભરેલા. ઓલીયા=ભોળીઆ. ઈશ્વરના પ્રેમમાં તલ્લીન થઇ ગાંડા જેવા થએલા, પાગલ. ખલક=દુનીઆ અલખનાં ભૂતો=નિરાકાર પ્રભુને ઉપાસનાર જીવો અભેદાનંદ=એકતાનો આનંદ.

આ કાવ્યની ૧ લી અને ૨ જી કડીઓને નીચેની લીટીઓ સાથે સરખાવો —

કુરંગો જ્યાં કૂદે ભોળાં, પરિન્દાના ઉડે ટોળાં;
કબૂતર ઘૂઘવે છે જ્યાં, અમારા મ્હેલ ઉભા ત્યાં,

વહે છે ખેત નદીઓ જ્યાં, ગઝલ દરખત રહ્યા ગાતા. કલાપી.

૬૬ વિરલા=કોઈકજ. સંકેત=ઈચ્છા. 'જેમાં વૈભવ શરીર શોભા' વગેરે—જે સાદા જીવનમાં વૈભવ અને શરીર શોભા માટે નહિ પણ મનની ઉત્તમતા કેળવવા માટેજ બધા યત્નો કરાય છે.

સાધુ=ચારિત્ર્યવાળો. 'સાદું જીવન સકળ સાધુજન' વગેરે સાથે સરખાવો —परोपकाराय सता विभूतय ઉચાટ=ફીકર સંગી=સોબતી. પીયૂષ–હૃદય= અમૃતલાલનું-લેખકનું હૃદય કે જે સાદું કે વૈભવી એકે જીવન અનુભવી શકતું નથી, પણ વચમાંજ ગોથાં ખાય છે.

૬૭ આ કાવ્ય અંગ્રેજ કવિ પોપના Solitude નામના કાવ્યનો અનુવાદ છે.

અનેરાં=જૂદાંજ પ્રકારના. ગાડર=ઘેટાં પ્રતિરાત્રિ=દરેક રાતે. નિદિધ્યાસન=ફરી ફરીને વિચારવું તે. સ્મિત=ધીમું હસવું તે. અજ્ઞાત=અપ્રસિદ્ધ. ગોદે=સોડમાં. ચખભર=(આંસુ) ભરી આંખ.

૬૮ નિર્લેપ=અલગ. આધિ=મનનું દુ ખ. ઉપાધિ=જંજાળ. વમળ-વિણુ નીરના જેવું=સ્થિર પાણી જેવુ. ચરાચર=જડ અને ચેતન. હરિયાળા=લીલા. પર્ણો=પાંદડાં. કૂજન=કોયલના સાદ. ઉવેખું=તરછોડુ. તાને=લગનીમાં.

૬૯. હીર=રેશમ. ચીર=વસ્ત્ર કન્થા=ફાટીતૂટી ગોદડી. ક્ષણિક=પરપોટા જેવુ.

૭૦ સાતીડુ=હળ. દયો મયો બે બળદીઆ=દયા અને મયા- મહેરરૂપી બે બળદ સત પરાણો=સત્યરૂપી પરાણો. ગુડા=ગુડવુ તે, કાળસ કાઢવું તે. ઢાળવા=કાપવા, લણવા.

૭૧ ગોપરાણી=ગોવાલણ ઉણી=અધૂરી. કપિ=વાંદરો.

૭૨ વટલોઇ=તાબડી ઠામ=વાસણ.

૭૩ ખેડુતો, ગોવાળો, રબારીઓ વગેરેની પરોણા ચાકરીની બરાબરી કરી શકે એવી કોઇ જાતિ નહિ હોય મહેમાનો ઉપરની તેમની પ્રીતિ, મહેમાનગીરી કરવાનો અમૂલો લાભ વારવાર મળે માટે પુન પુનઃ પધારવા તેમને આગ્રહ કરાવે છે.

સરળ અ ત કરણની ને ખરી પ્રીતિની લાગણીથી ઉભરાતુ આ કાવ્ય ગોપ-જીવન અનુભવનાર કરતાં બીજા કોને વધારે બ ધ બેસ્તુ થાય?

સદન=ઘર, સદૈવ=હમેશા. ઉન્નત=ઉંચા. ગિરિશૃંગ=પર્વતની ટોચ. શુશ્રૂષા=સેવા ચાકરી. લલિત=સુદર.

પરિશિષ્ટ.

૧. હળધર=બળરામ. સિ ચાણી, બગલી, વગેરે-ગાયોની જાત.

૨. પમરાટ=સુગંધ, સુવાસ. આલમ=દુનીઆ ઉરમુકુલ=હૃદયરૂપી કળી. મનુજ=માણસ.

હીંગલોકીયા=રાતા રંગના. ખુલા=ખુલ્લા. ઝોકડુ=ઘેટાનું ટોળુ બોકડુ=બકરૂં ગામગોંદરે=ગામને પાદરે-ભાગોળે.

ટકારમું=ઓરપાડ તાલુકાનુ ગામ. નભુવડે=નભુલાલ કવિ વડે, નભુલાલ ઓરપાડમાં રહેતા હતા તેને મળવા નર્મદાશંકર ગયેલા.

૪. 'પૂરોનાં પૂર છલ્યાં' વગેરે=બહાદુર ખેડુતની ખરી મહેનતનું દ્રવ્ય વરસે છે, તે દ્રવ્યના પૂરના પૂર રેલાતા જાય છે.

સાયર=સાગર 'પોષે સાગર અમીના ઉરથી' એમા સાગર=રાજા કે રાજ્યસત્તા મહેરામણ=સમુદ્ર. વીજળીના ચમકાર-ઊંચા હુન્નર કારીગરી. ગાજ્યાં-ગગડયાં=વેપાર રોજગારની છોળ અને મોજશોખના સાધનો. વિહારી.

૫. હળધરનું હળ વગેરે હળધર એટલે બળરામ, કૃષ્ણના મોટાભાઈ નું આયુધ હળ હતું, અને તેજ હળ ખેડુતનું બળ છે. તેની જીવનદોરી છે.

૬ અધર રસ=ઓઠનો રસ પીયૂષ=અમૃત.

૭ નાહોલીયાને=નાવલીઆને, પ્રીતમને. કડલગ=કેડ લગી.

કડીયું-કેડયું=બદન. બોખ=કુવામાથી પાણી કાઢવાની ચામડાની ડોલ. બીલડા=બીલા, જેમા ચકમકનો દેવતા સળગાવવા સામેર-શીમળાનુ રૂ ભરવામાં આવે છે. કર-કરમા=હાથમાં. ભાંગ્ય=તપખીર. વ્યાણલ=વિઆયેલાં ઘોલકી=ઘૂઘટી, ખોલી. નથ=નથી. ઝોક=બકરા ઘેટાનું ટોળુ, અથવા ભરવાડો બકરા ઘેટાને જે વાડામા રાખે છે તે. દલ્લ=દીલ. આકડી=ખટક. આખડી=બાધા, સોગન.

૮ સુખાભાસ=સુખનો ખોટો દેખાવ

૯ આ કાવ્ય અગ્રેજી કવિ Rogers ના "A wish" નામના કાવ્યનો કૈંક અનુવાદ છે.

ઉત્કટ=પ્રબળ. અલિકુલ=ભમરાનુ ટોળું. મુગ્ધ રસળતી સરિતા=શરમની મારી મુગ્ધા સ્ત્રીની પેઠે લપાતી છુપાતી આમ તેમ વહેતી નદી. 'આંબલિયાના ઉદરે વગેરે'-આંબાની ઘટામા બેસી હીચકા ખાતી કોયલ ટહૂકે અર્ગલવિણના=આગળા વિનાના. સૌરભ=સુગંધી. ઊટજની=મઢુલીની. મંજુલ=સુન્દર. સાન્નિધ્યે=નજદીકમાં. ઘેરા નિનાદ=ગંભીર અવાજ.

૧૦ સ્વ-આશ્રિત=પોતાને આશરે રહેલા. ઋણ=દેવું. ધરા=પૃથ્વી.

૧૧. કૃષિકા=ખેડૂત. શીલવાન=સદાચારી. સદ્ગુણ નિધાન=સદ્ગુણનો ભંડાર. શ્રેય=કલ્યાણ. પરમ્=ઘણું. તેપેં=તે પ્રમાણે.

કાવ્યક્રમ પ્રથમ પંક્તિવાર.